ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 13 Date : 16-03-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૭) |
| પ્રવીણ જ. પટેલ | ૦૪ | સોક્રેટિસ ઉવાચ-૭ : પ્રખર હિંદુત્વવાદી અને સોક્રેટિસ વચ્ચેનો વધુ એક કાલ્પનિક સંવાદ |
| હરસિદ્ધ જોષી | ૦૮ | પ્રાચીન જ્ઞાન વિશે શ્રીઅરવિંદ – ભાગ ૨ |
| પ્રીતિ શાહ | ૧૧ | અનાથ બનેલા જગતના તાતની મદદે |
| રજની દવે | ૧૨ | ગ્લોબલ વૉર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો - ૨૫ |
| માલિની સુબ્રમણ્યમ | ૧૫ | બસ્તર એન્કાઉન્ટરના વણઉકલ્યા પ્રશ્નો |
| હેમન્તકુમાર શાહ | ૧૮ | જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ - ભાગ : ૨ |
| સાયરા-વલી | ૨૨ | મગનભાઈ પટેલને શ્રદ્ધાંજલિ |
| નાનકભાઈ ભટ્ટ | ૨૩ | ઇતિહાસનું મૂલ્યાંકન વર્તમાનથી કરવું અયોગ્ય છે |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ઋણબદ્ધ |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.13 1930 Date : 16-03-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
ભૂમિપુત્ર
माता भूमिः पुत्रो अहं पृथिव्याः

# મનને જાણીએ (૭)

❍ વિનોબા ❍

## ચિત્તશુદ્ધિ : વિવિધ

⁕ જે સમાજમાં ચિત્તશુદ્ધિના સતત પ્રયોગ ચાલતા હોય છે તે સમાજમાં મહાપુરુષો પેદા થતા રહે છે. વળી બધા મહાપુરુષો એ જ કહેતા હોય છે કે બધા ધર્મોનો સાર માત્ર હૃદયશુદ્ધિ છે. સૌથી શ્રેષ્ઠ વસ્તુ હોય તો તે ચિત્તશુદ્ધિ છે.

⁕ આપણે આપણાં ઘરોમાં મહાપુરુષોની તસ્વીર રાખતા હોઈએ છીએ. આમાં મુખ્ય વસ્તુ તે ચિત્રોની નથી, પરંતુ આપણી માનસિક શુદ્ધિની છે. આ પ્રકારનાં ચિત્રોની સ્થાપના કરવાનો ઉદ્દેશ્ય પણ એ હોય છે કે જેને જોવાથી માણસને સ્ફૂર્તિનો અનુભવ આવે. મૂર્તિઓ તો ગુણોને યાદ કરીને પોતાની ચિત્તશુદ્ધિ કરવા માટે બનાવાય છે.

⁕ ઈશ્વર એ તો શબ્દશક્તિથી પર છે. ચિંતનશક્તિથી પણ પર છે. આપણે ચિંતન કે શબ્દો દ્વારા પરમેશ્વરનું ઉત્તમ વર્ણન કે ગ્રહણ કરી શકતા નથી, તેમ છતાં પણ તેના દ્વારા આપણા ચિત્તની શુદ્ધિ થાય છે. આ લાભ આપણને મળે છે.

⁕ चित्त शुद्ध तरी शत्रु मित्र होती – ચિત્ત જો શુદ્ધ હોય તો શત્રુ પણ મિત્ર થઈ જાય છે. આપણે આ મંત્ર અનુસાર દરરોજ અને પ્રત્યેક ક્ષણે ચિત્તશુદ્ધિની સાધના કરવી જોઈએ. અને એમ કરીશું ત્યારે આ મંત્રનો અનુભવ થશે. નહીંતર આ મંત્ર કલ્પનામાં રહી જશે. તુકારામ કહે છે કે આ ચિત્તશુદ્ધિ અત્યંત સૂક્ષ્મ હોય છે. આપણને પોતાના સંતાનને જોવાથી પ્રેમ થાય છે એવો જ પ્રેમ બીજાનાં સંતાનોને જોવાથી ન થતો હોય, તો સમજી લેવું કે આપણને ચિત્તશુદ્ધિ થઈ નથી. તુકારામે એટલે જ પોતીકા-પારકાના ભેદને મટાડી દેવાને જ ચિત્તશુદ્ધિની કસોટી માની છે.

⁕ પ્રશ્ન : ચિત્તશુદ્ધિ માટે અમારે શું કરવું ?

બાબા : આપણે મટી જઈએ, પોતાને ભૂલી જઈએ અને સમાજમાં એકલીન થઈ જઈએ. આપણી સાથે જે સમાજ છે, તે સમાજની આપણે સેવા કરવાની છે. આ સેવા કરતાં કરતાં વચ્ચે આપણા રાગ-દ્વેષ, મત્સર વગેરે આવી ગયા છે. તેને દૂર કરવા માટે આપણે આ વિચારીએ કે આપણે છીએ જ નહીં, બસ કેવળ સમાજ જ છે.

⁕ પ્રશ્ન : ચિત્તશુદ્ધિ થઈ શકતી નથી. સાથે રહેવાથી બીજાના દોષદર્શન શા માટે થાય છે, તે સમજાતું નથી.

બાબા : લોહચુંબક લોઢાને, નિજધર્મીને શોધે છે, ખેંચે છે. તમારા ચિત્તમાં જો કામ હશે તો બીજામાં રહેલ થોડા કામને પણ તે વધારે માનશે. તમારા ચિત્તમાં જો ક્રોધ હશે, તો બીજાનો થોડો ક્રોધ પણ વધારે લાગશે. એટલા માટે ચિત્તશુદ્ધિમાં સૌથી પહેલાં પોતાની જાતનું શમન કરવાનું છે.

⁕ પ્રશ્ન : ચિત્તશુદ્ધિની વ્યાવહારિક પ્રક્રિયા કેવી હોય ?

બાબા : આપણે આત્મપરીક્ષણ કરતા રહેવું જોઈએ. એના પર ધ્યાન આપવું જોઈએ. થઈ ગયેલ ભૂલનું પુનરાવર્તન ન થાય તેવો નિશ્ચય કરીને પરમાત્માને અર્પણ કરી દેવું જાઈએ. આપણે જે રીતે કોઈ પણ કામ કરીએ છીએ ત્યારે દરેક ડગલે કદમ ઉઠાવતા પહેલાં બરાબર ચકાસીએ છીએ, એવી રીતે આપણે આપણા મનની ગતિના પ્રત્યેક કદમને સતત સતર્કતાથી જોતા રહીએ અને નામ-સ્મરણ કરીએ.

⁕ પ્રશ્ન : ચિત્તશુદ્ધિની જેટલી અસર પડે છે એટલી અસર ક્રિયાશીલતાની પડશે ?

બાબા : અસર થાય કે ન થાય. અશુદ્ધ ચિત્ત જ અસર નાખવાનું વિચારે છે.

⁕ જેમનું ચિત્ત શુદ્ધ નથી, તેમને અંતર્યામી દેખાશે નહીં. ચિત્ત શુદ્ધ બને છે ત્યારે તે શક્તિસંપન્ન થાય છે અને આ પ્રકારનું ચિત્ત વસ્તુ (બ્રહ્મ) પ્રાપ્તિનું કામ કરાવશે.

⁕ આધ્યાત્મિક ક્ષેત્ર જ એક એવું ક્ષેત્ર છે, જ્યાં માણસને ચિત્ત-શુદ્ધિપૂર્વક વિશ્વાનુભૂતિ થાય છે, માણસના રાગ-દ્વેષો પૂર્ણરૂપથી ક્ષય પામે છે, એનું ચિત્ત અત્યંત પ્રસન્ન, નિર્મળ અને સ્વચ્છ થઈ જાય છે. આત્મામાં જે નિર્મળતા રહેલી હોય છે એનું સગુણ દર્શન એના ચિત્ત દ્વારા અન્ય લોકોને થાય છે. આ અધ્યાત્મ-વિદ્યાનું સ્વરૂપ છે.

⁕ ગીતાની મુખ્યદૃષ્ટિ એ ચિત્તશુદ્ધિની છે. ગીતા કહે છે કે સમાજની અને વ્યક્તિની ચિત્તશુદ્ધિ અહીં થઈ જવી જોઈએ.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

या चि जन्में येणें चि काळें – આ જ જન્મે એ, આ દુનિયાનો અનુભવ થઈ જવો જોઈએ. ઉધારનો તો પ્રશ્ન જ નથી.

⁕ આજે આપણા સમાજની સામે સામાજિક ચિત્તશુદ્ધિનું, અને ચિત્તને ઉત્તરોત્તર ઉન્નત બનાવવાનું બહુ મોટું કામ પડ્યું છે. સમાજનું ચિત્ત જો કલુષિત રહ્યું તો અનેક પ્રકારનું અનારોગ્ય સમાજમાં ફેલાશે. અને તેથી જ સમાજનું આ બહુ મોટું કર્તવ્ય બની જાય છે કે સામાજિક ચિત્તશુદ્ધિ સતત ચાલતી રહેવી જોઈએ.

⁕ માણસના ચિત્તમાં સત્ત્વગુણ પેદા થાય છે – चित्ते सत्त्वो तपतौ – ત્યારે જ્ઞાનનો, બોધનો, तडिदिव – વીજળીના ચમકારા જેવો ઉદય થાય છે. માણસ માટે આ જ્ઞાન, બોધ એ સ્થિર થઈ જવો જોઈએ. અને આ ત્યારે સ્થિર થશે, જ્યારે માણસનું ચિત્ત શુદ્ધ હશે. આનો મતલબ એ કે વીજળીના ચમકારા જેવું દર્શન થયા પછી પણ ચિત્ત શુદ્ધ કરવાનો કાર્યક્રમ ચાલુ રાખવો.

⁕ અનેક જન્મોના સંસ્કારોને લીધે ચિત્તશુદ્ધિ એકદમ તરત નથી થતી. તુલસીદાસજી કહે છે चिद्‌विलास जग – આ જગત એ તો ચૈતન્યનો વિલાસ છે. આ જગત પરમાત્મમય છે. આ વસ્તુને માણસ એકદમ નહીં સમજી શકે, પણ ધીમે ધીમે સમજતા-સમજતા એ સમજશે – बूझत बूझत बूझै । શરત એટલી કે આપણે ક્યારેય પ્રયત્નો ન છોડવા.

⁕ આપણે બીજાના દોષને જોવા નહીં, કેવળ આપણા જ દોષ જોતાં જોતાં, એમાં સુધારો કરીએ અને આપણા ચિત્તને શુદ્ધ કરતા રહીએ. આપણે ચોક્કસ ભગવાનના પ્રિય બનીશું, જ્યારે તેની કૃપા અવતરશે – શરત એટલી જ કે આપણે સતત ચિત્તશુદ્ધિના પ્રયત્ન કરતા જ રહીએ.

⁕ કાર્યકર્તા એવું સમજે કે પોતાના કામને ચિત્તશુદ્ધિ સિવાય બીજી કોઈ વસ્તુની જરૂર નથી. અને તે કાર્યકર્તા સતત પોતાના ચિત્તને શુદ્ધ કરવાના પ્રયત્ન કરતો રહે.

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૭) |
| પ્રવીણ જ. પટેલ | ૪ | સોક્રેટિસ ઉવાચ-૭ |
| હરસિદ્ધ જોષી | ૮ | પ્રાચીન જ્ઞાન વિશે શ્રીઅરવિંદ – ભાગ ૨ |
| પ્રીતિ શાહ | ૧૧ | અનાથ બનેલા જગતના તાતની મદદે |
| રજની દવે | ૧૨ | ગ્લોબલ વોર્મિંગ – લેખ – ૨૫ |
| માલિની સુબ્રમણ્યમ | ૧૫ | બસ્તર એન્કાઉન્ટરના વણ ઊકલ્યા પ્રશ્નો |
| હેમન્તકુમાર શાહ | ૧૮ | જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ- ભાગ : ૨ |
| સાયરા-વલી | ૨૨ | મગનભાઈ પટેલને શ્રદ્ધાંજલિ |
| ડૉ. નાનાકભાઈ ભટ્ટ | ૨૩ | ઇતિહાસનું મૂલ્યાંકન |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ઋણબદ્ધ |


⁕ સાધક ચિત્તશુદ્ધિ માટે ફળત્યાગ કરશે, જ્યારે સિદ્ધનો ફળત્યાગ થાય છે, એની પરિતૃપ્તિને લીધે.

⁕ મનશુદ્ધિના હેતુસર કરવામાં આવેલ સ્નાનથી શરીરની શુદ્ધિ થઈ જાય છે. પણ શરીરની શુદ્ધિના હેતુસર કરવામાં આવેલ આરોગ્ય-સ્નાનથી મનશુદ્ધિ થાય જ છે એવું કહી શકાતું નથી.

⁕ આપણા સમાજમાં સ્વૈરાચાર અને અસંયમ ખૂબ વધી રહ્યાં છે. શું નાટક કે શું સિનેમા અને શું સાહિત્ય વગેરે એટલાં બધાં ગંદાં છે ! આ હાલતમાં ચિત્તને શુદ્ધ રાખવું – સ્વચ્છ રાખવું મુશ્કેલ થઈ જાય છે.

⁕ કોઈ પણ માણસ પોતાના સ્થાને રહીને આખી દુનિયાની સેવા કરી શકે છે, બસ શરત એટલી જ કે તે માણસ ચિત્તશુદ્ધિપૂર્વક તેની આસપાસ રહેનારા લોકોની સેવામાં રત થઈ જાય.

⁕ આપણાથી પ્રત્યક્ષ ક્રિયા જેટલી-જેટલી થતી જાય, તેટલી-તેટલી તેને ભગવાનને અર્પણ કરીને મનની પુષ્ટિ મેળવતા રહીએ. ફળને છોડવાનું નથી, પણ એને ભગવાનને અર્પી દઈએ. અને આ તો શું પણ આપણા મનમાં જન્મનાર અનેકાનેક વાસનાઓ અને કામ-ક્રોધાદિ વિકાર પણ પરમેશ્વરને અર્પણ કરી તેમાંથી છુટ્ટી મેળવવાની છે. તુકારામ કહે છે : काम-क्रोध आम्हीं वाहिले विठ्ठलीं – મેં કામ-ક્રોધ પ્રભુનાં ચરણોમાં અર્પણ કરી દીધા છે.

⁕ શુદ્ધિ જેટલી વધશે, શક્તિ પણ એટલી વધશે.

## ચિત્તની એકાગ્રતા

કોઈ પણ કામ કરવા માટે ચિત્તની એકાગ્રતા જરૂરી છે. આ કામ પછી વ્યવહારનું હોય કે પરમાર્થનું હોય – ચિત્તની એકાગ્રતા વગર તે કામમાં સફળતા મળવી અઘરી છે.

એકાગ્રતા માટે શું કરવું જોઈએ ? ભગવાન ગીતામાં કહે છે – આત્માને મનમાં સ્થિર કરો. બીજું કંઈ જ ચિંતન ન કરો – न किंचिदपि चिंतयेत् ।

પરંતુ આ વસ્તુ કઈ રીતે સધાય ? આપણી બહાર આ જે અપરંપાર સંસાર છે, જે આપણા મનમાં ઠાંસોઠાંસ ભરેલો છે, તેને બંધ કર્યા વગર એકાગ્રતા સાધવી અશક્ય છે. આપણે પણ આપણા આત્માની અપાર જ્ઞાનશક્તિને બહારની ક્ષુદ્ર-તુચ્છ વસ્તુઓમાં ખર્ચી નાંખીએ છીએ – જે ન થવું જોઈએ. આપણા મનની દોટ પણ સતત બહારની તરફ રહેવાથી માણસની ઘણી બધી શક્તિ વેડફાઈ જાય છે. કોઈ પણ પ્રકારની વ્યવસ્થા, નિયંત્રણશક્તિ માણસના હાથમાં રહેતી નથી. માટે મનની બેઠક બદલ્યા વગર એકાગ્રતા સંભવે નહીં. મનની બેઠક શુદ્ધ હોવી જોઈએ. કેવળ આસન જમાવીને બેસવાથી એકાગ્રતા પ્રાપ્ત થતી નથી. એના માટે આપણા સઘળા વ્યવહારો શુદ્ધ હોવા જોઈએ. અને વ્યવહાર શુદ્ધ કરવા માટે તેના આશયો – ઉદ્દેશ્ય વગેરે બદલવા જોઈએ. આપણો વ્યવહાર પણ આપણા વ્યક્તિગત લાભ મેળવવા માટે, કે આપણી વાસનાને સંતોષવા માટે, અથવા બહારની વાતો માટે ન હોવો જોઈએ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વ્યવહાર ભલે ગમે તે હોય, પણ તેની સફળતા કે અસફળતા એ તો તમારી એકાગ્રતા પર જ આધારિત હોય છે. તમે કોઈ પણ ક્ષેત્ર જુઓ – વ્યાપાર ક્ષેત્ર હોય, વ્યવહાર, શાસ્ત્ર-શોધન, રાજનીતિ, કૂટનીતિ હોય – આમાં જે કંઈ સફળતા મળેલી દેખાય છે, તે જે-તે ક્ષેત્રમાં કામ કરનાર માણસોના ચિત્તની એકાગ્રતા અનુસાર મળશે.

આપણને ચિત્તની એકાગ્રતા લાવવામાં મદદરૂપ થાય છે, જીવનની પરિમિતતા. આપણું પ્રત્યેક કામ માપસરનું હોવું જોઈએ. જીવનની તમામેતમામ ક્રિયાઓમાં ગણિતશાસ્ત્રનું આ રહસ્ય આવી જવું જોઈએ. જેવી રીતે આપણે ઔષધિ માપેલી માત્રા મુજબ લઈએ છીએ, એવી જ રીતે આપણા આહાર અને ઊંઘ પણ માપસર લેવાવાં જોઈએ. જીવનના બધા જ વ્યવહારો વ્યવસ્થિત પ્રમાણમાં માપેલા હોવા જોઈએ. આપણે આપણી દરેકેદરેક ઇન્દ્રિયો પર ચોકી પહેરો રાખવો જોઈએ. હું વધારે તો ખાતો નથી ને ! વધારે ઊંઘતો તો નથી ને ! હું જરૂરિયાત કરતાં વધારે જોયા તો નથી કરતો ને ! – આવી રીતે આપણે સતત બારીકીથી ધ્યાનપૂર્વક આપણી ઇન્દ્રિયોના વ્યવહારને ચકાસતા રહીએ.

આપણે આપણા જીવનમાં નિયમન લાવીએ અને પરિમિતતા લાવીએ. ખરાબ વસ્તુ ન જોવી. ખરાબ પુસ્તક ન વાંચીએ. નિંદા-સ્તુતિ ન સાંભળીએ. સદોષ વસ્તુ તો દૂર, નિર્દોષ વસ્તુનું પણ જરૂરિયાત કરતાં વધુ સેવન ન કરીએ. ફળાહાર ભલે શુદ્ધ આહાર છે, તે પણ મનની મરજી મુજબ ન લેવાવો જોઈએ. આપણી ભીતર રહેલા માલિકે આપણી જીભના સ્વેચ્છાચારને સહેવો ન જોઈએ. આપણી ઇંદ્રિયોને આ ભય જરૂર રહેવો જોઈએ કે આપણે ગમેતેમ વિચિત્ર વર્તન કરતા રહીશું તો આપણો ભીતરી સ્વામી આપણને ચોક્કસ સજા આપશે. માટે માણસના નિયમિત આચરણને જ ‘જીવનની પરિમિતતા’ કહેવાયું છે.

ત્રીજી મહત્ત્વની વાત એ છે કે આપણે સમદષ્ટિ કેળવીએ. સમદષ્ટિનો અર્થ જ છે કે, શુભદષ્ટિ લાવીએ. હવે શુભદષ્ટિ મેળવ્યા વગર ક્યારે પણ ચિત્ત એકાગ્ર થઈ ન શકે. આપણને આ આખી સૃષ્ટિ મંગલમય – કલ્યાણમય લાગવી જોઈએ. જેવી રીતે મને મારી પોતાની જાત પર ભરોસો છે, એવો જ વિશ્વાસ – ભરોસો આ આખી સૃષ્ટિ પર હોવો જોઈએ. અહીં વળી ડરવાની વાત જ ક્યાં છે ? આ સૃષ્ટિમાં બધું જ શુદ્ધ અને પવિત્ર છે. विश्वं तद् भद्रं यदवन्ति देवाः – આ આખું વિશ્વ મંગળમય છે કેમ કે પરમેશ્વર તેને સંભાળે છે.

આપણા મનમાં જો આ વાત પાકી નહીં થઈ હોય કે સૃષ્ટિ શુભ છે, તો ચિત્તની એકાગ્રતા થઈ નહીં શકે. જ્યાં સુધી હું મારા મનથી એવું સમજતો રહીશ કે આ આખી સૃષ્ટિ જ બગડી ગઈ છે, ત્યાં સુધી હું શંકાની નજરે ચારે બાજુ નજર ઘુમાવ્યા કરીશ. આ ન થાય તે માટે સમદષ્ટિભાવને કેળવતા રહીએ, કેમ કે એકાગ્રતા લાવવા માટેનો આ ઉત્તમ રસ્તો છે. આપણે સર્વત્ર માંગલ્ય જોવા લાગીએ, તો ચિત્ત આપોઆપ શાંત થઈ જશે.

(અપૂર્ણ)

**બસ્તર એન્કાઉન્ટર...** (પાન ૧૭નું ચાલુ)

કુમ્મામ ગામના રામલ ઓયમ, એડવા ગામમાંથી મંગુડુ ઓયમ અને રેંગવાયા ગામમાંથી હિડમા પારસા, એમ ત્રણ પુરુષો ૧૨ ડિસેમ્બરથી તેમનાં ગામોમાંથી ગુમ થયા હતા. મંગુડુની પત્ની, આયતી ઓયમ, તેના પતિને શબઘર અને પોલીસ સ્ટેશન બંનેમાં શોધવા માટે ભૈરમગઢ સુધી પહોંચી હતી પણ તે તેને શોધી શકી નહોતી. અધિકારીઓએ તેને નારાયણપુર જિલ્લાના મુખ્ય મથક પર તપાસ કરવા કહ્યું હતું પરંતુ યુવતીએ મને કહ્યું કે તેને તેના બાળક સાથે મુસાફરી કરવા માટે ખૂબ દૂર છે.

○ **પોલીસ માટે પ્રશ્નો** : ગ્રામજનોના હિસાબે પોલીસની વર્તણૂક સામે અનેક સવાલો ઊભા થાય છે. જો કુમ્મમના ગ્રામજનોની વાત પર વિચાર કરીએ તો, ડ્રોને સુરક્ષા દળોને ઝાડીઓમાં તેમની હાજરી શોધવામાં મદદ કરી હતી. તો શું ડ્રોને તેની છબીઓમાં એવું દર્શાવ્યું નહીં હોય કે ઝાડીઓમાં છુપાયેલા લોકો નિઃશસ્ત્ર ગ્રામીણ હતા ? અને જો વરિષ્ઠ અધિકારીઓ ડ્રોનની છબીઓ પર દેખરેખ રાખતા હતા, તો તેઓએ ગ્રાઉન્ડ કર્મચારીઓને તેમને બચાવી લેવાની સૂચના કેમ આપી નહોતી ?

ગ્રામજનોએ એવો પણ દાવો કર્યો હતો કે, ‘તેઓને પકડવા જોઈએ કે મારવા જોઈએ’ તે અંગે સુરક્ષા કર્મચારીઓ વચ્ચેની વાતચીત સાંભળી હતી. શું તેમના પર ગોળીબાર કરવાનો નિર્ણય તેના સૈનિકોને ભારે નાણાંકીય ઈનામો આપવાની પોલીસની પ્રથાથી પ્રભાવિત હતો ? સત્તાવાર રીતે, કર્મચારીઓ ૧૨ ડિસેમ્બરના ઓપરેશન માટે ૪૦ લાખ રૂપિયાના પુરસ્કારોના હકદાર છે – કાર્તિક માટે રૂ. ૨૫ લાખ, રામલી મડાકામ માટે રૂ. ૫ લાખ, અને બાકીના પાંચ માટે રૂ. ૨ લાખ જેઓ ગામલોકોના કહેવા અનુસાર નિર્દોષ, નિઃશસ્ત્ર નાગરિકો છે. જો નેવરુ ઓયામનો મૃતદેહ સુરક્ષા દળોને મળી ગયો હોત તો કદાચ તેમણે તેને એક બક્ષિસ વહન કરનાર માઓવાદી હોવાનું જાહેર કર્યું હોત ?

બસ્તરના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પેટીલિંગમે આ આરોપોને સખત રીતે નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ‘‘તે અમારા હિતમાં છે કે અમે માઓવાદીઓને મારી નાખવાને બદલે તેમની ધરપકડ કરીએ કારણ કે અમને ધરપકડ કરાયેલા માઓવાદીઓ પાસેથી સારી માહિતી મળતી હોય છે. માઓવાદી કેડર ત્યારે જ માર્યા જાય છે જ્યારે તેઓ અમારા જવાનો પર ગોળીબાર કરે છે. અમારા જવાનોને પણ સ્વ-બચાવનો અધિકાર છે.’’ સુંદરરાજે જણાવ્યું હતું કે, ઘાયલ બાળકોને ઉત્તમ સારવાર આપવામાં આવી હતી અને તેઓ ક્રોસફાયરમાં ફસાયાં હતાં કે કેમ તે નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે. તેમણે ગ્રામજનો દ્વારા ઓળખવામાં આવેલ સ્થાન અને પોલીસ નિવેદનમાં ઉલ્લેખિત એન્કાઉન્ટરના સ્થળ વચ્ચેના તફાવત અંગે ટિપ્પણી કરવાનો ઇન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘‘મામલો તપાસ હેઠળ હોવાથી હું કોઈ ચોક્કસ માહિતી જાહેર કરી શકતો નથી.’’

ગુ.ટુ.ડે. (સૌ.: સ્કોલ, ઈન) **– માલિની સુબ્રમણ્યમ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સોક્રેટિસ ઉવાચ-૭ : પ્રખર હિંદુત્વવાદી અને સોક્રેટિસ વચ્ચેનો વધુ એક કાલ્પનિક સંવાદ

*(હિંદુત્વવાદીએ સોક્રેટિસ સાથે કરેલ પહેલા સંવાદમાં તેણે ઐતિહાસિક કારણોસર આઝાદ ભારતમાં પ્રવર્તમાન હિન્દુ-મુસ્લિમ તણાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ બીજા સંવાદમાં તે દલીલ કરે છે કે ભારતની વધતી મુસ્લિમ વસ્તી હિન્દુ સમાજ માટે ખતરો છે. તદુપરાંત, તેણે ગૌમાંસનું સેવન, બહુપત્નીત્વ, લવ જેહાદ, ધાર્મિક પરિવર્તન અને વૈશ્વિક ઇસ્લામિક ઉગ્રવાદ જેવી બાબતો અંગે પણ ચિંતાઓ વ્યક્ત કરી હતી. પરંતુ, ધીરજવાન અને તર્કસંગ સોક્રેટિસ ધ્યાનથી તેને સાંભળીને તેના ડરની વિવેચનાત્મક તપાસ કરવા માટે માર્ગદર્શન આપે છે. તે સોક્રેટિસના વિચારો સાથે સંમત તો થાય છે  પણ તેને લાગે છે કે સોક્રેટિસ એક ફિલસૂફ હોવાને કારણે વધુ પડતા આદર્શવાદી છે.*

*તેથી તે સોક્રેટિસને ત્રીજી વાર મળે છે  અને સોક્રેટિસને જણાવે છે કે ભારતમાં કાયમી કોમી એખલાસ માટે  મુસ્લિમોનું તુષ્ટિકરણ બંધ કરીને તેમને દાબમાં રાખવાની  જરૂરિયાત પર ભાર મૂકે છે. અને કહે છે કે ભારતમાં હિન્દુ સંસ્કૃતિની શ્રેષ્ઠતા પર ભાર મૂકવો જોઈએ. તેના જવાબમાં સોક્રેટિસ જણાવે છે કે જોર-જુલમથી સ્થિરતા નહીં, પણ રોષ પેદા થાય  છે. અને તેને સમજાવે છે કે ભેદભાવની નીતિઓથી  લોકશાહી નબળી પડે છે તથા ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચે છે. વધુમાં, તેથી વિદેશમાં વસતા હિન્દુઓ સામે બદલો લેવાનું જોખમ ઊભું થાય છે. આખરે, હિંદુત્વવાદી સમજે છે કે સાચી દેશભક્તિ ન્યાય અને સમાવેશકતામાં રહેલી છે, વિભાજન અને અસહિષ્ણુતામાં નહીં. આમ શ્રેણીબદ્ધ પ્રશ્નો દ્વારા, સોક્રેટિસ તેને તેની કઠોર માન્યતાઓથી આગળ વધવા અને આવા જટિલ મુદ્દાઓ પર વધુ તાર્કિક અને સમાવિષ્ટ દ્રષ્ટિકોણ અપનાવવા પ્રોત્સાહિત કરે છે.)*

પાર્શ્વ ભૂમિ : સ્વર્ગની એક નયનરમ્ય વાટિકામાં સોક્રેટિસ એક ઘટાટોપ વૃક્ષ નીચે ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠા છે. ત્યાં તેમના ચિર પરિચિત હિંદુત્વવાદી મિત્ર તેમને શોધતા શોધતા આવી ચઢે છે.  આવતાંની સાથે જ તેઓ સોક્રેટિસ સાથે વાતોએ વળગે છે.

હિન્દુત્વવાદી : સોક્રેટિસ, મેં આપણી અગાઉની ચર્ચાઓ પર વિચાર કર્યો. તમારી દલીલો સચોટ હોવા છતાં, મને લાગે છે કે તમારા જેવા ફિલસૂફો ખૂબ આદર્શવાદી હોય છે.

સોક્રેટિસ : તમે સાચા છો, મારા મિત્ર. અમે આદર્શવાદી છીએ માટે ફિલોસોફર છીએ. પરંતુ મને કહો કે આદર્શવાદ વિશે તમારી શું પરેશાની છે?

હિન્દુત્વવાદી : મને લાગે છે કે વિભાજન પછી અમે હિંદુઓ આઝાદ ભારતમાં  મુસ્લિમો પ્રત્યે ખૂબ નરમ હતા અને અમે તેમનું ખૂબ તુષ્ટિકરણ કર્યું. પરંતુ તેમણે તેમની અવળચંડાઈ છોડી નહીં. કહે છે ને કે 'દયાની માને ડાકણ ખાય'.  શાંતિથી રહેવાને  બદલે  તેઓએ અમારી ઉદારતાનો લાભ લીધો અને તેમનું તોફાન ચાલુ રાખ્યું. હમણાં છેલ્લા થોડા સમયથી અમને અમારી મૂર્ખાઈનો અહેસાસ થયો છે. અમે હવે  મુસ્લિમોને તેમની ઓકાત બતાવી દેવા માગીએ છીએ.

સોક્રેટિસ : એટલે? તમે શું કહેવા માગો છો તે મને સમજાયું નહીં.

હિન્દુત્વવાદી : સોક્રેટિસ! ભારતના મુસલમાનોએ જાણવાની જરૂર છે કે ભારતમાં અમે હિન્દુઓ બહુમતીમાં છીએ, અને અમે તેમને અમારા પર વર્ચસ્વ જમાવવા નહીં દઈએ. અમે એવી નીતિઓ લાગુ કરવા માંડી છે કે તેઓ કાબૂમાં રહે. જેથી દેશમાં શાંતિ રહે.

સોક્રેટિસ : વાહ! શાંતિની વાત તો બહુ સરસ. તમે મને કહો કે તમારા દેશમાં શાંતિ કેવી રીતે સ્થાપવા માંગો છો?

હિન્દુત્વવાદી : મુસલમાનોને તેમની ઓકાત બતાવી દઈને. ઉઘાડે છોક 'કાણાને  કાણો' કહીને.  અને અમારી હિન્દુ સંસ્કૃતિ જ શ્રેષ્ઠ છે તે બતાવીને.

સોક્રેટિસ : જો હું તમને બરાબર સમજ્યો હોઉં તો એનો અર્થ એ થાય કે તમે મુસલમાનોને દાબી દઈને, જાહેરમાં ધિક્કારીને, અને તમારી હિંદુ સંસ્કૃતિની મહાનતા સાબિત કરીને તાબે કરવા માંગો છો. બરાબર?

હિન્દુત્વવાદી : હા, બિલકુલ બરાબર.

સોક્રેટિસ : (ભમર ઊંચી કરીને) આ તો એક આત્યંતિક યોજના છે. પરંતુ તમે તો જાણો છો કે મારા મત પ્રમાણે અવિચારી જીવન જીવવાલાયક નથી (An unexamined life is not worth living). તેથી ચાલો આપણે તમારી આ યોજના પર વિચાર કરીએ. તમે એમ સૂચવો છો કે તમારી મુસલમાનો પ્રત્યેની અસહિષ્ણુતા તેમને વશ કરવામાં કારગત થશે. તમે આ અંગે કેવા પ્રકારની યોજનાઓ વિચારી છે?

હિન્દુત્વવાદી : અમે મક્કમપણે માનીએ છીએ કે તેમને દાબમાં રાખવાની જરૂર છે.  બહુ થયું તેમનું તુષ્ટિકરણ. અમારા વિકસિત ભારતમાં તેમને બહુ લાડ લડાવવાની  જરૂર નથી,  વધારે પડતું મહત્ત્વ આપવાની જરૂર નથી.

સોક્રેટિસ : હં. વધારે પડતું તુષ્ટિકરણ નુકસાનકારક હોઈ શકે છે. પણ તમે મને કહો, જો તમે મુસ્લિમોને દબાવી દેશો તો શું તે તેઓ તમારા પ્રતિ વધુ વફાદાર બનશે? કે  તેમની નારાજગીને કારણે તેઓ તમારાથી વિમુખ થશે?  જ્યારે લોકોને લાગે કે તેમની સાથે ઓરમાયું વર્તન થાય છે ત્યારે શું થાય?

હિન્દુત્વવાદી : (અનિચ્છાએ) તેઓ કદાચ પ્રતિકાર પણ કરે. કદાચ થોડું ઘણું તોફાન કરે. પણ તેથી શું?

અમે બહુમતીમાં છીએ. તેમને પહોંચી વળીશું.

સોક્રેટિસ : તો શું આવો તોફાનોવાળો સમાજ બનાવવો એ સમજદારીની વાત છે? શું આવા પ્રતિકારથી  તમારો દેશ વધુ સુરક્ષિત બનશે કે વધુ અસ્થિર?



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હિન્દુત્વવાદી : (રક્ષણાત્મક) પરંતુ અમે તેમને કાબૂમાં નહીં રાખીએ, તો તેઓ અમારા પર ચડી બેસશે. તમે આ કોમને ઓળખતા નથી.

સોક્રેટિસ : મારા મિત્ર, શું તમે ક્યારેય એવી આગ જોઈ છે જે બળતણ ઉમેરવાથી ઓલવાતી હોય ?

હિન્દુત્વવાદી : તમે કેવી વાત કરો છો, સોક્રેટિસ? બળતણ ઉમેરવાથી તો આગ વધુ ભડકે.

સોક્રેટિસ : બરાબર. ભેદભાવની નીતિ અપનાવવી એટલે રોષની આગમાં ઘી નાખવું. જો તમારે સંવાદિતા જોઈતી હોય તો પક્ષપાતી નીતિ ન અપનાવવી જોઈએ, આગમાં ઈંધણ ન ઉમેરવું જોઈએ. ઊલટાનું આગને ઠંડી પાડવી જોઈએ. તમારા સમાજમાં તેમને બરાબરની તકો આપવાથી તેમનો અસંતોષ ઓછો થશે અને તેઓ માનશે કે તમામ દેશવાસીઓનું ભવિષ્ય સહિયારું છે. દરેક સમાજમાં ન્યાય જરૂરી હોય છે. ન્યાય સમાજને બાંધે છે, અને અન્યાય સમાજને તોડે છે. કારણ કે, લોકો અનંત કાળ સુધી અન્યાય સહન કરી શકતા નથી. શું તમે મુસલમાનો સાથે અન્યાય કરીને તમારા દેશને નબળો પાડવા માંગો છો?

હિન્દુત્વવાદી : (માથું હલાવીને) ના, અમારો દેશ તો મજબૂત હોવો જોઈએ.

સોક્રેટિસ : મિત્ર, ઇતિહાસ આપણને શીખવે છે કે સાચી તાકાત બીજા ઉપર ધાક જમાવવામાં નહીં પણ સહકારમાં છે. બાદબાકીથી નહીં પણ સરવાળાથી રકમ વધે છે. તમે જે માર્ગે ચાલવા માંગો છો તે તો સંઘર્ષ અને અસ્થિરતા તરફ દોરી જશે. શું ન્યાય, સમજણ, સમાનતા, અને પરસ્પર આદર વધારવામાં વધુ બુદ્ધિમાની નથી?

હિન્દુત્વવાદી : (ઊંડું ચિંતન કરતાં) હું તમારી વાત સમજું છું, સોક્રેટિસ.

સોક્રેટિસ : ચાલો, હવે આપણે તમારા બીજા અભિગમ વિષે વિચારીએ. તમે મુસલમાનોને સાચી વાત કહેવાની વાત કરતા હતા, બરાબર?

હિન્દુત્વવાદી : હા, અમારે જે સાચું છે તે તડ અને ફડ કહી દેવું જોઈએ. જે સાચું છે તે કહેવામાં શરમાવાનું શું? બધાએ મુસ્લિમો વિશે સત્ય જાણવાની જરૂર છે.

સોક્રેટિસ : અને તમારા મત પ્રમાણે 'સત્ય' એટલે બધા મુસ્લિમો ખતરનાક છે?

હિન્દુત્વવાદી : હા. સહુએ જાણવું જોઈએ કે તેઓ કેટલા જોખમી છે. એમને અમારા હિન્દુ રાષ્ટ્રમાં ભળી જવાને બદલે એમની અલગ પહેચાન બનાવી રાખવી છે. પેલા આરબના ઊંટની માફક તંબુમાં પેસીને અમને બહાર કાઢવા છે. પેટમાં પેસીને પગ પહોળા કરવા છે. હિજાબ; દાઢી; બીફ; તીન તલાક; ચાર પત્નીઓ; હમ પાંચ, હમારે પચીસ!

સોક્રેટિસઃ ઓહો...હો...હો! આટલો બધો ધિક્કાર? પણ તમે જાણો છો કે જ્યારે તમે ધિક્કારભરી ભાષા વાપરો ત્યારે શું થાય છે? શું તે સમજણ અને શાંતિ તરફ દોરી જાય છે, કે સામાવાળામાં ગુસ્સો પેદા કરે છે?

હિન્દુત્વવાદી : (નિસાસો નાખતાં) કદાચ ગુસ્સો પેદા કરે. પણ તેથી શું?

સોક્રેટિસ : નફરત ફેલાવવાથી ઝગડા વધશે, ઓછા નહીં થાય. શું તે ખરેખર તમારા લોકોના હિતમાં છે?

હિન્દુત્વવાદી : વિચારમાં પડી જાય છે.

સોક્રેટિસ : હવે, ચાલો હિન્દુઓની ધાર્મિક શ્રેષ્ઠતાનો પ્રચાર કરવાની તમારી ત્રીજી યોજના પર વિચાર કરીએ. શું તમે માનો છો કે હિંદુ ધર્મની શ્રેષ્ઠતાની જોરશોરથી જાહેરાત કરવાથી ફાયદો થશે?

હિન્દુત્વવાદી : હા! અમારી હિન્દુ સંસ્કૃતિ સૌથી જૂની અને સૌથી પ્રબુદ્ધ સંસ્કૃતિ છે. અને અમારે બતાવવાની જરૂર છે કે અમારો પંથ સૌથી સારો છે.

સોક્રેટિસ : પણ મને કહો, શું તમારી સંસ્કૃતિ ખરેખર મહાન હોય તો તેનો ઢંઢેરો પીટવાની શી જરૂર? શું ફૂલની સુવાસ આપોઆપ ફેલાય છે કે ફૂલને કહેવું પડે છે કે જુઓ મારી સુગંધ કેટલી સરસ છે? અને બીજું, જ્યારે તમે આ રીતે તમારા ધર્મની બડાઈ કરીને બીજા ધર્મના લોકોને નીચા બતાવવાની કોશિશ કરો ત્યારે શું તેઓ તમારી વાત સ્વીકારશે કે પછી તેઓ તેમની પોતાની ઓળખને વધુ ચુસ્તપણે વળગી રહેવાની જીદ કરશે?

હિન્દુત્વવાદી : કદાચ, તેઓ પોતાની અલગ ઓળખ જાળવી રાખવાની જીદ કરે. પણ તેથી શું?

સોક્રેટિસ : તમારી શ્રેષ્ઠતાનો દાવો કરીને તમે વિભાજનને વધુ ઊંડું કરો છો. અને જો તમારો ધ્યેય વધુ શક્તિશાળી રાષ્ટ્ર બનવાનો હોય તો તમારે સમાજનાં જુદાં જુદાં અંગોને જોડતો સેતુ બનાવવો જોઈએ કે તેમની વચ્ચે ખાઈ બનાવવી જોઈએ?

હિન્દુત્વવાદી : (અનિચ્છાએ) સેતુ. પરંતુ, સોક્રેટિસ તમને નથી લાગતું કે જે રાષ્ટ્રની એક જ સંસ્કૃતિ હોય, એક જ ઓળખ હોય, તો તે વધુ મજબૂત બને છે?

સોક્રેટિસ : આ એક વિચિત્ર વિચાર છે. મને કહો, શું માત્ર એક જ સ્વરને વળગી રહેવાથી સંગીતની સુરાવલી મધુર બને છે કે પછી સુરાવલીમાં અનેક સ્વરોનો સુમેળભર્યો તાલમેલ હોય ત્યારે તે વધુ કર્ણપ્રિય અને મનમોહક બને છે?

હિન્દુત્વવાદી : (નિષ્ઠાપૂર્વક) સ્વરોની વિવિધતા સુરાવલીને વધુ મધુર બનાવે છે.

સોક્રેટિસ : ખરેખર. ભારત સદૈવ વિવિધતાની ભૂમિ રહી છે. ભારતમાં સહસ્રાબ્દીઓથી વિવિધ ભાષાઓ, રીતરિવાજો, અને આસ્થાઓ સાથે રહે છે. શું આ વિવિધતા જ ભારતની આગવી પહેચાન નથી?

હિન્દુત્વવાદી : પણ, સોક્રેટિસ, વધુ પડતા તફાવતો સંઘર્ષનું કારણ બને છે!



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : હા. પણ ક્યારે? જ્યારે આપણા પૂર્વગ્રહોને કારણે આપણે ડર અનુભવીએ છીએ ત્યારે. જ્યારે બધા લોકો સાથે ન્યાયી અને ઉચિત વર્તન કરવામાં આવે છે ત્યારે તેઓમાં આત્મગૌરવની અને આપણાપણાની ભાવના જાગે છે. અને, ત્યારે તેઓ સમાજની પ્રગતિમાં ફાળો આપે છે. પરંતુ જ્યારે તેઓ પર દમન કરવામાં આવે છે, ત્યારે તેમનામાં રોષ વધે છે, જે તેઓ છૂપી રીતે કે જાહેરમાં વ્યક્ત કરે છે. તેથી ક્યારેક ઘર્ષણ પણ થઈ શકે અને બળવો પણ થઈ શકે. મને કહો, તમે શાંતિ ઇચ્છો છો કે કાયમી ઝઘડા?

હિન્દુત્વવાદી : અમને શાંતિ ખપે છે પણ અમારી સંસ્કૃતિના ભોગે નહીં.

સોક્રેટિસ : શું હિન્દુ ધર્મ સર્વસમાવેશક નથી? શું તે ન્યાય અને સહિષ્ણુતા શીખવતો નથી? જો તમે આ સિદ્ધાંતોને છોડી દો, તો તમારી સંસ્કૃતિમાં શું બચે?

હિન્દુત્વવાદી : (નિરાશ થઈને) સોક્રેટિસ! હું તો ફક્ત અમારા લોકોની અને અમારી સંસ્કૃતિની સુરક્ષાની વાત કરું છું.

સોક્રેટિસ : અને તમારા લોકોનું રક્ષણ કરવાનો અર્થ એ થાય છે કે તમારા સમાજને જોડી રાખતા સિદ્ધાંતોનું રક્ષણ ન કરવું? ભલા માણસ, ભેદભાવ આ સિદ્ધાંતોને નબળા પાડે છે. તે તમારી સંસ્કૃતિનું રક્ષણ નહીં પણ ભક્ષણ કરશે, વહેલા-મોડા અરાજકતા તરફ દોરી જશે. શું તમે નિરંતર શાંતિ અને સંવાદિતાને બદલે સતત ભય અને ઝગડા ઇચ્છો છો?

હિન્દુત્વવાદી : (નિસાસો નાખતાં) અલબત્ત, શાંતિ અને સંવાદિતા ઇચ્છનીય છે.

સોક્રેટિસ : તો પછી યાદ રાખો, સાચું ગૌરવ બધા સાથે ન્યાયી વર્તન કરવામાં છે, વહાલાં-દવલાંની નીતિમાં નહીં. તમારે તમામ નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવું જોઈએ, કારણ કે તેમના કલ્યાણમાં જ તમારા સૌનું કલ્યાણ છે.

હિન્દુત્વવાદી : (ઊંડે ઊંડે ચિંતન કરતાં) કદાચ મુસલમાનો પ્રત્યેની મારી ખીજમાં હું અવિચારી બની ગયો હતો. વિશાળ સામાજિક હિતને જોવાનું ચૂકી ગયો હતો.

સોક્રેટિસ : સાચી વાત છે, મિત્ર. અવિચારી રોષ આપણને વિવેકશૂન્ય બનાવે છે. પરંતુ સારા-નરસાનો વિચાર, ડહાપણ, અને ચિંતન આપણને સાચા અને ન્યાયના માર્ગ પર પાછા લઈ આવે છે. સાચી દેશભક્તિ કોઈને દબાવવામાં નથી, પરંતુ દરેક વ્યક્તિ વિકાસ કરી શકે તેવા સમાજના નિર્માણમાં છે.

હિન્દુત્વવાદી : (ધીમેથી માથું હલાવતાં) કદાચ તમે સાચા છો, સોક્રેટિસ. કદાચ ભારતનું સાચું રક્ષણ કરવા વાસ્તે અમારે અમારા રાષ્ટ્રની અંદર રહેનાર દરેક વ્યક્તિનું રક્ષણ કરવું જરૂરી છે. કદાચ મારી વિચારવાની રીત બરાબર નહોતી એમ હવે મને લાગે છે. તમારી વાત સાચી લાગે છે -- સાચી તાકાત એકતામાં છે, વિભાજનમાં નહીં.

સોક્રેટિસ : બિલકુલ. જે સમાજમાં બધા લોકો એકબીજાને આદર આપે છે તે એક સારી રીતે ફીટ કરાયેલા પથ્થરોની બનેલી મજબૂત દીવાલ જેવો છે. ભેદભાવ, નફરત, અને બીજાને નીચા બતાવવાથી સમાજમાં તિરાડો પડે છે, સમાજનું બંધારણ નબળું પડે છે. તો શું આપણે આ તિરાડોને ઊંડી કરવાને બદલે સાંધવાનું કામ ન કરવું જોઈએ?

હિન્દુત્વવાદી : હા, સોક્રેટિસ. એવું લાગે છે કે મારે આ અંગે વધુ વિચારવાની જરૂર છે.

સોક્રેટિસ : એટલે તો હું કહું છું કે, અવિચારી જીવન જીવવા લાયક નથી. ચાલો, તમારી ભેદભાવ, નફરત, અને હિંદુ શ્રેષ્ઠતાના પ્રચારની નીતિઓ વિષે વધુ વિચાર કરીએ. ભારત એક લોકશાહી રાષ્ટ્ર હોવાનો તમને ગર્વ છે?

હિન્દુત્વવાદી : હા, ભારત ભૂમિ લોકશાહીની જનેતા છે. અને અમારો દેશ વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે તેનું અમને ગૌરવ છે.

સોક્રેટિસ : એવું તો શું છે જે ભારતને લોકશાહી દેશ બનાવે છે, મારા મિત્ર?

હિન્દુત્વવાદી : (વિચારીને) મુક્ત ચૂંટણીઓ, ન્યાય અને કાયદાનું શાસન, અને તમામ નાગરિકો માટે સમાન અધિકાર.

સોક્રેટિસ : બરાબર! માત્ર ચૂંટણીઓ જ નહીં, પણ ન્યાય અને કાયદાનું શાસન તથા નાગરિક અધિકારો લોકશાહી વ્યવસ્થાનો પ્રાણ છે. અને આ અધિકારો કોને લાગુ પડે છે? માત્ર ચોક્કસ જૂથોને કે દરેક નાગરિકને?

હિન્દુત્વવાદી : સિદ્ધાંતમાં તો દરેકને....

સોક્રેટિસ : માત્ર સિદ્ધાંતમાં જ નહીં, પરંતુ વ્યવહારમાં પણ. જ્યારે કોઈ રાષ્ટ્ર તેના તમામ નાગરિકોને સમાન અધિકારોનું વચન આપે છે પણ વાસ્તવમાં કોઈ ચોક્કસ જૂથને તે અધિકારોથી વંચિત રાખે છે, ત્યારે તે સિસ્ટમમાં લોકોના વિશ્વાસનું શું થાય?

હિન્દુત્વવાદી : (નિષ્ઠાપૂર્વક) તેઓ તેમાં વિશ્વાસ ગુમાવી દે.

સોક્રેટિસ : બરાબર. અને જ્યારે લોકશાહીમાં વિશ્વાસ ઊઠી જાય તો આગળ શું થાય?

હિન્દુત્વવાદી : કદાચ, અરાજકતા અને અંધાધૂંધી.

સોક્રેટિસ : અલબત્ત. ઇતિહાસ આપણને શીખવે છે કે જ્યારે કોઈ સમાજ તેની વસ્તીના એક વર્ગ સાથે ભેદભાવ અને જુલમ કરવાનું શરૂ કરે છે, ત્યારે તે એક ખતરનાક દાખલો બેસાડે છે. આજે કોઈ એક જૂથ અન્યાયનો ભોગ બને તો કદાચ આવતી કાલે બીજા કોઈ જૂથનો વારો આવી શકે છે. શું તમે એવી અંધાધૂંધી ભરી વ્યવસ્થા ઇચ્છો છો?

હિન્દુત્વવાદી : ના, એવું તો કોણ ઇચ્છે ?

સોક્રેટિસ : વધુમાં, મુસ્લિમો સાથે ભેદભાવ કરવાથી તમારા ભારતના બંધારણમાં જેની તમામ નાગરિકોને ખાતરી આપવામાં આવી છે તેવા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માનવઅધિકારોનું ઉલ્લંઘન થશે. માનવઅધિકાર એ કોઈ પણ ન્યાયી સમાજનો પાયો છે. તે સુનિશ્ચિત કરે છે કે દરેક વ્યક્તિ જાતિ, ધર્મ, કે આર્થિક પૃષ્ઠભૂમિની ચિંતા કર્યા વિના, સન્માન સાથે જીવે.

હિન્દુત્વવાદી : (ખચકાતાં) પણ તેથી શું?

સૉક્રેટિસ : તમારા દેશના કોઈ એક સમુદાયને વશ કરવા તેની સાથે ભેદભાવ કરીને, શું તમે લોકશાહી મૂલ્યો પ્રત્યેની ભારતની પ્રતિબદ્ધતા નબળી પાડતા નથી ? જ્યારે તમે મુસ્લિમો સાથે ભેદભાવ કરો છો, ત્યારે શું તમે સમાનતા અને ન્યાયના સિદ્ધાંતોનો ભંગ નથી કરતા? શું તેથી માનવાધિકારોનો ભંગ નથી થતો? અને જો આ સિદ્ધાંતો છોડી દેવામાં આવે, તો શું ભારત લોકશાહી રાષ્ટ્ર કહેવાશે?

હિન્દુત્વવાદી : પણ સૉક્રેટિસ અમારા ભારતમાં વધારે પડતી લોકશાહી છે, લોકશાહીનો અતિરેક થઈ ગયો છે. અને કેટલાક લોકો તેનો દુરુપયોગ કરે છે.

સૉક્રેટિસ : ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર રાષ્ટ્રની એકતાનું રહસ્ય શું છે?

હિન્દુત્વવાદી : (વિચારીને) અમારાં સહિયારાં મૂલ્યો.

સૉક્રેટિસ : બરાબર. કાયદાનું શાસન, ન્યાય, સ્વતંત્રતા, અને સમાનતા જેવાં મૂલ્યો. પણ જો કોઈ એક જૂથ સાથે ભેદભાવ કે અન્યાય થાય તો શું તે એકતાની ભાવના લાંબા સમય સુધી ટકી રહેશે? બીજો ભય પણ છે. જ્યારે તમે કોઈક જૂથના અધિકારોનું ઉલ્લંઘન કરો છો, ત્યારે સિસ્ટમમાં તેમના વિશ્વાસને ઘટાડો છો. અને જ્યારે લોકો વિશ્વાસ ગુમાવે છે, ત્યારે તેઓ શું કરે ?

હિન્દુત્વવાદી : (અનિચ્છાએ) તેઓ લડાઈ-ઝગડા કરે ... ક્યારેક હિંસક પણ બને.

સૉક્રેટિસ : બરાબર. તેમના અધિકારોનું ઉલ્લંઘન કરીને, તમે રોષ, ગુસ્સો અને બદલો લેવાનું ચક્ર ચલાવો છો. શાંતિ અને પ્રગતિને બદલે તમે સંઘર્ષનાં બીજ વાવો છો. શું તમે ભારત માટે આવું ભવિષ્ય ઇચ્છો છો?

હિન્દુત્વવાદીઃ (માથું હલાવીને) ના, અમારે શાંતિ પૂર્ણ, સમૃદ્ધ રાષ્ટ્ર જોઈએ છે. અમે વિશ્વ ગુરુ બનવા માગીએ છીએ!

સૉક્રેટિસ : વળી, મુસ્લિમો સહિત તમામ સમુદાયોના વૈજ્ઞાનિકો, કલાકારો, કારીગરો, શિક્ષકો, વેપારીઓ અને ઉદ્યોગ સાહસિકોનો વિચાર કરો. શું તેમનું પ્રદાન મૂલ્યવાન નથી? મુસ્લિમોને હાંસિયામાં ધકેલીને, તમે ભારતને તેની સમૃદ્ધ સાંસ્કૃતિક અને બૌદ્ધિક વિવિધતાથી વંચિત કરો છો. શું તે કિંમત ચૂકવવા જેવી છે?

હિન્દુત્વવાદી : (નિસાસો નાખતાં) સૉક્રેટિસ તમે બહુ અટપટી વાતો કરો છો. પણ તમારી વાતો વિચારવા જેવી લાગે છે. કદાચ મજબૂત ભારતનો પાયો અમારી એકતામાં રહેલો છે, ભાગલામાં નહીં.

સૉક્રેટિસ : તો પછી યાદ રાખો, મારા મિત્ર, સાચી તાકાત સમાનતા, ન્યાય, માનવાધિકાર, અને બિનસાંપ્રદાયિકતા જેવા લોકશાહીના સિદ્ધાંતોને જાળવી રાખવામાં છે. જ્યારે આ સિદ્ધાંતો સાથે ચેડાં થાય છે ત્યારે રાષ્ટ્રનો પાયો આપોઆપ નબળો પડે છે. જે રાષ્ટ્ર તેના તમામ નાગરિકોને સમાન ગણે છે તે મજબૂત બને છે. અને જે દેશ પોતાના લોકોને દબાવવા માંગે છે તે વહેલો કે મોડો અંદરથી ખોખલો થઈ જાય છે.

હિન્દુત્વવાદી : (ધીમેથી માથું હલાવતાં) તમે મને અમારી ભેદભાવની નીતિઓ ઉપર વિચારવા માટે મજબૂર કર્યો છે. કદાચ સાચી દેશભક્તિનો અર્થ એ છે કે દરેકના અધિકારોનું રક્ષણ કરવું.

સૉક્રેટિસ : બરાબર. હવે તમે મને કહો, વિશ્વની નજરમાં ભારતને શાથી આદર આપવામાં આવે છે?

હિન્દુત્વવાદી : (આત્મવિશ્વાસથી) તેનું કદ, તેની સંસ્કૃતિ, તેની સભ્યતા.

સૉક્રેટિસ : હા, અને લોકશાહી તથા બિનસાંપ્રદાયિકતા માટેની તેની પ્રતિબદ્ધતાને કારણે પણ શું તેને વૈશ્વિક સમુદાયમાં સન્માન નથી મળતું ?

હિન્દુત્વવાદી : (માથું હલાવતાં) હા, લોકો વારંવાર કહે છે કે ભારતમાં લોકશાહી મજબૂત છે.

સૉક્રેટિસ : બરાબર. હવે, જો ભારતને લોકશાહી રાષ્ટ્ર હોવાનો ગર્વ છે, તો તે આ અધિકારોનું જ્યારે ઉલ્લંઘન કરે છે ત્યારે તે વિશ્વને શું સંદેશ આપે છે? તેવી પરિસ્થિતિમાં તમારા ભારતની પ્રતિષ્ઠાનું શું થશે?

હિન્દુત્વવાદી : (ખચકાતાં) કદાચ તેથી અમારું સન્માન થોડું ઓછું થશે. પણ અમારું ગૌરવ મહત્ત્વનું છે! આમારે વિદેશી દબાણ સામે ઝૂકવું જોઈએ નહીં.

સૉક્રેટિસ : આહ, ગૌરવ! શું પોતાની ભૂલો ન સુધારવી કે કોઈને અન્યાય કરવો એ ગૌરવની વાત છે? તમે મને કહો, જ્યારે કોઈ રાષ્ટ્ર તેના પોતાના લોકો પર જુલમ કરવા માટે જાણીતું હોય ત્યારે તેની પ્રતિષ્ઠાનું શું થાય છે?

હિન્દુત્વવાદી : અન્ય રાષ્ટ્રો અમારી ટીકા કરી શકે છે.

સૉક્રેટિસ : શું આંતરરાષ્ટ્રીય સ્તરે આદર ગુમાવવો તમારા દેશને પરવડે?

હિન્દુત્વવાદી : પરંતુ બીજા દેશો શું વિચારે છે તેની અમારે શા માટે ચિંતા કરવી જોઈએ? ભારત એક મહાન રાષ્ટ્ર છે - અમે અમારા પોતાના દમ પર ઊભા રહી શકીએ છીએ. વિદેશીઓ અમારા વિષે શું વિચારે છે તેની સાડાબારી કરવાની જરૂરત જ કેમ હોવી જોઈએ?

સૉક્રેટિસ : આ એક રસપ્રદ મુદ્દો છે, મારા મિત્ર. તમે મને કહો, શું તમે એક વ્યક્તિ તરીકે સંપૂર્ણ એકલતામાં રહી શકો છો કે પછી તમારા અડોશી-પડોશી, કુટુંબ, સગાં-સંબંધીઓ અને વિશાળ

(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પ્રાચીન જ્ઞાન વિશે શ્રીઅરવિંદ (૨)

**અંગિરસ અને ગાયો :**

શ્રી અરવિંદ કહે છે કે આ કથામાં વિદ્વાનો ઇતિહાસના અમુક કહેવાતા બનાવોને વાંચવા માટે પ્રયાસ કરે છે અને કહે છે કે પાની તે દ્રવિડ લોકો છે. વૃત્ર અને વાલ તેના મુખ્ય અધિકારી છે પરંતુ ઋષિ જે ખરેખર કંઈ કહે છે તે સાથે આ અર્થઘટન બંધબેસતું નથી. આથી વિરુદ્ધ શ્રીઅરવિંદ કહે છે કે આ રૂપકમાં ઋષિ જે પોતાના જીવનમાં અનુભવે છે એ જ્ઞાનની શોધ કરે છે. જો અગાઉ કોઈ ભૂતકાળના બનાવમાં ગાયો ખોવાઈ ગઈ હોય તો દેવોને પ્રાર્થના કરવાથી તે મળતી નથી. ઇન્દ્ર સ્વયં આ કાર્ય ફરીને આચરે છે અને ''ગાયોને શોધનારો'' બને છે. જે ધન ખોવાઈ ગયું છે તેને પુનઃ સ્થાપિત કરે છે. વધુમાં જો આ ઐતિહાસિક બનાવ હોત અને અંગિરસ, સરમા, વાલ, પાની વગેરે ઐતિહાસિક બનાવનાં સાચાં પાત્રો હોત તો તેમના પૂરતો જ આ બનાવને મર્યાદિત કરાયો હોત અને બીજા દેવો તેમ જ વ્યક્તિઓને તેમાં સામેલ ન કરવામાં આવ્યા હોત. વાસ્તવમાં આ કથામાં ઘણા દેવોને સામેલ કરવામાં આવ્યા છે. પાંચમા મંડળમાં જેમાં ઋષિ કુમાર અત્રેય અગ્નિને પ્રાર્થના કરે છે અને પોતાની ગાયો ખોવાઈ ગઈ છે અને કોઈ રક્ષકની ગેરહાજરીમાં કયો ચોર તેને ચોરી ગયો છે તેને શોધી અગ્નિ તેને પાછી લાવે. આ બાબતમાં કુમાર અત્રેય ઋષિ છે અને તે અગ્નિને પ્રાર્થના કરે છે કે ગાયોને પાછી લાવો.૯

પાંચમા મંડળમાં જ્યાં કુમાર અત્રેય અગ્નિને પ્રાર્થના કરે છે તે સંદર્ભમાં શ્રી અરવિંદ લખે છે કે ''દાખલા તરીકે અગ્નિને ઉદ્દેશીને લખાયેલા અત્રિના સૂક્તમાં ચોરાયેલી ગાયોના રૂપકને ઋષિ એવી ભાષામાં પોતાને જ લાગુ કરે છે કે જે તેની રૂપકમયતાને સ્પષ્ટ કરી આપે છે. અગ્નિને પૃથ્વીમાતાએ લાંબા સમય સુધી ગર્ભમાં દબાવી રાખ્યો છે; તે શિશુને તેના પિતા-આકાશને સોંપવા માગતી નથી; તેનું કારણ એ છે કે પૃથ્વી પોતે મર્યાદિત રૂપમાં દબાયેલી છે (પેશિ); પણ જ્યારે તે મહાન અને વિશાળ બને છે, ત્યારે અગ્નિનો જન્મ થાય છે. અગ્નિના જન્મની સાથે પ્રકાશયુક્ત ધણનાં ટોળાંનો પ્રાદુર્ભાવ અથવા દર્શન સંબંધિત છે. મેં દૂર-સુદૂર એક ક્ષેત્રમાં અનેક સોનેરી-સૂંઢવાળો, શુદ્ધ તેજસ્વી વર્ણવાળો, પોતાના હથિયારોનું નિર્માણ કરતો દેવ જોયો; હું તેને અમૃત (સોમરસ) આપું છું.

જેમની પાસે ઇન્દ્ર તેમજ શબ્દ નથી તેવા લોકો મને શું કરવાના છે ? મેં તે ક્ષેત્રમાં અનેક પ્રકાશયુક્ત, સંચરતાં સુખમય ધણ જોયાં. તેમણે મને પકડ્યો નહિ, કારણ કે તે જન્મ્યો હતો; જે ગાયો જીર્ણ થઈ ગઈ હતી તે પણ ફરી યુવાન બની.''૧૦ અહીં આપણે યોગ્ય રીતે પૂછી શકીએ કે આ પ્રકાશયુક્ત ગાયો કઈ હતી, કે જે જીર્ણ હતી અને ફરી યુવાન બની ગઈ ? ચોક્કસ તે ભૌતિક ગાયો ન હોઈ શકે અને જ્યાં એ સોનેરી સૂંઢવાળો દેવ-યોદ્ધો તથા પ્રકાશયુક્ત ગાયોનાં ધણ દેખાયાં તે ક્ષેત્ર કોઈ યમુના કે જેલમ નદી પરનું પાર્થિવ ક્ષેત્ર ન હોઈ શકે. તે ગાયો કાં તો ભૌતિક હોય કે પછી દિવ્ય હોય. આ ગૂઢવાદી દશ્ય દિવ્ય પ્રકાશનું રૂપક છે. તે એવા પ્રકાશો છે કે જેમને અંધકારની શક્તિઓ ચોરી ગઈ હતી, અને હવે તે દિવ્ય રીતે પાછા લાવવામાં આવ્યા છે. તેમને પાછા લાવનાર ભૌતિક અગ્નિનો દેવ ન હતો; પણ પહેલાં ભૌતિક અસ્તિત્વની ક્ષુદ્રતાઓમાં સંતાડી રખાયેલી જાજવલ્યમાન અગ્નિશક્તિ છે, કે જેને હવે પ્રકાશમય માનસિક ક્રિયાઓમાંથી મુક્ત કરવામાં આવી છે.૧૧

અંગિરસની રૂપક-કથા એ અંધકારમાંથી સૂર્યનાં કિરણો દ્વારા જ્ઞાનની શોધ છે. સરમા એ દિવ્ય કૂતરી છે, જે ગાયોને શોધવામાં મદદરૂપ થાય છે. તેનો અર્થ શ્રીઅરવિંદ પ્રજ્ઞાવસ્થા, અંતઃસ્ફુરણા, ઊર્ધ્વજ્ઞાન કરે છે. ગાયો એ સૂર્યનાં કિરણો છે. ''જેમાં ગાયો પૂરવામાં આવી છે તે મજબૂત વાડાનાં દ્વાર તમે બે જણ ખોલી નાંખો છો. (૯.૬૨.૧૧) હે અંગિરસ, તમે બંને મન વડે આનંદને પ્રાપ્ત કરો છો, અને ગાયોના ધણની ગુફાનાં દ્વાર ખોલવા પ્રથમ તેમાં પ્રવેશ કરો છો.'' (૧,૧૧૨,૧૮) છેલ્લી ઋચામાં ધણનો મુક્ત કરાયેલો પ્રવાહ તે પ્રકાશનો સમુદ્ર છે.

આ રૂપાંતરોમાં તેમને એક સુસંગત વિચાર-સૂત્રમાં બાંધે તેવો કોઈ નિશ્ચિત અર્થ છે ? કે પછી ઋષિઓ સ્વચ્છંદતાપૂર્વક ચોરાયેલી ગાયોને પાછી મેળવવા માટે કરવાના યુદ્ધ માટે ઘડીકમાં આ દેવને તો ઘડીકમાં બીજા દેવને આજીજી કરે છે ? આ ચોરાયેલી ગાયોની ઘટના એક પરસ્પર સંબંધિત રૂપકો અને દશ્યોની સમગ્ર પ્રકૃતિનો એક ભાગ છે.

ગાયોનો અર્થ સ્પષ્ટ કરવામાં અમુક વિદ્વાનો તેને પ્રાણી તરીકે સમજાવે છે. પરંતુ વાસ્તવમાં સંદર્ભ મુજબ તેનો પ્રતીકાત્મક અર્થ લેવો જરૂરી છે. તે સૂર્યનું કિરણ કે ઇન્દ્રિય તરીકે પણ લેવાય છે. દીર્ઘતમસ દ્વારા પ્રથમ મંડલના એકસો ચોસઠમા સૂક્તમાં ગાયને પ્રાકૃતિક રીતે સમજવામાં આવી છે.૧૨ જે ગાય દૂધ આપે છે, તે ઘાસ ચરે છે તેમ તેને ઉદ્દેશીને કહેવામાં આવે છે. પરંતુ તે પછીના મંત્રમાં જે બે પગવાળા, ચાર પગ, આઠ પગ, નવ અને વધુ પગવાળા જીવને અનુલક્ષીને કહેવાય છે, પરંતુ તેનો અર્થ પ્રાણીના સંદર્ભમાં થતો નથી, તે પ્રતીકાત્મક અર્થ છે.૧૩ ભેંસ પાણીમાં વધુ રહે છે તેથી 'ગૌરી'ને ભેંસ તરીકે સમજે છે. તેનો અર્થ બે દિશા, ચાર, નવ દિશામાં જે દેવતત્ત્વો પથરાયેલાં છે તેમ પણ કરવામાં આવે છે. પરંતુ તેનો અર્થ જાણે કે પાણી સાથે સંકળાયેલો હોય તેમ કરવામાં આવે છે.

'ગૌરી'નો અર્થ 'વાક્'ના સ્વરૂપે બ્રહ્મન્ કરવામાં આવે છે. એકપદી, દ્વિપદી, ચતુષ્પદીને વ્યાકરણ અને ભાષાનાં નામ અને વિશેષણ સાથે જોડવામાં આવે છે. ગાય એ વિશ્વની ધારિત્રી છે, જે સર્જક છે. વિશ્વામિત્રના મંડળમાં જ્યાં તે ઉષાના પ્રકાશમાં રજૂ થાય છે ત્યાં 'અક્ષર' તત્ત્વ ઉદ્ભવે છે, અને દેવીનો પ્રાદુર્ભાવ થાય છે. ત્રીજા મંડળમાં પંચાવનમો મંત્ર આ મુજબ છે.૧૪ આ 'અક્ષર' તત્ત્વમાંથી સમુદ્ર અને દિશાઓ ઉદ્ભવ્યાં છે તેમ દીર્ઘતમસના મંત્રમાં કહેવાયું છે. વિશ્વામિત્ર અને દીર્ઘતમસ બંને ગાય વિશે આ ઉલ્લેખ સાથે સંબંધિત છે તેથી ગાયોનો પ્રતીકાત્મક અર્થ લેવાવો જોઈએ. એ અક્ષર હોવા છતાં તે ક્ષરની પ્રક્રિયામાંથી પસાર થાય છે.

**સંહિતા અને ઉપનિષદ :**

આ ઉપરાંત જો ગાય એ 'વાક્'નો આવિર્ભાવ હોય તો તેને 'ૐ' સાથે સંબંધ છે. તે એકાક્ષરી છે તે અક્ષર છે. ભાષાના 'અણુ' સાથે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેને સરખાવવામાં આવે છે. ઋષિ તેને 'શબ્દ-બ્રહ્મ'ના સત્તત્ત્વના દરજ્જે મૂકે છે એમ કહી શકાય. તેનાં ચાર સ્તરો કહેવામાં આવે છે તે પહેલા મંડળના આ મંત્રમાં રજૂ થાય છે.[૧૫] છાંદોગ્ય ઉપનિષદમાં ઋષિ હરિદ્રુમતા શિષ્ય સત્યકામને શિક્ષણ આપે છે તેને દીર્ઘતમસના આ પ્રતીકપરક મંત્ર સાથે સંબંધ રહ્યો છે તે દર્શાવી શકાય. સત્યકામને ગુરુ દ્વારા કામ સોંપવામાં આવ્યું હતું એ આ ચારસો ગાયોને તેણે સંભાળવાની છે અને જ્યાં સુધી તે એક હજાર ન થાય ત્યાં સુધી તેણે પાછું આવવાનું નથી. સત્યકામ આ કાર્ય પરિપૂર્ણ કરે છે અને જે આખલો તેને સૂચન કરે છે અને બ્રહ્મતત્ત્વ વિશે કહે છે તેનો તે નિર્દેશ કરે છે. બ્રહ્મ એ ચાર પદવાળો છે તેમ કહીને પ્રકાશવાન છે એમ કહે છે. તેને ચાર દિશાઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ છે જે બ્રહ્મનાં ચાર પાસાંઓ છે.

તે આખલો તેને પાછું જવા કહે છે અને પાછા જતાં રસ્તામાં અગ્નિ તેને બ્રહ્મનું રહસ્ય શીખવે છે. જ્યાં રોકાય છે ત્યાં અગ્નિ વિશે શિક્ષણ આપે છે. જેમાં સ્વર્ગ, અંતરિક્ષ, સમુદ્ર વિશે કહે છે. બ્રહ્મ 'અનંતવાન' છે તેનું એક પદ તે છે એમ કહે છે. ત્યારબાદ હંસ તેને શીખવે છે કે અગ્નિ, સૂર્ય, ચંદ્ર અને વિદ્યુત બ્રહ્મનાં પાસાં છે અને તેને 'જ્યોતિષ્માન' કહે છે. ત્યારબાદ 'મદ્‌ગુ' નામનું પક્ષી તેને શ્વાસ, નેત્ર, કાન અને મન બ્રહ્મનું જ એક પદ છે તે વિશે તેને શીખવે છે. બ્રહ્મ 'આયતવાન' તરીકે ઓળખાય છે. ચાર સાધનો દ્વારા જે શિક્ષણ આપવામાં આવ્યું તે એટલું અસરકારક રહ્યું કે જ્યારે સત્યકામ તેના ગુરુ પાસે પહોંચ્યો ત્યારે ગુરુએ તેને પૂરો શિક્ષિત કહ્યો અને બાકીનું ઔપચારિક શિક્ષણ આપી શિક્ષણ પૂરું કર્યું.

સર્જનની બાબતમાં પણ આ રૂપક-એક હજાર ગાયો-અંતિમ રીતે એકતત્ત્વને પ્રકાશિત કરે છે તે દર્શાવે છે. સત્યકામ બ્રહ્મતત્ત્વને ઓળખે છે. 'વાક્' સ્વયં એક હજાર અક્ષરો દ્વારા એકતત્ત્વને પ્રકાશિત કરે છે અને જગતના સર્જનના રહસ્યને 'ગૌરી' દ્વારા વ્યક્ત કરે છે, તે પછીના થોડા મંત્રમાં રજૂ થાય છે. જેમ 'ગૌરી'ને 'વાક્' સાથે સંબંધ છે તેમ એ હજાર ગાયોને એક હજાર અક્ષરો સાથે સંબંધ છે.

જેમ આખલો સત્યકામને બ્રહ્મનાં પાસાંઓનું જ્ઞાન આપે છે તેમ 'વાક્' દ્વારા સર્જનની ભીતરમાં એકતત્ત્વ રહ્યું છે તે આ પછીના અમુક મંત્રમાં 'એકમ્ સત્' કહેવામાં આવ્યું છે.[૧૬] એમ વામદેવતા જાણીતા મંત્રમાં-ચોથા મંડળમાં-બ્રહ્મતત્ત્વને ચાર શિંગડાં, ત્રણ પગ, બે માથાંઓ, સાત હાથ અને ત્રણ બાજુઓ આપ્યાં છે તેવું વર્ણન છે.[૧૭] ઉપનિષદમાં જે ચાર પદ કહેવામાં આવ્યા તે અહીં ચાર શિંગડાં કહેવાયાં. તેના ચાર આવિર્ભાવ છે. ભૌતિક, ચૈતસિક, અવકાશપરક અને સમયલક્ષી, જે પાર્થિવ અને મર્ત્ય છે તેમાં રહીને અંતર્મુખી બનીને તે સત્તત્ત્વ વિશે તેમને શિક્ષણ આપે છે. જે 'વાક્' એક હજાર અક્ષરવાળો છે તે વિવિધ ક્ષરયુક્ત યુગ્મોને સર્જી શકે છે. સત્યકામ જબાલના રૂપકમાં આ બાબતને રજૂ કરાઈ છે.

'ધૃત' ને ઋગ્વેદમાં પ્રતીકાત્મક રીતે પ્રયોજવામાં આવ્યું છે. ઋષિઓ યજ્ઞની વિધિ કરવામાં ઘીનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરતા હતા. જેમ ગાયો વિપુલ સંખ્યામાં હતી તેમ તેનું દૂધ, માખણ અને તેને લાંબા વખત સુધી ટકાવી રાખવા તેનું ઘી બનાવવામાં આવતું હતું. આ સંદર્ભમાં મહત્ત્વનું એ છે કે ઘીને પ્રતીક તરીકે ઉપયોગમાં લેવામાં આવતું હતું. 'ધૃતપ્રતીક' એવો શબ્દપ્રયોગ જોઈ શકાય છે. પ્રથમ મંડળમાં[૧૮] ઘીને મોઢાના પ્રતીક તરીકે પ્રયોજવામાં આવ્યું છે. 'બ્રાહ્મણ' સાહિત્યમાં તેને 'મોઢું' તરીકે લેવાય છે.[૧૯] ધૃત દ્વારા ઉષાને વધુ સમજી શકાય છે. તેમ તે પ્રકાશને મેળવી આપે છે. ઉષા એ સર્જક તરીકે વર્ણવાય છે. જેમ અશ્વ શક્તિને સર્જે છે તેમ ગાયો ઘીને સર્જે છે અને ઉષા પ્રકાશને સર્જે છે. સાતમા મંડળમાં તે[૨૦] ધૃતને પ્રકાશ, શક્તિ, પોષણના ગુણધર્મ માટે વર્ણવવામાં આવ્યું છે તે તેનું પ્રતીક છે.

ઋગ્વેદમાં 'ધાતુ' મુજબ શબ્દો અને નામના અર્થ કરવા જોઈએ અને એમ કરવામાં આવે તો સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદોનાં રૂપકો વચ્ચે એકસૂત્રતા જોવા મળશે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે સંહિતા એ પ્રકૃતિને કરવામાં આવતી પ્રાર્થનાઓ છે. યજુર્વેદ એ યજ્ઞો માટે ક્રિયાકાંડ છે. સામવેદ એ સંગીતપરક વેદ છે અને અથર્વવેદ એ ચમત્કારિક ઘટનાઓ સંબંધિત વેદ છે. પરંતુ આ અયોગ્ય સમજૂતી છે. ઋગ્વેદસંહિતા મુખ્ય છે. તેમાંના કેટલાક ભાગ અન્ય વેદમાં ફરીથી આવ્યા છે, તે રૂપકો ચાલુ રહ્યાં છે. ઉપનિષદોમાં પણ તેના વિષયો બદલાયેલા હોવા છતાં પ્રતીકાત્મક રીતે તાત્ત્વિક બાબતોને અનુલક્ષીને રજૂઆત થઈ છે. જેમ ઋગ્વેદના પ્રથમ મંડલમાં એકસત્તત્ત્વ વિશે કહેવામાં આવ્યું તેમ પરમતત્ત્વ અને જગત તેમ જ મનુષ્ય વચ્ચેના સંબંધ અંગે અમુક ઇંગિતો અને પ્રતીક દ્વારા તેનાં સ્તરો, વિકાસ તેમજ ઉત્ક્રાંતિના ખ્યાલો રજૂ થયા છે. ઋગ્વેદના છેલ્લા મંડળમાં એકતત્ત્વ વિશે ફરીથી સૂચવવામાં આવ્યું છે.[૨૧] વિદ્વાન મેધાવી કાન્તપ્રજ્ઞ એકમાત્ર પરમ સત્‌ની વિવિધ પ્રકારે કલ્પના કે વિવેચના કરે છે.

**તાત્ત્વિક ચિંતન :**

ઇન્દ્ર અને અગસ્ત્ય વચ્ચે પ્રથમ મંડળમાં જે સંવાદ થાય છે તેમાં પરમતત્ત્વનાં લક્ષણો વિશે જાણવા મળે છે.[૨૨] ''જે હાલ નથી તે કાલે પણ થવાનું નથી. જે સર્વોચ્ચ અને અદ્‌ભુત છે તેને કોણ જાણી શકવાનું છે ? અન્યની ચેતના દ્વારા તેને આકર્ષિત કરાય છે પરંતુ જ્યારે વિચારો દ્વારા તેની નજીક પહોંચવામાં આવે છે ત્યારે તે લુપ્ત થાય છે.'' પરમતત્ત્વ દેશ અને કાલથી પર છે. પરિમિત વ્યાપમાં જે કારણો દ્વારા તેને ગ્રહણ કરાય છે તેમાં તે નિષ્ફળ જાય છે. વિચારો દ્વારા તેને પ્રાપ્ત કરી શકાતું નથી. તે ચેતનાના પ્રતીક તરીકે રહેતા ઇન્દ્રની મદદ લેવી જોઈએ. કઠોપનિષદમાં યમ એ નચિકેતાને આ જ્ઞાન આપે છે.[૨૩]

ચક્ષુ, કર્ણ આદિ જ્ઞાનેન્દ્રિયોની તુલનામાં તેનાં રૂપ, શબ્દ, વિષયો ઉચ્ચ છે. ઇન્દ્રિયોના વિષયથી મન ઉચ્ચ છે. મનથી બુદ્ધિનું સામર્થ્ય ઉચ્ચ છે. બુદ્ધિથી આત્મા પર છે. આ મહાન આત્માથી પર અવ્યક્ત પ્રકૃતિ છે. તે અવ્યક્ત પ્રકૃતિથી પુરુષ ઉચ્ચ છે. તેના પર કશું નથી. એ બધાની પરમ અવધિ અને ગતિ છે. ત્યારબાદ કહેવાયું છે કે ''જ્યારે સાધકના હૃદયમાં બધી કામનાઓ નાશ પામે છે ત્યારે મર્ત્ય મનુષ્ય અમર થાય છે. આ માનવદેહમાં પરમ સત્યતત્ત્વનું દર્શન કરે છે.[૨૪]



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ઈશ ઉપનિષદમાં આ અમરતત્ત્વના સાધન વિશે કહેવામાં આવ્યું છે.[૨૫] જે મનુષ્ય આ બંને – જ્ઞાન અને અજ્ઞાનને સાથેસાથે જાણી લે છે તે અજ્ઞાન દ્વારા મૃત્યુની પેલે પાર જઈને જ્ઞાન દ્વારા અમરતત્ત્વને પ્રાપ્ત કરે છે. એકત્વ એ જ જ્ઞાન છે. તેથી સર્વ વસ્તુઓમાં એકતત્ત્વને જાણી લેવું તે શુભસંકલ્પ અને વિશ્વના સર્જનની ભાવનાને જાણી લેવા સમાન છે. આ ઉપરાંત એ ઉપનિદમાં આત્મતત્ત્વ વિશે કહેવાયું છે કે ''જે મનુષ્ય બધાં પ્રાણીઓમાં બધે આત્મા જુએ છે અને આત્મામાં બધાં પ્રાણીઓ જુએ છે તે કોઈ પણ વસ્તુની ઘૃણા કરતો નથી. જે જ્ઞાની પુરુષમાં એક માત્ર આત્મા બને છે તે એકત્વ જોનાર અને સાક્ષાત્કાર કરનારને કયો મોહ હોય ? તેને કયો શોક રહે છે ?'' પરમતત્ત્વની સમગ્રતા જાણવા માટે વેદમાં ચોથા મંડળમાં (ઋગ્વેદ) ''ચાર શિંગડાં, ત્રણ પોદ, પગનું'' વર્ણન છે તે સત્ ચિત્‌શક્તિ, આનંદ, અતિમનસ, મનતત્ત્વ, પ્રાણતત્ત્વ અને શરીરતત્ત્વ એ પ્રતીક તરીકે દર્શાવ્યાં છે.

આ ઉપરાંત છેલ્લા દસમા મંડલમાં કેન્દ્રીય ચેતના 'તપસ' દ્વારા વર્ણવાયું છે. ''ऋतम् च सत्यम् चाभिद्वात्तपसोऽध्यजापत''[૨૬] વેદમાં જે ચાર શિંગડાંનું વર્ણન છે તે વિશે શ્રીઅરવિંદ પરમતત્ત્વના ઊર્ધ્વ સ્તરને અનુલક્ષીને દર્શાવે છે કે સત્, ચિત્-શક્તિ, આનંદ અને અતિમનસ જે સર્જનશક્તિનાં લક્ષણો છે ત્યારે તેનાં ત્રણ પદ છે તે ન્મિનસ્તરનાં મન, પ્રાણતત્ત્વ અને શરીર છે જેને ભૂઃ, ભૂવઃ અને સ્વઃ પણ કહે છે. આને સાત હાથવાળા, 'सप्तहस्तासोऽस्य' પણ કહે છે. ઋષિ અઘમર્ષણ સત્ય અને ઋથ કેવી રીતે ઉત્પન્ન થયાં. ત્યારબાદ, રાત્રિ, દિવસ, સમુદ્રનું સર્જન એ મંત્રમાં દર્શાવે છે. ''ત્યારબાદ રાત્રિ થઈ તેમાંથી સમુદ્રનો ઉદ્‌ભવ થયો. અહીં એવો પ્રશ્ન થાય કે સમુદ્ર શી રીતે ઉત્પન્ન થયો ? તપસ્ દ્વારા સત્ય અને ઋતની ઉત્પત્તિ થઈ. સત્ય દ્વારા રાત્રિની ઉત્પત્તિ થઈ. સત્ય દ્વારા શી રીતે રાત્રિનો પ્રાદુર્ભાવ થયો તે વિચારમાં મૂકે છે.''

આ માટે યજુર્વેદના ઈશ ઉપનિષદમાં મંત્ર છે કે ''हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ।।''[૨૭] સત્યનું મુખ દીપ્તિમાન સુવર્ણના આવરણ દ્વારા ઢંકાયેલું છે. હે પૂષા ! સત્યના ધર્મને માટે યોગ્ય દૃષ્ટિ માટે તેને દૂર કરો. આ તપ દ્વારા સંભવિત બને છે. પરંતુ તે પરિમિત છે. તે આવરણરૂપે છે. એ આવરણે અનંતતત્ત્વને ઢાંકેલું છે. તે અનન્ય ધ્યાન દ્વારા શક્ય બને છે. એમ ધ્યાન કરવાથી કોઈ અન્ય બાબત પ્રત્યે બેધ્યાન થવાય છે. તેનાથી આવરણ સર્જાય છે. શરૂઆતમાં આ આવરણ પારદર્શી હોય છે. પરંતુ સમય જતાં એ અપારદર્શી બને છે, અને તેમાંથી પ્રકાશનું કિરણ પસાર થઈ શકતું નથી. ત્યાં અંધકારને મોટો ખાડો પડે છે. વેદમાં એને રાત્રિ કહે છે. આમ વેદમાં કહેવામાં આવ્યું છે કે 'તપસ્' દ્વારા સત્ય અને ઋત સર્જાયાં અને રાત્રિના આવિર્ભાવ થયો. ત્યારબાદ સમુદ્રનું સર્જન થયું 'समुद्रो अर्णवः ।' સમુદ્ર અંધકારનું પ્રતીક છે. રાત્રિની નિઃસ્તબ્ધતામાં એક વિશિષ્ટ ક્રિયા થાય છે. નીચેથી આરોહણ અને ઉપરથી અવતરણની ક્રિયા થાય છે. ત્યાં પ્રકાશ અને અંધકાર વારંવાર આવ-જા કરે છે. તેને માટે 'अहोरात्राणि' કહેવાયું છે.

જ્ઞાન અને આનંદની નીચે મન, અને પૃથ્વી ઉદ્‌ભવ પામે છે. મન અને જડ પદાર્થની વચ્ચે કડી સ્વરૂપે જીવન રહે છે. સર્વને ધારણ કરનાર પરમાત્માએ સૂર્ય અને ચંદ્રમા, દ્યુલોક, પૃથ્વીલોક અને મધ્યમવર્તી અંતરિક્ષ તેમજ અવરોહણ કરતા પ્રકાશ તથા સ્વર્ગને અગાઉ જેમ હતાં તેવાં બનાવ્યાં.[૨૮]

પ્રાચીન જ્ઞાન શાબ્દિક દૃષ્ટિએ વિવિધે દેવ-દેવીઓને ઉદ્દેશીને જગતની વિવિધ બાબતોને દર્શાવતું હોય તેમ જણાય છે પરંતુ તે જ્ઞાન 'ગૂઢ' અને 'રહસ્યમય' છે તેમ શ્રીઅરવિંદ સૂચવે છે. ફક્ત ઋગ્વેદસંહિતા જ રહસ્યમય નથી પરંતુ પછીનું વૈદિક સાહિત્ય કેવળ ઉપરછલ્લી રીતે વાંચવામાં આવે તો પ્રાથમિક માનવી પ્રકૃતિને જેમ છે તેમ સપાટી પર જોતો હોય તેમ લાગે. ભીતરમાં માનવીનો વિકાસ તેનું તાત્ત્વિક રહસ્ય વિચારે છે અને વિવિધ બનાવોમાં પ્રાણતત્ત્વ, મનતત્ત્વ અને ઊર્ધ્વનાં રહસ્યોમાં એકતા પ્રદર્શિત કરે છે. (સાભાર – 'સ્વાધ્યાય')

સંદર્ભ : ९. के मे मर्यकं वि यवन्त गोभिर्न येषां गोपा अरणश्चिदास ।
ये ई जगृभुखते सृजन्त्वाजाति पश्व उपनश्चिकित्वान् ।। (૫૨.૫),

૧૦. શ્રી અરવિંદ, ઓન વેદ, પૃ.૧૬૯

૧૧. શ્રી અરવિંદ, ઓન વેદ, પૃ.૧૭૦

१२. सूववासद भगवती हि भूया अथो वयं भगवन्तः स्याम् ।
अद्वितृणमध्ये विरक्दानीं पिब शुद्दमुदकमाचरन्ती ।। (१.१६४.४०)

१३. गौरीर्मिमाय सलिलानि नक्षत्येकदपी द्विपदी सा चतुष्पदी ।
अष्टापदी नवपदी बभूवुषी सहस्राक्षरा परमे व्योमन् ।।

१४. एषसः पूर्वां अधयद् व्यूर्षमहद् वि जज्ञे अक्षरं पदे गोः ।
व्रता देवानामुप नु प्रभूषन् महद् देवानापरसुत्वमेकम् (३.५५.१)

१५. चत्वारि वाक्परिमिता पदानि तानि सिदुर्ब्राह्मणा ये मनीषिणः ।
गृहा श्रीणि निहिता नेंगयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति (१.१६४.४५)

१६. इन्दं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः सुवर्णो गुरुत्मान् ।
एकं सद्विप्रा बहुधा वदन्तग्निं यमं मातरिश्वानमाहुः ।। (१.१६४.४६)

१७. चत्वारि श्रृंगा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्तहस्तासो अस्य ।
त्रिधा बद्धो वृषभो रोरवीति महो देवो मर्त्या आ विशेश ।। (४.५८.३)

१८. धृतप्रतीक च ऋतस्य धूर्षदमग्निं मित्रं न समिधान ऋज्जते । (१.१४३.७)

१९. धृतप्रतीकामुषसन्त देवी ता नो यामुत्रुरुष्याताममभीके (७.८५.१)

२०. अश्वाक्तीर्गोपतीर्न उषासो वीरवतौ; सदमुच्छन्तु भद्राः ।
धृतं दुद्दानो विश्वतः प्रपीतां यूयं पात स्वस्तिभिः सदा नः ।।(७.४१.७)

२१. सुवर्ण विप्रा; कवयो वचोभिरेकं सन्तं बहुधा कल्पयन्ति ।(१०.११४-५)

२२. न नून्मस्ति नो श्वः कस्तद् वेद यद्द्भुतम् ।
अन्यस्य चित्तमभिसंचरेण्यमुताधीनं वि नश्यति ।। (१-१७१-१

२३. इन्द्रियेभ्यः परा ह्यर्धा अर्थेभ्यश्च परं मनः । मनसस्तु परा बुद्धिर्बुद्घेरात्मा महान् परः । महतः परमव्यक्तमव्यक्तातत् पुरुषः परः । पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः ।। કઠ. ૧:૩:૧૦-૧૭

૨૪. કઠ ઉપ., ૨:૩:૧૨-૨૪

૨૫. ઈશ.ઉપ., ૧૧

૨૬. ઋગ્વેદ, ૧૦.૧૯૦.૧

૨૭. ઈશ.ઉપ., ૧૫

२८. सूर्याचन्दमसौ धाता यथा पूर्वमकल्पयत् ।
दिवं च पृथिवीं चाऽन्तरिक्षमथो स्वः ।। (ઋગ્વેદ.૧૦.૧૯૦.૨-૩)

**– હરસિદ્ધ મ. જોષી**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અનાથ બનેલા જગતના તાતની મદદે



તેલંગાણાના મેડક જિલ્લાના એક સાવ નાના ગામ એતિગફ્રા કિસ્તારપુરમાં પુલી રાજુનો જન્મ થયો હતો. ખેડૂત પરિવારમાં જન્મેલા રાજુનો ઉછેર સારી રીતે થયો, કારણ કે એના પરિવાર પાસે સત્તર એકર જમીન હતી. કિંતુ રાજુના દીર્ઘદષ્ટિ ધરાવતા દાદાએ આવનારા સમયને પારખી લીધો હોય તેમ રાજુના પિતાને તેઓ કહેતા કે ભણીગણીને કોઈ નોકરી શોધી લે, ત્યારે સહુને નવાઈ લાગતી અને એમની સલાહ પર કોઈએ ખાસ ધ્યાન ન આપ્યું. રાજુના દાદા ભવિષ્યનો વિચાર કરનારા અનુભવવૃદ્ધ હતા. તેમને લાગ્યું કે આવનારા દિવસોમાં માત્ર ખેતી પર ગુજરાન ચલાવવું આખા કુટુંબને માટે મુશ્કેલ બનશે. રાજુના પિતાએ નોકરી મેળવવાના થોડા પ્રયાસો કર્યા, પણ તેમાં સફળતા ન મળી. દસેક વર્ષમાં જ રાજુના દાદાની આશંકા સાચી સાબિત થવા લાગી. ગામના ખેડૂતો જળસંકટ, જલવાયુ પરિવર્તન અને બદલાતા પાકના ચક્રની સમસ્યાનો અનુભવ કરવા લાગ્યા.

આવી પરિસ્થિતિમાં એમણે રાજુના અભ્યાસ પર વિશેષ ધ્યાન આપ્યું. એણે હાઇસ્કૂલમાં સારા માકર્સ સાથે ઉત્તીર્ણ થઈને વારંગલની કાકતીય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. અર્થશાસ્ત્ર વિષય સાથે બી.એ. પાસ કર્યું. ૧૯૯૭માં એમ.એ.ની ડિગ્રી મેળવી અને ગજવેલ ગામમાં સરકારી સ્કૂલમાં શિક્ષકની નોકરી મળી ગઈ. તેની પત્ની પણ સરકારી સ્કૂલમાં શિક્ષિકા તરીકે કામ કરે છે. રાજુના જીવનમાં કોઈ મુશ્કેલી નહોતી, પરંતુ ખેડૂતોની આત્મહત્યા અને ત્યારબાદ પરિવારોની દારુણ સ્થિતિ તેનાથી સહન થતી નહોતી.

ઈ.સ. ૨૦૦૦માં એણે ખેડૂતોની આત્મહત્યા વિશે એક અહેવાલ વાંચ્યો, જે તેના પત્રકાર-મિત્રે લખ્યો હતો. એ તેના મિત્રને મળવા ગયો અને કેટલાક દર્દનાક કિસ્સાઓ સાંભળવા મળ્યા. એણે ખેડૂતોની આત્મહત્યાનો રેકોર્ડ રાખવાનું શરૂ કર્યું. ખેડૂતોએ શા કારણે આત્મહત્યા કરી, તેની પાછળ ક્યાં પરિબળો જવાબદાર છે અને તેની કેવી અસરો થાય છે, તે વિશે વિચારવા લાગ્યો. તેણે જોયું કે ખેડૂતની યુવાન વિધવાઓ અને બાળકો સરકારી સહાયથી વંચિત રહે છે. બાળકોનું સ્કૂલે જવાનું બંધ થઈ જાય છે અને માતા સાથે ખેતરોમાં મજૂરીએ જોતરાવું પડે છે.

ઘણી વખત એવું બનતું કે જેણે આત્મહત્યા કરી હોય તેના બાપ-દાદાની જમીન હોય, પણ તે ખેડૂતના નામે જમીન ન હોય તો તેને ખેડૂત તરીકે માનવાનો જ ઇન્કાર કરી દેવામાં આવે. રાજુ દિવસે સ્કૂલમાં બાળકોને ભણાવતો, તો બાકીના સમયમાં મૃત્યુ પામેલ ખેડૂતોની દસ્તાવેજી સાબિતીઓ એકત્રિત કરતો. ૨૦૦૨થી તો તે વ્યક્તિગત રીતે તેનો રેકોર્ડ રાખવા માંડ્યો. જે બાળકોના પિતાએ આત્મહત્યા કરી હોય તેવાં બાળકોને તે આર્થિક મદદ કરતો. પોતાના અન્ય સાથી શિક્ષકોને પણ બાળકોને મદદ કરવાની પ્રેરણા આપતો હતો.

૨૦૦૪થી તો તેણે આત્મહત્યા કરનારા ૧૮૦૦ ખેડૂતોનાં નામ સાથેનો રેકોર્ડ બનાવ્યો. જેનો કોઈ રિપોર્ટ થયો હોય નહીં તેવા તો જુદા. રાજુના અંદાજ પ્રમાણે આશરે ત્રણ હજાર ખેડૂતોએ આત્મહત્યા કરી હશે. તેથી રાજુએ સાચો આંકડો જાણવા સરકારમાં આર.ટી.આઈ. અંતર્ગત અરજી કરી, ત્યારે ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો પ્રમાણે ૧૯૯૭થી ૨૦૧૨ સુધીમાં તેલંગાણામાં ૧૪૭૪ ખેડૂતોએ આત્મહત્યા કરી છે, તેમ જણાવવામાં આવ્યું, ત્યારે એને આશ્ચર્ય થયું. રાજુ ખેડૂતોની પરિસ્થિતિ જાણવા આશરે ૩૭૦ કુટુંબોને મળ્યો. ખેડૂતોની આત્મહત્યાથી ગ્રામીણ અર્થવ્યવસ્થા અને સામાજિક પરિસ્થિતિ પર ઊંડી અસર થતી જોવા મળી.

એમણે જોયું કે ગામડાંમાં વીસથી પચીસ વર્ષે છોકરાનાં લગ્ન થાય છે, ત્યારે છોકરીની ઉંમર ૧૮થી ૨૦ હોય છે. ૯૦ ટકા કુટુંબોમાં જ્યારે આત્મહત્યાની ઘટના બને છે, ત્યારે સ્ત્રીની ઉંમર વીસથી ત્રીસ વચ્ચે હોય છે. તે વિધવાઓ પર કુટુંબની અને સંતાનની જવાબદારી, તેના શિક્ષણ અને લગ્નની જવાબદારી આવી પડે છે. જે સ્ત્રી ક્યારેક કોઈ નાની વસ્તુ પણ બજારમાં ખરીદવા ન ગઈ હોય, તેને બિયારણ અને પેસ્ટિસાઈડના ભાવતાલ કરતાં ક્યાંથી આવડે ? તે ઉપરાંત જ્યાંથી વ્યાજે પૈસા લીધા હોય તે લેણદારો પણ તેના પર પૈસા મેળવવા દબાણ કરતા હોય છે. આવી પરિસ્થિતિમાં ઘરમાં જે કંઈ હોય તે વેચી નાખવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. આ બધી જવાબદારી એટલી બધી હોય છે કે તે પુનર્લગ્ન કરી શકતી નથી. આની અસર સંતાનો પર પણ થાય છે. તેમનું સ્કૂલ ભણવા જવાનું બંધ થઈ જાય છે અને પોતાની સાથે મજૂરી કરવા લઈ જાય છે.

રાજુ ખેડૂત પરિવારમાંથી આવતો હોવાથી એણે જોયું કે તે જ્યારે નાનો હતો, ત્યારે કેમિકલવાળાં ખાતરો વપરાતાં નહોતાં. આજે કેમિકલના વપરાશને કારણે જમીનની ફળદ્રૂપતા સાવ ઓછી થઈ ગઈ છે. ભૂગર્ભનાં પાણી ઊંડાં જતાં રહ્યાં છે, તેથી બોરવેલ બનાવ્યા પછી પણ તેમાંથી પાણી મળશે કે નહીં, તેની ખાતરી નથી અને તેને માટે કરેલો ખર્ચ માથે પડે છે. ૨૦૧૪માં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ જણાવ્યું કે સમગ્ર દેશમાં સત્યાવીશ હજાર ખેડૂતોએ આત્મહત્યા કરી છે, ત્યારે પુલી રાજુએ આર.ટી.આઈ. કરીને માહિતી મેળવી, તો ખબર પડી કે એમાંથી માત્ર સાત હજાર ખેડૂતોને જ વળતર મળ્યું હતું.

આ સમાચારથી તેને એટલું બધું દુઃખ થયું કે ચારસો પરિવારોની ફરિયાદ લઈને તે હાઈકોર્ટ પહોંચી ગયા. એમની પાસે બધા દસ્તાવેજો હોવાથી બધાં કુટુંબોને વળતર મળ્યું, પરંતુ ત્યાં સુધીમાં તેમની દેવાની રકમ ઘણી વધી ગઈ હતી. રાજુએ આ પરિવારોને મદદ કરવા અપીલ કરી. ધીમે ધીમે ઉદ્યોગપતિઓ અને શ્રીમંતોએ મદદ કરી. એક ખાનગી કંપની ચાળીસ બાળકોને દત્તક લઈને એમની સ્કૂલની ફી આપે છે. રાજુ આવા પરિવારોને મદદ કરવાની સાથોસાથ પ્રાકૃતિક ખેતી કરવા માટે ખેડૂતોને પ્રેરિત કરી રહ્યા છે. આજે ૪૮ વર્ષના પુલી રાજુ છેલ્લાં વીસ વર્ષમાં અઢી હજાર પરિવારોને મદદ અપાવી ચૂક્યા છે. રાજુ નિઃસહાય બાળકોને સહાય કરીને તેમજ સમાજને માર્ગદર્શન આપીને એક શિક્ષક તરીકે સાર્થક ભૂમિકા નિભાવી રહ્યા છે.

સાભાર : 'વિશ્વ વિહાર'

**– પ્રીતિ શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગ્લોબલ વૉર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો - ૨૫

## ■ Bad News for the Earth

ઉપરોક્ત શીર્ષક હેઠળ 'સેન્ટર ફોર ધ ઇકોનોમી એન્ડ ગ્રોથ'ના ડાયરેક્ટર શ્રી મિહિર એસ. શર્માનો લેખ તા. ૨૪-૨-૨૫નારોજ Bus.Std.માં પ્રગટ થયેલ, જેના પર નજર નાખવા જેવી છે.

વિશ્વના મોટાભાગના દેશોએ પૃથ્વીના વધતા તાપમાનને અટકાવવા માટે જે કંઈ પગલાં ભરવાં જોઈએ તે ભરવામાં ઉત્સાહ નથી દાખવ્યો. પહેલાં આ દિશામાં લીધેલા નિર્ણયો પણ તેઓ પાળવા તૈયાર નથી. સરકારો બદલાય છે. પોલિસી બદલાય છે. Climate Actionની વાત પડતી મૂકીને ઇકોનોમીને તાત્કાલિક ધોરણે વધારવા સક્રિય થઈ જાય છે.

❍ જર્મનીમાં Freidrich Merz સત્તા પર આવ્યા છે. જાન્યુઆરી- ૨૦૨૫માં જર્મનીના એક ઔદ્યોગિક શહેરમાં તેમણે જણાવ્યું કે કોલસા આધારિત પાવર પ્લાન્ટ કે અણુઊર્જાના પાવર પ્લાન્ટ્સને તાત્કાલિક રીતે હાલમાં બંધ કરવામાં નહીં આવે. અન્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ચાલુ રાખવામાં આવશે.

❍ પોલાન્ડે ક્લાઇમેટ ચેન્જ સામે કોઈ પગલાં ભરવા માટેની જાહેરાત જ કરી નથી.

❍ ફ્રાન્સ અને સ્વિડન પોતાની જરૂરિયાતની ઊર્જા અનુક્રમે એટોમિક પાવર પ્લાન્ટ અને હાઈડ્રોપાવર પ્લાન્ટમાંથી મેળવે છે.

❍ ઈટલી ગેસનો વપરાશ વધારી રહ્યું છે. તે માટે પાઈપલાઈનને તેમજ પ્રવાહી નેચરલ ગેસના ટર્મીનલનો ઉપયોગ કરે છે.

❍ અમેરિકન પ્રમુખ ટ્રમ્પ પાસેથી તો ક્લાઇમેટ એક્શનની આશા રાખી જ ન શકાય. ટ્રમ્પ પહેલાંની ડેમોક્રેટિક પક્ષની સરકાર પણ કંઈ મોટા પાયે કામ કરતી ન હતી. તેણે કાર્બન ડાયોક્સાઈડ છોડવાવાળા પર કોઈ ભારે ટેક્ષ નાંખ્યો ન હતો. જોકે રીન્યુએબલ ઊર્જાના ક્ષેત્રમાં કામ કરવાવાળાને સારી એવી આર્થિક સહાય આપવામાં આવતી હતી.

❍ ચીન પોતાને ડેવલપીંગ દેશ તરીકે ગણાવે છે. પરંતુ તે ભારત કરતાં પાંચ ગણો વધુ પૈસાદાર અને સૌથી વધુ ગ્રીન હાઉસ ગેસ છોડનારો દેશ છે. પ્રતિ વ્યક્તિ પ્રતિ વર્ષ વિશ્વનો ગ્રીનહાઉસ ગેસ છોડવામાં સરેરાશ આંક કરતાં બમણો ગેસ વાતાવરણમાં છોડે છે.

ચીન પોતાની મંદ પડી રહેલી આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા માટે કાર્બન ઇન્ટેન્સીવ સેક્ટરને સબસીડી આપે છે. તેમજ કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સ સ્થાપવાનું કામ જોરશોરથી ચાલે છે, જેનાથી ઉત્પાદન ક્ષમતામાં ૧૦૦૦ ગીગાવોટનો વધારો થશે.

❍ ભારતનો પ્રતી વ્યક્તિ પ્રતિ વર્ષ ગ્રીન હાઉસ ગેસીસ છોડવાનો આંક ગ્લોબલ એવરેજ કરતાં સારા એવા પ્રમાણમાં નાનો છે. અમેરિકા, ચીન અને યુરોપીયન દેશાએ જ ધરતીને બચાવવા માટે વિશેષ જહેમત ઉઠાવવાની જરૂર છે. પણ હાલમાં તેઓ વધુ સક્રિય થાય તેવું દેખાતું નથી.

## ■ ઉત્તરધ્રુવના ઉષ્ણતામાનમાં ૨૦ ડિગ્રી સે.ગ્રેડનો વધારો

તા. ૭-૨-૨૫ના ઇન્ડિયન એક્સપ્રેસમાંના સમાચાર પ્રમાણે Alind Chauhan લખે છે -

Temp. at the Nort Pole increased to more than 20 degree celsius above average. on 2 Feb.2025 Crossing the threshold to melt ice, during the days of the polar winter (which is from November to February. આનું શું કારણ હોઈ શકે ?

## ■ વર્ષ ૧૮૮૦ પછી દરિયાની સપાટીમાં ૨૫ સે.મીટરનો વધારો નોંધાયો છે. (૨૪ ફેબ્રુ.૨૦૨૫ ઇન્ડિયન એક્સપ્રેસ)

દરિયાની સપાટીમાં ૧ સે.મી.નો વધારો થતાં ૨૦ લાખ લોકો પાણીની રેલથી અસર પામે છે, દરિયાની સપાટીમાં થતો વધારો જમીન પરની પીગળતી ગ્લેશિયર્સના કારણે છે. ૫૦,૦૦૦ ચો.કિ.મી.માં તે પથરાયેલી હોય છે. છેલ્લા અભ્યાસ પ્રમાણે વર્ષ ૨૦૦૦માં ગ્લેશીયર્સના વિસ્તારમાં ૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આનો અર્થ થાય કે દર વર્ષે ૨૭૩ અબજ (બિલિયન) ટન બરફ ગ્લેશિયરમાંથી ગુમાવી રહ્યા છીએ. સમગ્ર પૃથ્વીની જનસંખ્યા એક વર્ષમાં જેટલા પ્રમાણમાં પાણી વાપરે છે તેના કરતાં ૩૦ ગણું પાણી આ બરફ આપી શકે છે.

ગ્લોબલ વોર્મિંગના કારણે દરિયો ગરમ થતાં પાણીના કદમાં વધારો થાય છે. કદમાં થતો આ વધારો, દરિયાની સપાટી ઊંચી લાવવામાં ગ્લોબલ વોર્મિંગનો ફાળો ૧/૩ પ્રમાણથી માંડી ૧/૨ જેટલો છે.

૧૮૮૦ પછી વિશ્વ સ્તરે દરિયાની સપાટીમાં ૨૧ થી ૨૫ સે.મી.નો વધારો થયો છે. જોકે છેલ્લાં વર્ષોમાં દરિયાની સપાટી ઊંચી આવવામાં પ્રતિ વર્ષ






### What Are the Effects of Climate Change on Future Generations?

**While climate change affects everyone, those who have contributed the least to the crisis—children, those in poverty, and future generations—are the most affected.**

- Extreme temperatures leave many families living in poverty with less food, less clean water, lower incomes and worsening health.
- Children's immune systems are still developing, leaving their rapidly growing bodies more sensitive to disease and pollution.
- Extreme events can destroy homes, schools, child care centers and infrastructure critical to children's well-being.
- Droughts and flooding can destroy crops and cut access to clean water.
- The UN warns that many families will have to choose between starvation and migration.



વધવાનો દર બમણો થતો રહ્યો છે. વર્ષ ૧૯૯૩માં વધારાનો દર ૦.૧૮ સે.મી. પ્રતિ વર્ષ હતો તે હાલમાં ૦.૪૨ સે.મી. પ્રતિ વર્ષ છે. વર્ષ ૧૯૯૩ અને વર્ષ ૨૦૨૪ દરમ્યાન 'નાસા'ના જણાવ્યા પ્રમાણે દરિયાની સપાટી ૧૦ સે.મી. વધી છે. છેલ્લાં ૨૫૦૦ વર્ષમાં આ દરે ક્યારેય દરિયાની સપાટી ઊંચી આવી નથી.

દરિયાની સપાટી પૃથ્વી પર સરખા સ્તરે વધતી નથી. વધારો સ્થાનિક ગરમી અને દરિયાની ખારાશ પ્રમાણે હોય છે. વિવિધ સ્થળના વધારાના આંકડા પર નજર નાંખીએ.

❍ વર્ષ ૧૯૮૭ થી ૨૦૨૧ સુધીમાં મુંબઈના દરિયાની સપાટી ૪.૪૪ સે.મી. વધી છે.

❍ આ જ ગાળામાં બંગાળના હલદીયા પાસે ૨.૭૩ સે.મી.

❍ આંધ્રપ્રદેશ વિશાખાપટ્ટનમ ૨.૩૮૧ સે.મી.

❍ કેરાલા કોચી પાસે ૨.૨૧૩ સે.મી.

નો વધારે થયો છે તેમ સેન્ટર ફોર સ્ટડી ઓફ સાયન્સ- બેંગલુરુનું કહેવું છે.

પ્રથમ નજરે દેખાતા આ નાના વધારાને અવગણવા જેવો નથી. વર્ષ ૧૯૯૦થી ૨૦૧૬ના ગાળામાં પ.બંગાળના દરિયાકિનારાએ ૯૯ ચોરસ કિ.મી. જેટલી જમીન ગુમાવી દીધી છે. આના મુખ્ય કારણમાં દરિયાની સપાટીનું વધવું છે તેમ વર્ષ ૨૦૧૮નો 'નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રીસર્ચ'નો અહેવાલ કહે છે.

જરનલ 'સાયન્ટીફીક રિપોર્ટ' (વર્ષ ૨૦૨૪)માં દર્શાવેલી વિગત પ્રમાણે વર્ષ ૨૦૧૮માં દુનિયાની ૨૯ ટકા વસતી દરિયાકિનારાના ૫૦ કિ.મી.ના પટ્ટામાં રહેતી હતી. આમાંના ૧૫ ટકા લોકો તો દરિયાકિનારાના ૧૦ કિ.મી.ના અંતરમાં જ રહે છે.

દરિયાની ઊંચી આવતી સપાટીથી દરિયામાં સર્જાતાં તોફાનો વધુ નુકસાન કરનારાં બને છે. તેમ જ દરિયાકિનારાની ઈકોલોજીને અસર કરે છે. કોરલ રીફ, મેન્ગ્રુવ્ઝ પર અસર દેખાય છે. વધુ જમીન ખારી બને છે. તેના ભૂતળનાં પાણી ખારાં થાય છે.

નાસાના ડાયરેક્ટરના કહેવા પ્રમાણે જો આપણે આમ ને આમ વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસીસ છોડતા રહીશું તો વર્ષ ૨૦૫૦ સુધીમાં દરિયાની સપાટીમાં ૨૦ સે.મી.નો વધારો જોઈશું. આવનારાં ૩૦ વર્ષોમાં આગળનાં ૧૦૦ વર્ષોમાં જે કંઈ ફેરફારો થયા છે તેના કરતાં બમણા ફેરફારો જોવા મળશે.

## ■ દેશના થર્મલ પાવર પ્લાન્ટ્સ પર એક નજર

વર્ષ ૨૦૨૨માં ભારતે જાહેર કર્યું હતું કે વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશના જી.ડી.પી.માં વધારો કરવા માટે ગ્રીન હાઉસ ગેસીસ છોડવાના પ્રમાણમાં ૪૫ ટકાનો કાપ મૂકશે, જેમાં સંદર્ભ વર્ષ ૨૦૨૫ ગણવામાં આવશે. - Reduce the emissions intensity of its GDP by 45% by 2030, from the 2005 level.

સાથેસાથે ૫૦ ટકા પાવર નોન ફોસીલ ફ્યુલ આધારિત પેદા કરવાનું નક્કી કર્યું હતું.

જોકે હાલમાં દેશમાં પાવર પેદા કરવામાં થર્મલ પાવર પ્લાન્ટનો દબદબો છે.

દેશમાં થર્મલ પાવર પ્લાન્ટની સ્થાપિત ક્ષમતા ૪ લાખ ૫૬ હજાર ૭૫૭ મેગા વોટ છે. જેમાં કેન્દ્રના પ્લાન્ટનો હિસ્સો ૨૨.૯ ટકા છે, રાજ્યનો ૨૩.૭ ટકા અને ખાનગી કંપનીઓના પ્લાન્ટ ૫૩.૪ ટકા છે.

ભારત પાસે ૧ એપ્રિલ ૨૦૨૩ના આંકડા પ્રમાણે કોલસાનો કુલ જથ્થો ૩૭૮.૨૧ બિલિયન ટન છે. દેશમાં ૭૩.૦૮ ટકા વીજ ઊર્જા કોલસા દ્વારા અને ૧.૪૮ ટકા ઓઈલ અને નેચરલ ગેસ દ્વારા પેદા થાય છે તેમ ૨૦૨૨-૨૩ના આંકડા કહે છે.

રાજ્યોમાંની પુનઃપ્રાપ્ત ઊર્જાની થોડી વિગતો જોઈએ.

❍ મહારાષ્ટ્ર ૩૧૫૧૦ મેગાવોટ ❍ ઉત્તર પ્રદેશ ૨૬૭૨૯ મેગાવોટ ❍ ગુજરાત ૨૬૦૭૩ મેગાવોટ ❍ રાજસ્થાન ૨૨૩૯૮ મેગાવોટ.

રાજ્યો પોતાના પ્રદેશમાં પેદા થતી વીજળી સંપૂર્ણપણે પોતાના ઉપયાગેમાં લેતાં નથી. ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, છત્તીસગઢ ક્રમ પ્રમાણે ૪૦ ટકા, ૩૮.૪૩ અને ૨૯.૯૨ ટકા પોતાને ત્યાં નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) ના પાવર પ્લાન્ટો દ્વારા પેદા થતી વીજળી વાપરે છે. NTPC ની વીજળીનો વધુ વપરાશ ગુજરાત રાજ્ય કરે છે. તે ૪૬૧૨ મેગાવોટ વીજળી NTPCની વાપરે છે.

ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ અલગ રાજ્યોમાંથી વીજળી ખરીદી લે છે. દેશમાં છત્તીગસઢ સૌથી વધુ વીજળી અન્ય રાજ્યોને વેચે છે. જેનો આંક વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૩૫.૨૯ મેગાવોટ હતો.

પોતાના રાજ્યમાં પ્રદૂષણ પેદા કરી અન્ય રાજ્યોને વીજળી પૂરી પાડે છે ત્યારે તેના બદલામાં વળતર મળવું જોઈએ. આ રકમ પર્યાવરણ જાળવવામાં વાપરવી જોઈએ.

## ■ અણુઊર્જા માટે વધી રહ્યું છે દબાણ

આ અંગે લેખમાળામાં આપણે થોડોક વિચાર કર્યો હતો. સરકાર ઉપર આ માટે આંતર બાહ્ય દબાણ વધી રહ્યું છે. અણુઊર્જાની ગણતરી 'Clean' એનર્જી તરીકે અને Non Fossil Fuels તરીકે ગણવામાં આવે છે. આપણે લેખમાળાના ૧૧ અને ૧૭મા મણકામાં અણુઊર્જા અંગે કેટલીક વાતો કરી છે.

અમેરિકામાં ટ્રમ્પ સત્તા પર આવ્યા તેમજ ભારતમાં આ વખતના બજેટમાં નાણાંમંત્રીએ જાહેર કર્યું કે હાલના એટોમિક એનર્જી એક્ટમાં અને સિવિલ લાયેબિલિટી ઓન ન્યુક્લિયર ડેમેજ એક્ટમાં સુધારો કરવાનો આશય છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ અણુઊર્જાના માર્ગે ટૂંકા ગાળામાં સરકાર

આગળ વધવા માગે છે, તેમ લાગે છે. અત્યાર સુધી ભારતમાં એનર્જી એક્ટ પ્રમાણે સરકાર જ અણુમથક સ્થાપીને ચલાવવાનું કામ કરતી આવી છે. આ એક્ટમાં સુધારો થવાથી સરકારની ભાગીદારી સાથે ખાનગી કંપની પણ અણુમથક સ્થાપીને તેને ચલાવી શકશે.

આ ઉપરાંત અણુમથકમાં અકસ્માત થાય ત્યારે જવાબદારી કોની? અણુમથકની ડિઝાઈન કરનારની ? પ્લાન્ટ તૈયાર કરનારની ? પ્લાન્ટ ચલાવનારની ? વળી, જવાબદાર બનેલ જે તે સંસ્થા કે કંપની નુકસાનનું સંપૂર્ણ વળતર આપવા બંધાયેલ છે કે માત્ર નક્કી કરેલી રકમ સુધી જ વળતર અપાશે ?

આ અંગેની સંપૂર્ણ વિગતો આગળ ઉપર જાણવા મળશે. પરંતુ પ્રાપ્ત સમાચાર પ્રમાણે ન્યૂક્લિઅર પાવર કોર્પોરેશને નાનાં રિએક્ટરો સ્થાપવા માટે ટેન્ડર મંગાવ્યા છે. (14.2.2025 Request for proposal for 220 MWe PHWR Bharat Small Reactors.)

વર્ષોથી ન્યુક્લિઅર ઊર્જા અંગે અભ્યાસ કરનાર શ્રી એમ.વી. રમણાએ ૧૩ ફેબ્રુ. ૨૦૨૫ના રોજ 'ધ હિંદુ'માં લેખ લખ્યો છે, જેનું મથાળું છે- 'Nuclear Energy' - dangerous concessions on Liability.' તેઓના મતે ભારતના નાણાંમંત્રીએ બજેટમાં ન્યુક્લિઅર પાવર અંગેના એક્ટમાં સુધારાની વાત, લાગે છે કે વોશિંગ્ટનને ખુશ કરવા માટે કરી છે !

સરકાર ન્યુક્લિઅર પ્લાન્ટ સપ્લાયર માટે રાહતની કોઈ પણ વાત કરશે તો તે ન્યુક્લિઅર સલામતી માટે ખતરારૂપ બનશે.

આપણે વર્ષ ૨૦૧૧માં જાપાનમાં ફુકુશિમા હોનારતને જોઈ છે, જેમાં થતાં નુકસાનને પણ જોયું છે. ન્યુ.પ્લાન્ટમાં જવાબદારી પ્લાન્ટ ચલાવનાર પર નાંખવામાં આવી રહી છે અને તેમાં રકમની મર્યાદા રૂ. ૧૫૦૦ કરોડ સુધીની જ રાખવાની વાત ચાલે છે. આ અન્યાયકર્તા છે. નુકસાન આના કરતાં ઘણું વધારે થતું હોય છે. ફૂકુશિમામાં પ્લાન્ટને સફાઈ કરવાનો ખર્ચ જ રૂ. ૧૫૦૦ કરોડ કરતાં હજાર ગણો વધારે હતો.

ન્યુ.પ્લાન્ટ સપ્લાય કરવાવાળાના દાવા બધા ખોખલા હોય છે. ન્યુ.પ્લાન્ટ બનાવનાર વેસ્ટીંગ હાઉસનો દાવો છે કે તેના પ્લાન્ટ AP 1000 માંથી મોટા પાયે રેડિયેશન નીકળવાની કે ફેલાવાની ઘટના ૫૦૦ લાખ વર્ષમાં (50 million years)માં એક વાર બની શકે છે. ભાઈ ! જો આ સત્ય હોય તો પછી અકસ્માત દરમ્યાન થનારા નુકસાનનું વળતર આપવાની જવાબદારીમાંથી કેમ છટકવા માંગો છો ?

અત્યાર સુધીમાં ન્યુ.પાવરપ્લાન્ટ અકસ્માતોમાં ડિઝાઈનની ખામી નજરમાં આવી છે. રમણાએ પોતાના લેખમાં આ અંગે વિગતો નોંધી છે.

અણુમથકો વેચવાવાળા ભારતમાં જવાબદારી લેવાની વાતે ભડકે છે. આ પહેલાંની યુ.પી.એ. સરકારે જવાબદારીની વાતને હળવાશમાં લીધી હતી. રાહતની વાત તેમાં હતી. યુ.પી.એ.સરકારનો વિરોધ કરતાં અરુણ જેટલીએ લખ્યું હતું - Leopard never changes its spots. દીપડો તેનું છળકપટ છોડે નહીં. કમનસીબે એન.ડી.એ. સરકાર પણ યુ.પી.એ. જેવું જ વલણ દાખવી ન્યુ.પ્લાન્ટ સપ્લાય કરનારના માથે સંપૂર્ણ જવાબદારી મૂકવાની ટાળે છે.

ગ્લો.વોર્મિંગની છાયા તળે મોંઘા અસલામત ન્યુ.પ્લાન્ટ બિન-જવાબદારી સાથે ભારતને પરદેશી કંપનીઓ વળગાડવા માંગે છે.

## ■ આ લેખમાળાના અંતે

આ લેખમાળા ભૂમિપુત્રના તા. ૦૧-૦૧-૨૦૨૩ના અંકથી શરૂ કરી હતી તે ૧૬-૦૩-૨૦૨૫ના આ અંકથી પૂરી કરીએ છીએ. કુલ ૨૫ લેખો ૨ વર્ષમાં લખાયા.

જાન્યુ.૨૦૦૦માં તા. ૩૦-૩૧ તારીખોમાં ૨ દિવસના સંમેલન ટાણે પુસ્તક 'ક્લાઈમેટ ચેન્જ - ક્લાઇમેટ ક્રાઇસીસ ૦ ગ્લોબલ વોર્મિંગ - ગ્લોબલ વોર્નિંગ' પ્રગટ કરેલું. તેમાં ગ્લોબલ વોર્મિંગ અંગે પાયાની સમજણ પ્રાપ્ત થાય તેવા લેખો સમાવવામાં આવ્યા છે.

આશા હતી, વિશ્વસ્તરે ભરાતાં COP સંમેલનો અને થતા નિર્ણયોના અમલીકરણથી ચિત્ર બદલાશે. પરંતુ ૧૨ સાંધો ત્યાં ૧૩ તૂટે તેવું થતું રહ્યું છે. ગ્લો.વોર્મિંગની અસરો સમગ્ર દુનિયામાં દેખાવા લાગી છે. ગરીબ કે તવંગર તેના ભોગ બને છે પરંતુ આર્થિક રીતે સક્ષમ કટોકટી સમયે પોતાનો રસ્તો બનાવી લે છે.

સાચાં અર્થમાં સરકારો સક્રિય નથી થઈ. વિશ્વના નેતાઓ આર્થિક પ્રગતિના પંથે પોતાના દેશને દોડાવવા માંગે છે. શસ્ત્રો પાછળ મબલખ ખર્ચા થાય છે. કહેવાતા વિકાસ પાછળ લખલૂંટ નાણાં ખર્ચાય છે.

વિજ્ઞાનીઓ-સંશોધકો દિવસ-રાત મથીને આપણી સામે તથ્યો રજૂ કરે છે. પુનઃપ્રાપ્તઊર્જાના ક્ષેત્રે કોર્પોરેટ સેક્ટર અથવા માર્કેટ જે કંઈ કરે છે તે પોતાના ધંધાના વિકાસ માટે કરે છે. સરકાર તેમના માટે આર્થિક સગવડો કરે છે. તેમનાં ઉત્પાદનો નવા સ્વરૂપમાં બજારમાં મુકાય છે. લોકો તેને ખરીદે છે.

આ લેખો કોઈ નિબંધના સ્વરૂપે કે ટેક્ષબુકના સ્વરૂપે નથી લખાયા. દેશ-વિદેશમાં ગ્લો.વોર્મિંગની ગતિવિધિને દર્શાવવા લખ્યા છે. ક્યાંક ચિંતાને ઉજાગર કરી છે. આપણે પ્રશ્નોને હલ કરવા સામૂહિક શક્તિ નથી દાખવી શક્યા, તેવું લાગે છે.

કોઈ ભવ્ય ચમત્કાર થશે અને સ્થિતિ બદલાશે તેવું થશે તેમ મન માનતું નથી. વ્યક્તિગત ધોરણે કંઈક કરીને થોડો આત્મસંતોષ માની શકીએ પરંતુ જ્યાં સુધી એક પ્રચંડ પુરુષાર્થ નહીં કરવામાં આવે ત્યાં સુધી ઉષ્ણતામાનના વધતા પ્રમાણને અટકાવી નહીં શકાય.

આપણે આ વિષય પરથી નજર હટાવી રહ્યા છીએ તેમ નથી. સમયે સમયે શક્યતા તેમજ અનુકૂળતા પ્રમાણે ભૂમિપુત્રમાં લખતા રહીશું. કેટલીક જરૂરી માહિતી તેમજ અન્ય લેખો ઉમેરીને લેખમાળા પુસ્તક આકારે વાચકોના હાથમાં જલ્દી પહોંચે તેવો પ્રયાસ કરીશું.

**- રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# બસ્તર એન્કાઉન્ટરના વણઉકલ્યા પ્રશ્નો

**૧૯** ડિસેમ્બરે, છત્તીસગઢ પોલીસે નારાયણપુર જિલ્લાનાં જંગલોમાં સાત માઓવાદીઓને માર્યા હોવાનો દાવો કર્યાના એક અઠવાડિયા પછી, મેં જ્યાં ચાર મૉત થયાં હતાં તે કુમ્મામ ગામની મુલાકાત કરી હતી. જો કે મારા આગમન સુધીમાં તેમના મૃતદેહને દફનાવી દેવામાં આવ્યા હતા. પૂછપરછ કરતાં તેમના પરિવારો તરફથી જાણવા મળ્યું કે, તેઓ માઓવાદીઓ નહીં પણ સામાન્ય ગ્રામીણ હતા અને તેઓને તેમના ખેતરની નજીકની ઝાડીઓમાં સુરક્ષા દળોએ મારી નાખ્યા હતા. પોલીસે ૧૨ ડિસેમ્બરે બળવાખારો સાથે ગોળીબારના એન્કાઉન્ટરનો દાવો કર્યો હતો, ગામ લોકો મને જ્યાં હત્યાઓ થઈ હતી તે સ્થળે લઈ ગયાં હતાં. આ જગ્યા કાલ્હાજા-ડોન્ડરબેડાનાં જંગલોથી અઢી કલાકની અંતરે હતી. જ્યારે અમે આ વિસ્તારમાં ફરી રહ્યા હતા ત્યારે માથું ફાટી જાય તેવી દુર્ગંધ અમને આવી.

દુર્ગંધની દિશામાં અમે વાદળી ટી-શર્ટ અને ચડ્ડી પહેરેલાં એક યુવકની સડી ગયેલી લાશ જોઈ. આ લાશનું માથું એક તરફ વળી ગયેલું તેમજ તેના હાથ પગ શરીરથી છૂટા પડી ગયેલા હતા. તેના માથામાં એક મોટું કાણું પડી ગયું હતું અને તેની આંખો અસંખ્ય કીડાઓથી ઢંકાયેલી હતી. મારી સાથે રહેલા ગામલોકોએ આ લાશની ઓળખ, કુમ્મમ ગામના પટેલ ગુડસા ઓયમના પુત્ર નેવરુ ઓયમ તરીકે કરી હતી. ૧૨ ડિસેમ્બરે પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા ગામના ચાર લોકોમાં ગુડસાનો પણ સમાવેશ થતો હતો. ગુડસા ઓયમના પુત્રનો મૃતદેહ મળી આવતાંની સાથે આ વિવાદાસ્પદ એન્કાઉન્ટરમાં થયેલા મૃતકોની સંખ્યા આઠ પર પહોંચી ગઈ છે. જેને કારણે પોલીસ થિયરી સામે ઘણા પ્રશ્નો ઊભા થયા છે. કુમ્મમ ગામ એ નારાયણપુરના ઓરછા બ્લોકની રેકવાયા પંચાયતનો એક ભાગ છે. જે અબુઝમાદમાં અજાણી ટેકરીઓ પાસે આવેલો છે. મોટેભાગે આ પ્રદેશનો સર્વે કરાયેલો ન હોવાને કારણે આ પ્રદેશનો ઉપયોગ પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (માઓવાદી)ના ગેરિલા કરે છે.

૨૦૨૪માં છત્તીસગઢ પોલીસે 'માડ બચાવો અભિયાન' હેઠળ માઓવાદી વિરોધી આક્રમણ શરૂ કર્યું હતું. આ અભિયાન હેઠળ, પોલીસે અબુઝમાદ અને તેની આસપાસ ૧૦૦થી વધુ માઓવાદીઓને માર્યા હોવાનો દાવો કર્યો છે. ૨૦૨૪માં બસ્તરમાં પોલીસે વિદ્રોહી હત્યાઓ તરીકે જાહેર કરેલા ૨૧૭ મૃત્યુમાંથી આ આંકડો લગભગ અડધો છે. સ્ક્રોલના અગાઉના અહેવાલ મુજબ, આમાંનાં ઘણાં મૃત્યુ, માર્યા ગયેલા લોકોના પરિવારો દ્વારા પડકારવામાં આવ્યા છે. પરંતુ ૧૨ ડિસેમ્બરના એન્કાઉન્ટરે વ્યાપક લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. પોલીસ ગોળીબારમાં ઘાયલ ચાર બાળકોને આદિવાસી નેતા અને કાર્યકર સોની સોરી નજીકની હોસ્પિટલમાં લાવ્યા હતા. શરૂઆતમાં હૉસ્પિટલે નોંધ્યું હતું કે બાળકોને કોઈ અજાણી વિદેશી ચીજને કારણે ઈજાઓ થઈ હતી. ત્યારબાદ, જ્યારે એક સગીર રામલી ઓયમને રાયપુરની હોસ્પિટલમાં લઈ જવામાં આવી, ત્યારે ત્યાંના ડોક્ટરોએ તેની ગરદનમાં ફસાયેલી બુલેટ બહાર કાઢી હતી.

ઈજાગ્રસ્ત બાળકો પરના રોષનો જવાબ આપતાં, ૧૭ ડિસેમ્બરે બહાર પાડવામાં આવેલા એક અખબારી નિવેદનમાં, પોલીસે દાવો કર્યો હતો કે ઈજાઓ માઓવાદીઓ દ્વારા ફાયર કરવામાં આવેલા ક્રૂડ ગ્રેનેડના સ્પિલન્ટરના કારણે થઈ હતી. નિવેદનમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે માઓવાદીઓએ વરિષ્ઠ કેડર કાર્તિક ઉર્ફે દસરુની આસપાસ માનવ સુરક્ષા રિંગ ફેંકી હતી અને બાળકો તે રિંગનો ભાગ હતા. ૧૩ ડિસેમ્બરના રોજ માઓવાદીઓએ સ્વીકાર્યું હતું કે, કાર્તિક ૬૨ વર્ષની વયના સીપીઆઈ (માઓવાદી)ના વરિષ્ઠ નેતા હતા, તેઓ બીમાર હોવાથી તેમને રામલી મડકમ નામની પરિચારિકા આપવામાં આવી હતી. નિવેદન મુજબ માર્યા ગયેલા સાતમાંથી માત્ર કાર્તિક અને રામલી જ માઓવાદી હતા. બાકીના પાંચ સામાન્ય ગ્રામીણ હતા. આ દાવાઓની સ્વતંત્ર રીતે તપાસ કરવા માટે મેં ડુંગરાળ જંગલોવાળા પ્રદેશમાંની કઠિન મુસાફરી કરીને કુમ્મમ અને લોકવાડા ગામની મુલાકાત કરી, જ્યાં પોલીસ ગોળીબારમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. અહિંયાં પોલીસે રજૂ કરેલી કહાનીથી વિપરીત કહાની બહાર આવી. બંને ગામોના લોકોએ કહ્યું કે સુરક્ષા દળોએ નિઃશસ્ત્ર લોકો પર અત્યંત નજીકથી ગોળીબાર કર્યો હતો.

○ **ઘાસમાં છુપાઈ ગયા :** કુમ્મમ એ લગભગ ૧૩ ઘરોનું નાનું ગામ છે. આ બધા ઓયમ કુળના સભ્યો છે. બસ્તરના આ ભાગમાં રહેતા અન્ય આદિવાસી ખેડૂતોની જેમ, તેઓ દર બે વર્ષે જંગલની જમીનનો નવો ભાગ સાફ કરીને 'પેંડા ખેતી' તરીકે ઓળખાતી સ્થળાંતરિત ખેતી કરે છે. દર વર્ષે સપ્ટેમ્બરમાં, વરસાદી ઋતુ પૂરી થતાં ગામના સભ્યો જમીનના આ પેચમાં, અસ્થાયી ઘર બાંધીને માર્ચ સુધી ત્યાં રહે છે. અહીં તેઓ બાજરી જેવા કોસરાના પાક વાવે છે, જે બાદ આ પાકના અનાજની કાપણી, થ્રેસીંગ અને સફાઈ કરે છે. પચાસની ઉંમરનો આયતુ ઓયમના જણાવ્યા અનુસાર, ૨૦૨૪માં વરસાદનો વિલંબ થતાં એક દિવસ ૧૦ ડિસેમ્બરની મોડી સાંજે, તે અન્ય ગ્રામજનો સાથે તેના કાચા મકાનની ઘરની બાજુમાં એક ખડક પર બેઠો હતો ત્યારે તેમણે પાંચથી સાત મિનિટના અંતરે ત્રણ વિસ્ફોટો સાંભળ્યા હતા. જેથી આ વિસ્તારમાં સુરક્ષા દળોની હાજરીનો પહેલો સંકેત મળ્યો હતો. બીજી તરફ ગ્રામજનો ચિંતાતુર બની ગયાં હતાં. બીજે દિવસે સવારે, તમામ ગ્રામવાસીઓ કાપણી લેવામાં વ્યસ્ત હતા ત્યારે અંધાધૂંધ ગોળીબારોનો અવાજ સંભળાયો અને એક ગોળી પેંડાની નજીક રમી રહેલા આઠ વર્ષના છોકરા સોનુ ઓયમના માથામાં વાગી ગઈ હતી.

સુરક્ષા દળો ગામલોકોને બળવાખારોના સમર્થકો સમજીને ટાર્ગેટ ન બનાવી દે તેવા ભયને કારણે કેટલાક યુવાનોએ નજીકના જંગલમાં જઈને છુપાઈ જવાનું નક્કી કર્યું હતું. જંગલમાં ભાગી ગયેલા સોળમાંથી નવ છોકરીઓ હતી. અન્ય સાતમાં નેવરુ ગુડસા ઓયમ, મોટું આયતુ ઓયમ અને પાંચ, ચાર અને બે વર્ષનાં બાળકોના પિતા કોહલા ઓયમનો સમાવેશ થાય છે. મારી સાથે જંગલમાં આવેલા લોકોમાં એક ૧૯ વર્ષનો મનીષ ઓયમ પણ હતો. મનીષ મને જંગલમાં રહેલી કમર-ઊંચી ખજૂરીની ઝાડીઓ (છિંદ ઘાસ)ના એક પેચમાં લઈ ગયો હતો. તેણે મને આ જગ્યા બતાવીને કહ્યું કે, તે દિવસે તેણે અહીં અન્ય ૧૬ લોકો સાથે સુરક્ષા દળો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જોઈ ન શકે તે રીતે છુપાઈને ઘાસમાં આશરો લઈને રાત વિતાવી હતી.

બીજા દિવસે સવારે, સુરક્ષા દળોએ ડ્રોન ઉડાડીને આ તમામને શોધીને ઘેરી લીધા હતા. મનીષે દાવો કર્યો છે કે તેણે નજીક આવી રહેલા બે સુરક્ષાકર્મીઓ જે ગોંડી ભાષામાં વાતચીત કરી રહ્યા હતા તેમાંથી એક સુરક્ષા કર્મચારીએ બીજાને પૂછ્યું હતું કે, આ ઘાસમાં છુપાયેલા લોકોને પકડવા જોઈએ કે મારી નાખવા જોઈએ. ત્યારે બીજા સુરક્ષા કર્મચારીએ જવાબ આપ્યો હતો કે, ''દરેકને ગોળી મારી દેવી જોઈએ.'' મનીષના જણાવ્યા મુજબ, તેમની આ વાતચીત સાંભળીને મોટું ગભરાઈ ગયો હતો અને ડાબી બાજુના ઓપનિંગ તરફ દોડ્યો હતો. જે બાદ સુરક્ષા કર્મચારીઓએ તેને ખભાના પાછળના ભાગે ગોળી મારી હતી. મોટુંની પાછળ ભાગી રહેલા કોહલાને એક ગોળી છાતીમાં મારવામાં આવી હતી અને બીજી ગોળી પેટમાં મારવામાં આવી હતી. જોકે મનીષ બીજી દિશામાં દોડ્યો હોવાને લીધે તે કોઈ ઈજા વિના નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

○ **જોકે અન્ય મનીષ જેટલા નસીબદાર ન હતા :** મનીષે જણાવ્યું હતું કે, સોમારી નામની એક યુવતીને દળોએ પકડીને મારી નાખી હતી. બાદમાં, નેવરુ ઓયમનો મૃતદેહ સ્થળથી લગભગ ૨૦૦ મીટર દૂરથી મળી આવ્યો હતો. મનીષે કહ્યું કે, તેની પણ ભાગતી વખતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હશે. જ્યારે ગુડસાની હત્યા કેવી રીતે કરવામાં આવી તેવું પૂછતાં મનીષે કહ્યું કે, નેવરુના પિતા, ગુડસા ઓયમ, ઝાડીઓમાં છુપાયેલા સોળમાં નહોતા તેમ છતાં તે પણ અસ્થાયી વતન છોડીને ભાગ્યા હતા પણ આખરે તેમનો ટ્રેક ગુમાવી બેઠા હતા. ઝાડીઓમાં છુપાયેલા જે લોકોને મારવામાં આવ્યા હતા તે લોકોમાં અયતુ ઓયમનો મોટું પણ સામેલ હતો. અન્ય ઘાયલ લોકોમાં આઠ વર્ષીય સોનુ અને ૧૭ વર્ષીય રામલી હતી જે સુદ્રી, સુનિલા અને તુલસી નામની અન્ય ત્રણ છોકરીઓ સાથે ગોળીબારના સ્થળેથી ભાગી ગયાં હતાં.

રામલી રાયપુરની હોસ્પિટલમાં સારવાર લઈ રહી હતી. પરંતુ હું કુમ્મામમાં અન્ય ત્રણ છોકરીઓને મળવા પહોંચી ગયો હતો જે ગોળીથી બચી ગઈ હતી. જોકે ભાગતી વખતે તેઓના શરીર પર પડેલા ઉઝરડાનાં નિશાન સાફ દેખાતાં હતાં. આ છોકરીઓએ મને તેમની ઈજાઓ બતાવીને થયેલા ગોળીબારનું વર્ણન કર્યું હતું, જેને પાછળથી મનીષ અને ગામના અન્ય લોકોએ સમર્થન આપ્યું હતું. તુલસીએ કહ્યું, ''જો અમે ભાગ્યા ના હોત તો અમે માર્યા ગયા હોત.'' આશ્ચર્યજનક રીતે, છોકરીઓએ યાદ કર્યું કે જ્યારે તેઓ ભાગી રહ્યા હતા, ત્યારે તેઓ એક ગણવેશધારી પોલીસકર્મી અને એક પોલીસ મહિલાની વચ્ચેથી પસાર થયા હતા. પણ સદ્નસીબે બંનેમાંથી કોઈએ તેમને રોક્યા નહીં કે તેમને કોઈ પ્રશ્ન પૂછ્યો નહીં. સુદ્રીએ કહ્યું કે, ''અમે ફક્ત ઊંધું ઘાલીને ઝડપથી ચાલીને નીકળી ગયા હતા.'' ગોળીબારથી ભાગતી વખતે છોકરીઓને નાના ચીરા અને ઉઝરડા પડ્યા હતા.

○ **બાળકોને ત્યજી દેવાં પડ્યાં :** કોહલાએ ઝાડીઓમાં ભાગી જતા પહેલાં તેનાં બાળકો, ૫ વર્ષીય બિમલા, ચાર વર્ષીય સુકલાલ અને ૨ વર્ષીય રૈનુને તેમના પડોશીઓનાં બે મોટાં બાળકો, ૭ વર્ષીય બિનેશ અને ૯ વર્ષના કોંડા સાથે છોડી દીધાં હતાં.

મનીષ ઓયમે યાદ કર્યું કે, ''તેમણે બાળકોને તેઓ જ્યાં હતાં ત્યાં જ રહેવા કહ્યું અને પોલીસ જતાંની સાથે જ પાછા આવવાનું વચન આપ્યું હતું.'' પિતાએ સંભવતઃ ધાર્યું હતું કે, જો સુરક્ષા દળો તેમના પેંડા પર દરોડા પાડશે અને બાળકોને જોશે તો તેઓ તેમને નુકસાન વિના છોડી દેશે. જોકે, ગોળીબારનો અવાજ સાંભળતાં જ બાળકો ગભરાઈને ભાગી ગયાં હતાં. રૈનુને સાથે લઈ જવામાં અસમર્થ હોવાથી તેઓ તેને જંગલમાં છોડીને ભાગી નીકળ્યાં હતાં. જ્યારે ગોળીબાર બંધ થયો ત્યારે બાળકો સહિત તમામ ગુમ થયેલા લોકોની શોધમાં મહિલાઓ અને વૃદ્ધો તેમનાં ખેતરમાંથી બહાર દોડી આવ્યાં હતાં. ૧૩મી ડિસેમ્બરે બીજા દિવસે બાળકો ઘરે પરત ફરી રહ્યાં હતાં ત્યારે તેઓ મળી આવ્યાં હતાં. આ બાળકોએ ડરના કારણે જંગલમાં રાત વિતાવી હતી. કોહલાની પત્ની બુદ્રીએ બાળકોને તેની સોડમાં ખેંચતાં કહ્યું, ''તેઓએ એક જંગલી રીંછનો પણ સામનો કર્યો જે તેમને નુકસાન પહોંચાડ્યા વિના તેમની પાસેથી પસાર થઈ ગયું હતું.''

પરંતુ, ૧૩ ડિસેમ્બરે, કોહલાની જેમ રૈનુ હજુ પણ ગુમ હતો. કુમ્મમ સુધી વાત પહોંચી કે લેકાવાડામાં એક ત્યજી દેવાયેલ બાળક મળી આવ્યું હતું અને તેને તાડોપાટ ગામમાં લઈ જવામાં આવ્યું હતું. બુદ્રી ફટાફટ બે કલાકના અંતરે આવેલા પલ્લી ગામ પહોંચી હતી જ્યાં તેને તેનું બાળક રૈનુ મળી આવ્યો હતો. પરંતુ બુદ્રીને તેનું બાળક મળી આવ્યાનો આનંદ ક્ષણિક હતો. ટેડોપોટ ખાતે લોકોએ તેને સોશિયલ મીડિયા પર ફરતું પોલીસનું નિવેદન બતાવ્યું હતું, જેમાં મળેલા મૃતદેહોના ફોટા હતા. તેમાંથી એક તેનો પતિ કોહલા હતો. જોકે બુદ્રી આયમને તેનાં બાળકો તો મળી ગયાં હતાં પણ તેણે તેના પતિ કોહલાને પોલીસ ગોળીબારમાં ગુમાવ્યો હતો. બુદ્રીએ ગોંડી ભાષામાં કલ્પાંત કરતાં કહ્યું કે, ''મેં સરકારનું શું બગાડ્યું હતું કે તેણે મારી પાસેથી આટલું બધું લૂંટી લીધું છે ? હવે હું મારું જીવન કેવી રીતે આગળ વિતાવીશ ? જો મને કોઈ સંતાન ન હોત, તો હું હજી પણ કોઈની સાથે રહી શકત પણ મારાં ત્રણ બાળકો સાથે મને કોણ સ્વીકારશે ?''

○ **નાળા પાસે ગોળીબાર :** લોકાવાડા ગામના, પચાસ વર્ષીય માસા ઓયમે, રૈનુને એક પોલીસકર્મીએ તેને સોંપી અને તેણે કેવી રીતે તેની સંભાળ રાખી તે વાત વર્ણવી હતી. તેમણે યાદ કર્યું હતું કે, ''હું ૧૨મી તારીખે ખેતરમાં હતો... જ્યારે એક પોલીસકર્મીએ લગભગ ૪ વાગ્યાની આસપાસ એક બાળક મને સોંપ્યું હતું.'' હિંદીમાં વાત કરી રહેલા પોલીસ-કર્મીએ માસાને કહ્યું કે, તેને બાળક જંગલમાં મળ્યું છે. માસાએ ગોંડી ભાષામાં તેને કહ્યું કે, આ બાળક તેનું નથી. પણ પોલીસકર્મીએ બાળકને માસાના હાથમાં મૂકીને ચાલતી પકડી હતી. કુમ્મામની જેમ, લેકાવાડા પણ ગાઢ જંગલમાં બે કલાકના રસ્તે આવેલું લગભગ દસેક ઘરોનું એક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નાનું ગામ છે. અહીંના રહેવાસીઓ પણ શિફ્ટિંગ ખેતી અથવા પેંડા ખેતીનો અભ્યાસ કરે છે. એક યુવાન છોકરા લચ્છુ ઓયમે જણાવ્યું હતું કે, વિવિધ સ્થળોએ ફેલાયેલાં તેમનાં પેંડા ખેતરોમાં પહોંચવા માટે પહાડોમાંથી એક કલાકનો સમય લાગે છે. તેમના પરિવારનું પૈંડાનું ખેતર અયનેલ નામની જમીનના પેંચ પર આવેલું હતું.

૧૨ ડિસેમ્બરે લચ્છુ ઓયમના પિતા, જેમનું નામ પણ માસા ઓયમ છે, તેની માતા સુદની અને તેનો નાનો ભાઈ સીથરામ સવારે ૬ વાગ્યા સુધીમાં આયનેલ પહોંચવા માટે વહેલાં ઘરેથી નીકળી ગયાં હતાં. ગામના ૨૦ જેટલા અન્ય લોકો ત્યાં કામ કરતા હતા. માસા, તેના ૧૪ વર્ષના પુત્ર સીથરામ સાથે, માટી-પ્લાસ્ટરિંગના કામ માટે પાણી લેવા માટે નજીકની નદીના પેંગુડા નાળા પર ગયા હતા. તેમની સાથે લક્કે અને પુસે નામની બે સાળી અને સાળો ગોરા ગોપ્પા જોડાયા હતા. લક્કે જણાવ્યું હતું કે, જ્યારે તેઓ નાળા પર પહોંચ્યા ત્યારે તેઓને ૫૦૦ મીટર દૂર રહેલા સુરક્ષા દળોએ ઘેરી લીધાં હતાં. તેઓ ગભરાઈ ગયાં હતાં. એકાદ સેકન્ડ પછી માસાને, એક તેની છાતીના ભાગે બીજી થોડી નીચે એમ બે ગોળી મારવામાં આવી હતી. ગોળી વાગતાં જ માસા ફસડાઈ પડ્યા અને તે જોઈને અન્ય લોકો બને તેટલી ઝડપથી ભાગવા લાગ્યા હતા. ભાગતી વખતે, સીથરામને તેના નિતંબમાં ગોળી વાગી હતી. લક્કેએ કહ્યું કે તેણે સુરક્ષા કર્મચારીઓની ગોળીથી તેના જીજાજીને મોતને ઘાટ ઉતારતા જોયા છે. ઈજાગ્રસ્ત બાળક તે રાત્રે જંગલમાં રહ્યો. બીજા દિવસે સવારે તેની માતા પાસે પાછો ફર્યો. જે તેના પતિના મૃત્યુથી દુઃખી હતી.

કુમ્મમના અન્ય ઘાયલ બાળકોની જેમ, તેને આદિવાસી નેતા સોની સોરી દ્વારા ભૈરમગઢમાં નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. હોસ્પિટલ રજિસ્ટરમાં નોંધ છે કે, ચૈત્રમ નામના બાળકને ૧૪ ડિસેમ્બરે તેના 'નિતંબ અને જાંઘ'માં 'કેટલાક વણઓળખાયેલા કણ' સાથે દાખલ કરવામાં આવ્યો હતો.

અન્ય ઘાયલ લોકોમાં કુમ્મામનો આઠ વર્ષનો સોનુ ઓયમ પણ સામેલ છે. ભૈરમગઢ હૉસ્પિટલના રેકોર્ડમાં જણાવવામાં આવ્યું છે કે, તેને માથામાં અજાણી ચીજ મારવામાં આવી હતી. ત્રીજો દિવાલુરનો ૧૭ વર્ષનો સગીર છોકરો રાજુ બંદમ હતો, જે તેની પેંડા ખેતીમાં મદદ કરવામાં કુમ્મમમાં તેની બહેનના ઘરે આવ્યો હતો. જમણા હાથની આંગળીઓમાં ફ્રેક્ચર થયેલા અને પગની ઘૂંટીની ઈજાઓ સાથે તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે તે ખેતરમાં બાજરો ભેગો કરી રહ્યો હતો ત્યારે તેની પાસેથી ગોળી પસાર થઈ ગઈ હતી. ચોથી રામલી ઓયમ, કુમ્મામની ૧૭ વર્ષની સગીર છોકરી છે. રામલીને પહેલાં ભૈરમગઢ હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. તેના ડિસ્ચાર્જ રજિસ્ટરમાં 'ગરદનના પાછળના ભાગમાં અજાણ્યા કણ'ની હાજરી દર્શાવવામાં આવી હતી. રાયપુરની ભીમરાવ આંબેડકર હૉસ્પિટલના એક્સ-રે અને મેડિકલ રિપોર્ટમાં તેની ગરદનમાં ગોળી વાગી હોવાનું જણાયું હતું. તેની ૨૦ ડિસેમ્બરે સર્જરી કરવામાં આવી હતી, હૉસ્પિટલ રેકોર્ડ જણાવે છે કે, ''તેનું ઓપરેશન કરીને 2.5mm x 5mm ની ગોળી બહાર કાઢવામાં આવી હતી.''

○ **એક વિશાળ વિસ્તાર** : જ્યાં સુધી આ ઘાયલ બાળકોને ભૈરમગઢ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં ન હતાં, ત્યાં સુધી તો પોલીસે આ ઘટનાને સિફતપૂર્વક અખબારી નિવેદનો થકી વાળી દઈને પોતાની છબી સ્વચ્છ રાખી હતી. ૧૨ ડિસેમ્બરની સાંજે જાહેર કરાયેલ પ્રથમ અખબારી નિવેદન અનુસાર, દક્ષિણ અબુઝમાદમાં સવારે ૩ વાગ્યે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું પણ કયા સ્થળે થયું હતું તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. ૧૪ ડિસેમ્બરના નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, છત્તીસગઢ પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની સંયુક્ત ટીમ ૧૦ ડિસેમ્બરે સુરક્ષા કામગીરી માટે રવાના કરવામાં આવી હતી અને માઓવાદીઓ સાથે કાલ્હાજા-ડોન્ડરબેડાનાં જંગલોમાં સવારે ૩ વાગ્યે ગોળીબાર શરૂ થયો હતો જે મોડે સુધી ચાલુ રહ્યો હતો.

૧૮ ડિસેમ્બરે, ત્રીજા નિવેદનમાં દાવો કરવામાં આવ્યો હતો કે એન્કાઉન્ટર સવારે ૮ વાગ્યે શરૂ થયું હતું અને બપોરે ૩ વાગ્યા સુધી ચાલ્યું હતું, અને સ્થળ તરીકે લેકાવાડા-કલ્હાજા-કોંડાકોટીનાં જંગલો દર્શાવાયાં હતાં. જોકે, મેં ગ્રામજનોના જણાવ્યા અનુસાર નોંધ્યું હતું કે, કુમ્મામ લેકાવાડાથી લગભગ ત્રણ કલાકના અંતરે છે. જ્યારે કલ્હાજા અને ડોન્ડરબેડા વચ્ચેનાં જંગલો, જ્યાં એન્કાઉન્ટર થયું હોવાનું કહેવાય છે, તે તેમના ગામ કુમ્મમથી લગભગ ચાર કલાકના અંતરે છે.

કુમ્મમ અને લેકાવાડાના ગ્રામજનોના અહેવાલો સૂચવે છે કે, જે બન્યું તે એક એન્કાઉન્ટર નહીં પરંતુ બે દિવસમાં અનેક સ્થળોએ ગોળીબારના અનેક રાઉન્ડ કરવામાં આવ્યા હતા, જેમાં કુમ્મામના આઠ વર્ષીય સોનુને ૧૧ ડિસેમ્બરે ઈજા થઈ હતી, જ્યારે અન્ય લોકો ૧૨ ડિસેમ્બરના ગોળીબારમાં માર્યા ગયા હતા અને ઘાયલ થયા હતા. મેં ગ્રામજનોને પૂછ્યું કે શું આ વિસ્તારમાં સશસ્ત્ર માઓવાદીઓ હાજર હતા અને શું તેમની અને પોલીસ વચ્ચે ગોળીબાર થયો હતો ? દરેક જગ્યાએ, પ્રતિસાદ સમાન હતો - તેઓએ કંઈપણ જોયું ન હતું. કુમ્મામમાં અયતુ ઓયમે જણાવ્યું હતું કે, ૧૦ ડિસેમ્બરે, તેણે દૂરથી વિસ્ફોટો સાંભળ્યા હતા. જ્યારે મેં તેને પૂછ્યું કે શું તેઓએ આ વિસ્તારમાં કોઈ સશસ્ત્ર બળવાખોરોનો જોયા હતા, તો તેણે નકારમાં માથું હલાવીને કહ્યું કે, ''નક્સલ ઇલ્લા'' (કોઈ નક્સલી ન હતા).

લેકાવાડા ગામમાં, લક્કેને પૂછવામાં આવ્યું કે, જ્યારે સુરક્ષા દળોએ તેના જીજાજી પર ગોળીબાર કર્યો ત્યારે તેઓ કેટલા દૂર હતા ? ત્યારે તેણે અમે બેઠા હતા તે સામુદાયિક કેન્દ્રથી લગભગ ૫૦૦ મીટર દૂર એક આંગણા તરફ ઈશારો કર્યો હતો. જ્યારે મેં તેને પૂછ્યું કે શું આ વિસ્તારમાં માઓવાદીઓ હતા ? ત્યારે તેણે પણ નકારમાં માથું હલાવ્યું હતું. આઠ મૃતકો અને ચાર ઘાયલ બાળકો સિવાય,

(જુઓ પાન નં. ૦૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ - ભાગ : ૨

(ગતાંકનું ચાલુ)

**(૪) સત્તાનશીન લોકો માટે તમે પોતે જ જવાબદાર**

જગત જેવું છે તેને માટે તમે પોતે જવાબદાર છો એમ માનો. એટલે કે દેશમાં જુલમગારો, ગુંડાઓ કે ગુનેગારો શાસન કરતા હોય તો તેને માટે તમે પણ જવાબદાર છો, જો તમે તેનો વિરોધ ન કરતા હોવ તો. આજે જે પ્રતીકો છે તે આવતી કાલની વાસ્તવિકતા બને છે એ સ્વીકારો. સ્વસ્તિક હિટલરના નાઝીઓનું પ્રતીક હતું. આવાં ધિક્કાર અને ઘૃણાનાં પ્રતીકોને ઓળખો. ધિક્કારનાં નવાં નવાં પ્રતીકો ઊભાં થઈ રહ્યાં હોય છે એ પણ જાણો, સમજો. ભારતમાં જય શ્રી રામ, 'ભારત માતા કી જય' જેવાં સૂત્રો, ભગવા ઝંડા, 'હિંદુ રાષ્ટ્રનું શહેર' કે ગામ જેવાં પાટિયાં વગેરે આવાં પ્રતીકો બની રહ્યાં છે. શું એ પ્રતીકો નાગરિકોમાં ભાગલા પાડે છે? શું તે અન્ય લોકોને 'બીજા' (other) ગણે છે? શું તે નાગરિકોના સૌહાર્દ વચ્ચે ફાચર મારે છે? આ પ્રતીકો 'બીજા'ને તમારા અને દેશના દુશ્મન ગણવા માટે તમને કહે છે? તમે તેમનાથી દૂર ભાગો અને તેનાથી ટેવાઈ જાવ નહિ. તમે પોતે જ એ પ્રતીકોને દૂર કરવા અને તેમનો ઉપયોગ ન કરવા પ્રયાસ કરો તેમ જ અન્યો માટે તે દૂર કરવા માટેનું ઉદાહરણ બનો.

ઘણી વાર પ્રતીકોથી લાભ થાય છે અથવા એ પ્રતીકો ડરાવે છે. જેમ કે, દસ વર્ષ સુધી ચેકોસ્લોવેકિયાના છેલ્લા રાષ્ટ્રપ્રમુખ રહેલા સાહિત્યકાર વેકલાવ હાવેલ(૧૯૩૬-૨૦૧૧) તેમના એક પુસ્તક 'પાવર ઓફ ધ પાવરલેસ'માં એક ઉદાહરણ આપે છે. વિચારધારાથી કામ કરતા શાસકોથી ડરનારા લોકો જાતે જ પોતાના રક્ષણ માટે આશરો શોધી લે છે. એક દુકાનદારે એ દેશમાં પોતાના પાટિયા પર 'દુનિયાભરના મજૂરો એક થાવ' એમ લખેલું. હાવેલ કહે છે કે એ દુકાનદારને કદાચ કાર્લ માર્ક્સના આ શબ્દોનો અર્થ પણ ખબર નહિ હોય પણ સામ્યવાદીઓ તેને હેરાનપરેશાન ન કરે માટે તેણે આવું લખેલું. ભારતમાં મુસ્લિમો પોતાની દુકાનો કે રેસ્ટોરન્ટનાં નામો મુસ્લિમ દેખાય તેવાં ન રાખે અને હિંદુ લાગે તેવાં કે અન્ય પ્રકારનાં રાખે તેનું કારણ આ જ હોય છે. આ એમ બતાવે છે કે સત્તાધીશો સમક્ષ લોકો જાતે જ નમી જાય છે અને તેમની સત્તાને આપોઆપ તેઓ મજબૂત બનાવે છે.

## (૫) વ્યવસાયી સંસ્થાઓમાં ન્યાયી વ્યવહાર

તમે વ્યાવસાયિક નૈતિકતા અપનાવો. સંસ્થાઓ કંઈ માત્ર સરકારમાં જ હોય છે એવું નથી, પરંતુ આપણે જે વ્યવસાયી જૂથોમાં હોઈએ છીએ તે વ્યવસાયમાં પણ જાતજાતની સંસ્થાઓ તો હોય છે જ. એ કાયદો, તબીબી, અધ્યાપન, હિસાબી, ધંધાકીય, સરકારી નોકરી કે બીજા કોઈ પણ વ્યવસાયમાં હોઈ શકે છે. જ્યારે રાજકીય નેતાઓ ખોટું ઉદાહરણ પૂરું પાડે છે ત્યારે ન્યાયી વ્યવહાર માટેની વ્યવસાયી પ્રતિબદ્ધતા બહુ જ મહત્ત્વની બની જાય છે. જેમ કોઈ કેસ ન્યાયમૂર્તિ સિવાય ચાલી શકે નહિ તેમ વકીલો સિવાય કાયદાના શાસનનો ભંગ થઈ શકે જ નહિ. કાયદાના શાસનના ભંગમાં ઘણી વાર વકીલો તેમાં હાથો બને છે. આપખુદ નેતાઓને હંમેશાં કહ્યાગરા સરકારી નોકરો અને વકીલો ગમે છે, તેમની તેમને જરૂર પણ હોય છે. નાઝી જર્મનીમાં શ્રમ છાવણીઓ ઊભી કરવામાં આવી હતી તેનું એક કારણ એ હતું કે ધંધાકીય સાહસોને સસ્તા મજૂરો જોઈતા હતા. શોષણખોર વ્યવસ્થાઓ સરકારી માધ્યમથી ઊભી થતી હોય તો તેનો વિરોધ કરો. જેમ કે, ભારતમાં સરકારમાં દરેક સ્તરે ઊભી થતી કરારી નોકરીની વ્યવસ્થા.

## (૬) પોલીસ અને લશ્કરથી ચેતતા રહો

દેશના લશ્કરી કે અર્ધલશ્કરી દળોથી અને પોલીસથી નાગરિકોએ ચેતવાની જરૂર છે. પોતાનું અને પોતાના રાજ્યનું રક્ષણ કરવાનો અધિકાર અને રાજ્ય નાગરિકો માટે બેફામપણે નાગરિક સ્વાતંત્ર્યને છેહ દઈને આક્રમક બની જાય તો તેનો પ્રતિકાર કરવાનો અધિકાર, એ બંને અધિકારો એકબીજાની સામસામે છે. ઉપરી સત્તા દ્વારા જ્યારે ગેરકાનૂની કે અન્યાયી હુકમ કરવામાં આવે ત્યારે તમે શું વિચારો છો? શું તમે માત્ર સૈનિક છો અને પોલીસ છો માટે ઉપરી અધિકારીના હુકમ માનવા માટે બંધાયેલા છો તે રીતે જ વિચારો છો કે પછી લોકશાહી અને માનવઅધિકારોના સંદર્ભમાં એ હુકમનું મૂલ્યાંકન કરો છો? જે લોકો જાતજાતનાં નાનાંમોટાં શસ્ત્રો લઈને રાજ્યની વ્યવસ્થા સામે પડે છે તેઓ હંમેશાં કોઈક ગણવેશ પહેરવાનું શરૂ કરે છે. ઘણી વાર તેઓ ટોર્ચ સાથે અને તેમના નેતાના ફોટા સાથે રસ્તાઓ પર કૂચ કરે છે. જ્યારે અર્ધ લશ્કરી દળ, લશ્કર અને સરકારી પોલીસ એકબીજામાં ભળી જાય છે અને જાતે જ ન્યાય તોળવા માંડે છે ત્યારે લોકશાહી અને માનવઅધિકારોનો અંત નજીક આવી જાય છે. વળી, રાજ્યના તાબા હેઠળ કોઈ ગણવેશ સાથેનું લશ્કર હોય તે એક વાત છે અને કોઈ સંસ્થાના ગણવેશધારી લડાયકો કોઈક નેતાને અનુસરે તે એક બીજી જ વાત છે, એ સમજવાની જરૂર છે.

તિમોથી કહે છે કે હિંસાથી માત્ર વાતાવરણ બદલાઈ જાય છે એવું નથી પણ તેનાથી વ્યવસ્થાઓ પણ બદલાય છે. ગુસ્સામિશ્રિત જુસ્સા સાથે સરઘસો નીકળે છે અને તેમાં બીજા લોકોની બાદબાકી કરનારી વિચારધારાના લોકો હોય ત્યારે એ શસ્ત્રધારી લોકોની તાલીમમાં હિંસાનાં તત્ત્વો ઉમેરવામાં આવ્યાં છે એમ સમજવું જોઈએ. એ લોકો ઘણી વાર એવી છાપ ઊભી કરે છે કે તેઓ દેશનું, લોકોનું અને તેમની સંસ્કૃતિનું રક્ષણ કરનારા છે, પોલીસ અને લશ્કર નહિ. અને પછી તેઓ પોતે છેવટે પોલીસ અને લશ્કરને પણ પોતાની વિચારધારાના રંગે રંગી નાખે છે. એ સૌથી ખતરનાક બને છે કારણ કે લોકશાહીના પાયાના સિદ્ધાંત એવા કાયદાના શાસનનું ત્યારે નિકંદન નીકળી જાય છે.

## (૭) શસ્ત્રધારીઓ લોકશાહીના દુશ્મનો છે

જો તમારે દેશનું બાહ્ય આક્રમણથી રક્ષણ કરવા માટે શસ્ત્રો ઉઠાવવાં જ પડે તો સહેજ વિચારો કે કેમ એ કરવું પડે છે. જો તમે દેશની સેવા માટે શસ્ત્ર ધારણ કરતા હોવ તો ભલે. પરંતુ એ સમજો કે ભૂતકાળમાં અનેક દેશોમાં પોલીસ અને સૈનિકોએ જ દુષ્કૃત્યો કર્યાં છે અને કાયદાનો ભંગ કર્યો છે. કાયદાનો ભંગ એટલે કાયદાના શાસનનો અંત, લોકશાહીનો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અંત. એટલે 'ના' પાડતાં શીખો. ખાનગી વ્યક્તિઓ શસ્ત્રધારી બને એવી વ્યવસ્થા જ લોકશાહી માટે ખતરનાક સાબિત થાય છે. બધા જ શસ્ત્રધારી લોકોએ તેમની પોતાની સ્થિતિ વિષે ચિંતન કરવાની જરૂર હોય છે. તમે કોઈ સરઘસમાં, મોલમાં કે ટોળામાં શસ્ત્રો સાથે પેશ આવો તો તે ખરેખર તો જાહેર જનતાનો શાંતિપૂર્ણ સમાજ પેદા કરવાનો વિશ્વાસભંગ કરે છે. હાથમાં લાકડીઓ કે તલવારો સાથેનાં સામાજિક કે સંસ્થાકીય સરઘસો લોકશાહી માટે ખતરારૂપ છે એ સમજો.

પોલીસ કે લશ્કરના સૈનિક તરીકે તમારે કશું વિચારવાનું હોતું જ નથી પણ ઉપરીઓના આદેશોનું પાલન કરવાનું હોય છે. આદેશો અંગે જરા વિચારો કે તે શું માનવઅધિકારોના ભંગ કરનારા તો નથી ને. સોવિયેત સંઘમાં ૧૯૩૪માં NKVD એટલે કે 'આંતરિક બાબતોના લોક કમિશનર' નામની એક સંસ્થા ઊભી કરવામાં આવી હતી. તેણે ૬,૮૨,૬૯૧ જેટલા રાજ્યના દુશ્મનો, ખેડૂતો અને લઘુમતી લોકોને મારી નાખ્યા હતા. આ કૃત્ય આચરનારા અધિકારીઓ અને જોસેફ સ્ટાલિનના આદેશો વગર વિચાર્યે માનનારા જ હતા. એટલે જાતે વિચારવું કે ઉપરીઓના હુકમો ખરેખર કેટલા અમલમાં મૂકવા જેવા હોય છે.

## (૮) ખરાબ વ્યવસ્થાનો પ્રતિકાર

ઈન્ટરનેટ પર જે કંઈ ઠાલવવામાં આવે છે તેનો કાયમ જવાબ આપવા માટેનો પ્રયાસ કરવો નહિ. પણ સ્વતંત્ર રીતે બોલવું, અને પોતાની અભિવ્યક્તિની આઝાદીનો ઉપયોગ કરવો. કંઈક જુદું કરવું કે કંઈક જુદું કહેવું, પછી ભલે ને એ અન્યોને વિચિત્ર લાગે. તમે કોઈક નવું ઉદાહરણ ઊભું કરીને જ સમાજવ્યવસ્થાનો અને શાસનવ્યવસ્થાનો પ્રતિકાર કરો અને સુશાસન ખરેખર કેવું હોય તેના વિચારો વ્યક્ત કરો. એમ કરવાથી જૈસે થે સ્થિતિમાં ગાબડું પડશે અને પછી બીજા બધા તમને કદાચ આજે નહિ તો કાલે અનુસરશે. શાસનમાં પારદર્શિતા, ઉત્તરદાયિત્વ, વિકેન્દ્રીકરણ અને સહભાગિતા હોય તથા તેમાં કાયદાનું શાસન હોય અને માનવઅધિકારોનું જતન થતું હોય તો તે સુશાસન કહેવાય. આવા સુશાસન માટે સતત પ્રયત્નશીલ રહો.

હંમેશાં સરકારી શાસનવ્યવસ્થા જ્યારે આપખુદી વલણ અપનાવે ત્યારે તેનો પ્રતિકાર કરો. કોઈકે તો વિરોધ કરવો જ પડશે એમ માનીને પણ કોઈ કશું બોલતું ન હોય ત્યારે પણ તમે બોલો, લખો, અભિવ્યક્તિનાં તમામ સાધનોનો ઉપયોગ કરો. જે છે તે કે જે બને છે તેને સ્વીકારી ન લો અને આગોતરા સત્તાને શરણે ન જાવ. જો લડવાનું સ્વીકારશો તો સત્તાધીશોને તેમની યોજનાઓ બદલવાની ફરજ પડશે. બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટિશ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલ દ્વારા એમ જ કરાયું હતું. વ્યક્તિગત રીતે પણ આમ જ કરો. ઘણી વાર જેમની સતામણી કરવામાં આવતી હોય તેવા લોકોના બચાવમાં આવવાનું એ જ સત્તાધીશો સામે પ્રતિકારની રીત બની જતી હોય છે. જર્મનીમાં હિટલરના નાઝીઓ યહૂદીઓની કતલ કરતા હતા અને તેમની સતામણી કરતા હતા ત્યારે એક ઓસ્કાર શિંડલર નામનો ઉદ્યોગપતિ ૧,૧૦૦ જેટલા યહૂદીઓને બચાવે છે. નાઝીઓની કતલખોર શાસનવ્યવસ્થા સામે તેણે વ્યક્તિગત રીતે આ બળવો કર્યો હતો.

## (૯) ભાષા બદલો અને પોતાનો અભિપ્રાય ઘડો

સરકાર અને બીજા બધા જે ભાષા વાપરતા હોય તે ભાષાનો ઉપયોગ આપણે કદી ન કરીએ. દરેક વ્યક્તિ જે કંઈ કહે છે એમ તમને લાગે છે તે જ કહેવું હોય તો પણ તે બોલવાની તમારી પોતાની રીત શોધી કાઢો. ઈન્ટરનેટથી અલગ પડવાની રીત પણ શોધી કાઢો. શાસનવ્યવસ્થાનું અને સમાજવ્યવસ્થાનું મૂલ્યાંકન કરતાં પુસ્તકો અને લેખો વગેરે વાંચો અને પછી તમે પોતે તમારો અભિપ્રાય ઘડીને લોકો સમક્ષ રજૂ કરો. આધુનિક સામાજિક માધ્યમોમાં તમને એની સ્વતંત્રતા છે જ. એ સ્વતંત્રતા પણ બરકરાર રહે તે માટે પ્રયત્ન કરતા જ રહો. તમને વિચાર કરવાની આઝાદી છે અને તે વ્યક્ત કરવાની પણ આઝાદી છે એ યાદ રાખો. જુદી જ રીતે વિચારવાનું જરૂરી છે.

વિખ્યાત અમેરિકન ચિંતક નોમ ચોમ્સ્કી(૧૯૨૮-) કહે છે કે, 'લોકોને શાંત અને આજ્ઞાંકિત રાખવા માટેનો હોંશિયારીભર્યો રસ્તો એ છે કે સ્વીકાર્ય અભિપ્રાયની ચર્ચાની હદ નક્કી કરી નાખવી, પરંતુ એ હદમાં રહીને ઘણી જીવંત ચર્ચા થવા દેવી. એ હદમાં રહીને વધુ ટીકાત્મક અને અસંમતિસૂચક મંતવ્યોને પ્રોત્સાહન પણ આપવામાં આવે કદાચ. તેનાથી લોકોને એમ લાગે છે કે તદ્દન સ્વતંત્ર વિચાર-વિમર્શ ચાલુ છે, જ્યારે ખરેખર તો જે તે વ્યવસ્થાની પૂર્વધારણાઓ બધો વખત એ મર્યાદાઓ મજબૂત બને છે અને એ જ હદમાં રહીને ચર્ચા થયા કરે છે. જો તમે એ હદની બહાર ચર્ચા કરો તો તમને ગાળો દેવામાં આવે છે. એ ગાળો સહન કરીને પણ તમારે તમારી ભાષામાં બોલવું જ જોઈએ. જો સ્વતંત્ર અભિવ્યક્તિ નથી હોતી તો વ્યક્તિ જ નથી હોતી.

## (૧૦) હકીકતો મહત્ત્વની છે

સત્યમાં શ્રદ્ધા રાખો. હકીકતોને છોડી દેવાનો અર્થ થાય છે સ્વતંત્રતાનો ત્યાગ કરવો. જો કશું જ સત્ય ન હોય તો પછી કોઈ પણ વ્યક્તિ સત્તાની ટીકા નહિ કરી શકે કારણ કે પછી તો તમે ટીકા કરી શકો તેનો કોઈ આધાર બચતો જ નથી. જો કશું જ સાચું ન હોય તો પછી બધું માત્ર તમાશો જ બની જાય. સરકારો દ્વારા જાહેરખબરો આપીને કે પછી સમારંભો યોજીને ખરા પ્રકાશને અંધારામાં પરિવર્તિત કરવા માટે બહુ પૈસા ખર્ચાય છે. એની સામે હકીકતો અને આંકડા આધારિત સત્ય શોધી કાઢો. બધું જ સાપેક્ષ છે એમ કહેવું એ તો વાહિયાત બાબત છે. સત્તાધીશો હકીકતોને તોડેમરોડે અને લોકો સમક્ષ રજૂ કરે એ સાવ જ સ્વાભાવિક છે. હકીકત આધારિત સત્ય જ તમને સ્વતંત્ર કરે છે. સત્ય અને સ્વતંત્રતા સહોદર છે.

જે શાસકો સત્યનો અને હકીકતોને માનવા તૈયાર થતા નથી તેઓ જુલમી હોય છે. જે લોકો હકીકતોનો સ્વીકાર કરતા નથી તેઓ એ જુલમગારોના સમર્થકો હોય છે. કેટલાક પત્રકારોને પોતાની રેલીઓમાં ન આવવા દેવાનું વલણ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અપનાવવામાં આવ્યું હતું. એ જ રીતે, નરેન્દ્ર મોદીએ તેમના દસ વર્ષના શાસન દરમ્યાન એક પણ પત્રકાર પરિષદને સંબોધી નહોતી. જુલમી શાસકો હમેશાં સંશોધનાત્મક પત્રકારત્વના અને એ રીતે સત્ય તથા હકીકતોના દુશ્મન હોય છે. તેથી મહેનત કરીને અને જોખમ ઉઠાવીને જે સત્ય શોધી કાઢે છે તેમનું જાહેર સમર્થન કરો.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## (૧૧) છાનબીન અગત્યની છે

છાનબીન કરો. ''મને એમ લાગે છે કે★ એમ કહેવાનું રોજેરોજનું બની ગયું છે. એ એક દયા, કરુણા, પ્રેમ, સ્નેહ જેવી ભાવવાચક બાબત છે. પરંતુ તમે પોતે જ કોઈ પણ મુદ્દા વિષે તરતપાસ કરો. લાંબા લેખો વાંચો. જેમાં પણ છાનબીન સાથેની વાતો પ્રકાશિત થતી હોય તે ખરીદીને વાંચો. ઈન્ટરનેટ પર જે કંઈ આવે છે તેમાંનું ઘણું બધું ગેરમાર્ગે દોરનારું કે હાનિકર્તા હોઈ શકે છે. જેમાં પ્રચાર થતો હોય તેવી વેબસાઈટ કે અન્ય સ્રોતો વિષે પણ જાણો. તમે પોતે જે બીજા કોઈને મોકલો છો તેના વિષે જવાબદારી લો અને એમાં સચ્ચાઈ હોય તેની ખાતરી કરો. તમે પોતે એ છાનબીન સહિતની હકીકતોથી વાકેફ થાવ અને સાથે જ તેને તન, મન અને ધનથી ટેકો આપો.

યુગોસ્લાવ સાહિત્યકાર વેક્લાવ હાવેલ એમ કહે છે કે, 'જો વ્યવસ્થાનો એક મુખ્ય પાયો જુઠ્ઠાણાં સાથે જીવતો હોય તો એ આશ્ચર્યજનક નથી કે સત્ય સાથે જીવવું એ મૂળભૂત રીતે જોખમી બની જાય.' તમે પોતે પણ સત્યને શોધવાનો પ્રયાસ કરો અને જેઓ સત્ય શોધી લાવે છે અને રજૂ કરે છે તેમના પર વિશ્વાસ રાખીને એ સત્યનો પ્રચાર-પ્રસાર કરો. જ્યોર્જ ઓરવેલ કહે છે કે, 'છેતરપિંડીના જમાનામાં સત્ય કહેવું એ એક ક્રાંતિકારી કૃત્ય હોય છે.★ આ ક્રાંતિકારી કૃત્ય તમે પોતે બીજા કોઈ કરે તેની રાહ જોયા વિના કરો.

## (૧૨) બધાને વ્યવસ્થાઓ વિષે વાત કરો

લોકો સાથે આંખોમાં આંખો મિલાવીને રાજકીય અને સામાજિક વ્યવસ્થાઓ વિષે ટૂંકમાં સ્પષ્ટ વાત કરો. એક પડોશી, એક નાગરિક અને સમાજના એક જવાબદાર સભ્ય હોવાને નાતે બધા સાથે વાત કરો. તમારા વિરોધીઓ કે તમારાથી જુદી વિચારધારા ધરાવનારા સાથે પણ વાત કરવાનો પ્રયાસ કરો. તમારી આસપાસના લોકો સાથે સંપર્કમાં રહો અને સામાજિક અવરોધોને તોડી નાખો. કોઈ ડાબેરી છે કે જમણેરી, એ મહત્ત્વનું નથી. બધાને તમારી સાચી વાત અવશ્ય પહોંચાડો. હકીકતોનો પ્રચાર અને પ્રસાર કરવો જરૂરી હોય છે.

કોઈ વ્યક્તિગત રીતે દયા, કરુણા કે પ્રેમ બતાવીને બીજાને સહાય કરે તે સારી બાબત છે જ પણ અગત્યનો મુદ્દો એ છે કે જે વ્યવસ્થા આવી સહાયની જરૂરિયાત ઊભી કરે છે તેને વિષે વિચારો અને વાત કરો. દાનનો મહિમા બધા ધર્મોએ ગાયો છે અને દાન પુણ્ય કમાવી આપે છે તેમ જ સ્વર્ગમાં લઈ જાય છે એવી માન્યતાઓ ભરપૂર છે પણ જ્યાં શોષણ છે ત્યાં દાન મહત્ત્વનું બની જાય છે. એટલે શોષણજનક વ્યવસ્થાની વાત કરો અને એ વ્યવસ્થાનો વિરોધ કરો. દમનખોર શાસનવ્યવસ્થામાં તમારું પોતાનું રક્ષણ કેવી રીતે થઈ શકે તેને વિષે પણ સતત વિચારતા રહો અને મિત્રો કે સહયોગીઓ તૈયાર રાખો. કે જેથી અદાલતોમાં કે અન્ય રીતે તમારું રક્ષણ તમે કરી શકો.

વ્યક્તિગત સુધાર જરૂરી હોય છે પણ શાસકીય વ્યવસ્થા તેના કરતાં વધુ સુધારા માગે છે. એટલે જેઓ માત્ર વ્યક્તિગત સુધારાની વાત કરે છે અને કહેવાતું પોઝિટિવ થિન્કિંગ કરવાનું કહે છે તેમની જાળમાં ફસાઈ ન જાવ. કારણ એ છે કે તેઓ કદી પણ રાજકીય વ્યવસ્થાની ખામીઓ વિષે વાત કરતા હોતા જ નથી. મોટિવેશનલ સ્પીકરો પણ આ જ કતારમાં બેસનારા હોય છે.

## (૧૩) સત્તા સામેની લડતને ટેકો

સત્તાનું મૂર્ત રાજકારણ ખેલો, સત્તાનું અસ્તિત્વ બધે જ છે એ સમજો. માત્ર રાજકારણમાં નહિ, સમાજમાં બધે જ સત્તાનું રાજકારણ ખેલાતું હોય છે. એનાથી દૂર ભાગો નહિ. સત્તા તમારા દિલોદિમાગને નરમ બનાવી દેવા અને તમારી સંવેદનાઓને પડદા પાછળ દબાવી દેવા ઇચ્છે છે. એ વલણમાંથી બહાર નીકળો. અજાણ્યા લોકો વચ્ચે અને અજાણ્યા સ્થળોએ જાવ અને તમારી વાત અવશ્ય કરો જ. નવા મિત્રો બનાવો અને તેઓ સમાજમાં જ્યાં પણ સત્તા સામે જે લડત આપી રહ્યા હોય તેને તમારો ટેકો આપો. અનેક સ્થાનોએ જુદા જુદા લોકો પોતાના અધિકારો માટે નાનીમોટી લડત ચલાવતા જ હોય છે. એને ટેકો આપો એટલું જ નહિ પણ એને અન્ય લોકોના ધ્યાનમાં લાવવાનો પ્રયાસ કરો. સામાજિક માધ્યમોને તે માટે સાધન પણ બનાવો.

જેઓ દરેક બાબત સાથે સંમત થતા નથી એવા લોકો સાથે પરિવર્તનની વાત કરો, પછી ભલે તેઓ ગમે તે ક્ષેત્રના હોય. ઉપરાંત, જે લોકો તમારી સાથે અગાઉ નહોતા એમની સાથે પણ વાત કરો. વિરોધ સામાજિક માધ્યમોમાં જરૂરી છે પણ જ્યાં સુધી તમે શેરીઓમાં અને રસ્તાઓ પર આવીને વિરોધ કરતા નથી ત્યાં સુધી કશું થતું નથી. જો જુલમી શાસકોને એમ લાગે કે આ ત્રિપરિમાણીય જગતમાં તેમનાં કૃત્યો સામે કશું થતું નથી તો કોઈ પરિવર્તન આવવાની શક્યતા રહેતી નથી. સામ્યવાદી પોલેન્ડમાં લેચ વાલેસાના નેતૃત્વ હેઠળ 'સોલિડારિટી' નામે બંદર કામદારોએ જે આંદોલન ૧૯૮૦-૮૧માં કર્યું તે આનું ઉદાહરણ છે. એ આંદોલનમાં કામદારો ઉપરાંત વ્યવસાયીઓ, વકીલો અને વિદ્વાનો, પાદરીઓ અને ધર્મનિરપેક્ષ જૂથો પણ જોડાયેલાં. તેને પરિણામે પોલેન્ડની રાજકીય વ્યવસ્થા બદલાઈ ગયેલી એ એક હકીકત છે.

(ક્રમશઃ)

---

**સોક્રેટિસ ઉવાચ...** (પાન ૦૭નું ચાલુ)

સમુદાય પર તમારે આધાર રાખવો પડે છે?

હિન્દુત્વવાદી : અલબત્ત, સમાજમાં તો રહેવું પડે ને ? કોઈ એકલું કેવી રીતે જીવી શકે?

સોક્રેટિસ : બરાબર. અને જો તમારા પડોશીઓ તમારા પ્રતિ અણગમો કે અવિશ્વાસ વ્યક્ત કરે તો શું થાય? શું તમે શાંતિથી જીવી શકશો?

હિન્દુત્વવાદી : ના. તેથી તો જીવન કઠિન બની જાય.

સોક્રેટિસ : રાષ્ટ્રોનું પણ એવું જ છે. કોઈ પણ રાષ્ટ્ર બીજાં રાષ્ટ્રોથી અલગ ન રહી શકે. દરેક રાષ્ટ્ર પોતાની કેટલીક જરૂરિયાતો માટે અન્ય દેશો પર આધાર રાખે છે. જો ભારત વિશ્વનો આદર અને વિશ્વાસ ગુમાવી દે તો તે કેવી રીતે વિકાસ કરી શકશે કે તેનાં હિતોનું રક્ષણ કરી શકશે?



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હિન્દુત્વવાદી : પણ અમે મજબૂત છીએ. અમારી પાસે વિશાળ વસ્તી, પુષ્કળ સંસાધનો, અને મજબૂત સૈન્ય છે. અમે આત્મનિર્ભર બનવા માગીએ છીએ. અમને કોઈની મદદની જરૂર નથી. અમે અમારા પોતાના દમ પર ટકી શકીએ એમ છીએ.

સોક્રેટિસ : હા, કોઈ પણ રાષ્ટ્રે પોતે બને તેટલા આત્મનિર્ભર થવું જોઈએ, તે ખરેખર એક ઉમદા વિચાર છે. પરંતુ શું સાચી તાકાત એકલતામાં જોવા મળે છે કે સહકારમાં?

હિન્દુત્વવાદી : (દ્રઢપણે) આત્મનિર્ભરતામાં. અમારે કોઈના પર નિર્ભર રહેવાની જરૂર નથી.

સોક્રેટિસ : તો જરા વિચારો. ભારત માલની નિકાસ કરે છે, સંસાધનોની આયાત કરે છે અને ટેકનોલોજી, દવા વગેરેના વેપાર અને વાણિજ્યમાં ભાગ લે છે. જો અન્ય રાષ્ટ્રો ભારતમાં કરેલું તેમનું રોકાણ પાછું ખેંચી લે, તમારી સાથે વેપાર કરવાનો ઇનકાર કરે, કે માનવાધિકારના ઉલ્લંઘનને કારણે પ્રતિબંધો લાદે તો શું તમને નુકસાન નહીં થાય?

હિન્દુત્વવાદી : (ખચકાતાં) હા, અમારી અર્થવ્યવસ્થાને કદાચ અસર થઈ શકે છે.

સોક્રેટિસ : વધુમાં, સમગ્ર વિશ્વમાં ભારતીય આપ્રવાસીઓનું પ્રમાણ નોંધપાત્ર છે. જો ભારતની પ્રતિષ્ઠાને નુકસાન થાય, તો શું વિદેશમાં વસતા ભારતીયો પર તેની અસર ન થઈ શકે? વિદેશમાં કામ કરતા લાખો ભારતીયો જે તેમના પરિવારોને અબજો રૂપિયા મોકલે છે તેનું શું? જો અન્ય દેશો ભારતને અન્યાયી ગણીને આ કામદારો સાથે દુર્વ્યવહાર કરે કે હાંકી કાઢે તો શું થાય?

હિન્દુત્વવાદી : આ તો અન્યાય કહેવાય.

સોક્રેટિસ : ખરેખર. પરંતુ શું તે તમારી પોતાની નીતિઓનું પરિણામ નહીં હોય? જ્યારે આપણે આપણી સરહદોની અંદર કોઈ એક જૂથ સાથે દુર્વ્યવહાર કરીએ છીએ, ત્યારે આપણે અન્યત્ર આપણા લોકો માટે ન્યાયી વ્યવહારની માંગ કરી શકતા નથી. બધાં સાથે ન્યાયી વ્યવહાર કરવાથી જ સાચી તાકાત અને આદર મળે છે. મુસ્લિમો સહિત તમામ નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવું, એ માત્ર તેમને જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રને મજબૂત બનાવે છે. અને જે રાષ્ટ્ર માનવઅધિકારોનું સન્માન કરે છે તેની વિશ્વમાં પ્રશંસા થાય છે. ભેદભાવ અને ધિક્કાર માત્ર વિભાજન, દુઃખ, અને પતન તરફ દોરી જાય છે.

હિન્દુત્વવાદી : (ઊંડે ઊંડે ચિંતન કરતાં) મેં તેના વિશે આવું વિચાર્યું ન હતું. કદાચ મારા ગુસ્સાએ મને આંધળો કરી દીધો હતો. કદાચ સાચી દેશભક્તિનો અર્થ દરેક માટે ન્યાય સુનિશ્ચિત કરવાનો છે, માત્ર કેટલાક માટે નહીં.

સોક્રેટિસ : ખરેખર. અને વૈશ્વિક આદર એ માત્ર ગૌરવની બાબત નથી; તે પ્રભાવની બાબત પણ છે. શું તમે માનો છો કે વૈશ્વિક બાબતોમાં ભારતનો અવાજ મજબૂત હોવો જોઈએ?

હિન્દુત્વવાદી : અલબત્ત! અમે વિશ્વ ગુરુ બનવા માગીએ છીએ!

સોક્રેટિસઃ બરાબર. જો ભારતને પોતાના નાગરિકો સાથે ભેદભાવ કરતા રાષ્ટ્ર તરીકે જોવામાં આવે તો વિશ્વના મંચ પર તેનો પ્રભાવ ઘટે કે વધે? અને તે અન્ય દેશોમાં થતા માનવાધિકારના ઉલ્લંઘનની નિંદા કેવી રીતે કરી શકે જો તે પોતે જ દોષિત હોય તો ?

હિન્દુત્વવાદી : (ધીમેથી માથું હલાવતાં) તેનાથી અમારી સ્થિતિ નબળી પડે.

સોક્રેટિસ : બરાબર. હજુ પણ એક અગત્યની બાબત છે જેની ચર્ચા પ્રસંગોચિત છે. અને તે છે મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોમાં લઘુમતી તરીકે રહેતા હિન્દુઓ પર આ નીતિઓની અસરો. શું તમે વિચાર્યું છે કે તેઓ કેવી રીતે અસર કરી શકે છે?

હિન્દુત્વવાદી : સોક્રેટિસ, તમારો મતલબ શું છે?

સોક્રેટિસ : જો ભારત તેના મુસ્લિમ નાગરિકો સાથે ભેદભાવ કરે, તો શું મુસ્લિમ બહુમતી ધરાવતા દેશો પ્રતિક્રિયા કરવા માટે લલચાશે નહીં?

હિન્દુત્વવાદી : તમારો મતલબ છે કે તેઓ ત્યાં રહેતા હિન્દુઓને નિશાન બનાવી શકે છે?

સોક્રેટિસ : ચોક્કસ. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને કેટલાંક આરબ રાષ્ટ્રો જેવા દેશોમાં રહેતા હિન્દુઓનો વિચાર કરો. જો ભારત મુસ્લિમો પર જુલમ કરતી નીતિઓ અપનાવે, તો શું તમને નથી લાગતું કે તે રાષ્ટ્રો તેમની હિંદુ લઘુમતીઓ પર જુલમ કરવા લલચાશે અને તેને વાજબી ઠેરવશે?

હિન્દુત્વવાદી : (ચિંતિત) તે શક્ય છે. પરંતુ તેઓએ બધા લોકોના અધિકારોનું સન્માન ન કરવું જોઈએ?

સોક્રેટિસ : હા. સૈદ્ધાંતિક રીતે તેઓ તેમ કરવા બંધાયેલા છે. પરંતુ, અભિમાન અને પ્રતિશોધ એ માનવસ્વભાવનું લક્ષણ છે. ભારતના મુસલમાનો સાથેના તમારા પોતાના વ્યવહારોથી તમે તેમને તેમના દેશોમાં વસતા હિંદુઓ સાથે દુર્વ્યવહાર કરવાનું કારણ નથી આપતા? શું આ મૂર્ખતા નથી?

હિન્દુત્વવાદી : મુસ્લિમ બહુમતી વાળા દેશોમાં રહેતા હિન્દુઓને નુકસાન થશે તે વિશે મેં વિચાર્યું ન હતું...

સોક્રેટિસ : ચાલો, એક સરળ સિદ્ધાંત પર વિચાર કરીએ. કહેવાય છે કે તમે જેવું વાવો છો, તેવું લણો છો. જ્યારે તમે અસહિષ્ણુતાનાં બીજ વાવો છો, ત્યારે તમે શું લણવાની અપેક્ષા રાખી શકો છો?

હિન્દુત્વવાદી : બદલામાં અસહિષ્ણુતા.

સોક્રેટિસ : ચોક્કસ. જો ભારતમાં મુસ્લિમો સાથે દુર્વ્યવહાર થાય, તો શું અન્ય દેશોના લોકોને ત્યાંના હિંદુઓ સાથે દુર્વ્યવહાર કરવાની દુષ્પ્રેરણા ન મળે? તમે એવો દાખલો નથી બેસાડતા કે જેથી તેમને બદલો લેવાનું મન થાય? અને જો હિંદુઓ અન્ય દેશોમાં દુશ્મનાવટ અથવા સતામણીનો ભોગ બને તો તેની તેમના જીવન પર કેવી અસર પડે ?



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હિન્દુત્વવાદી : તેઓ ભેદભાવનો સામનો કરશે, ભયમાં જીવશે, અને કદાચ હિંસાનો પણ ભોગ બનશે.

સોક્રેટિસ : તો પછી ભારતમાં મુસ્લિમો સાથે અન્યાયી વર્તન કરીને શું તમે વિદેશોમાં વસતા હિંદુઓને આડકતરી રીતે નુકસાન નથી પહોંચાડતા?

હિન્દુત્વવાદી : (અનિચ્છાએ) હા, એવું થઈ શકે.

સોક્રેટિસ : શું ભારતની સરહદોની બહાર રહેતા ભારતીયોના કલ્યાણની સુરક્ષા કરવાની ભારતની ફરજ નથી?

હિન્દુત્વવાદી : હા, અલબત્ત.

સોક્રેટિસ : જો તમે વિદેશમાં વસતા હિંદુઓને ભેદભાવથી બચાવવા માગતા હો તો શું તમે તમારા દેશમાં વસતા મુસ્લિમો સાથે ભેદભાવને વાજબી ગણાવી શકશો?

હિન્દુત્વવાદી : (નિસાસો નાખતાં) ના, બિલકુલ નહીં.

સોક્રેટિસ : અને જો ભારત દાખલો બેસાડીને આગેવાની લે, તેના તમામ નાગરિકો સાથે ન્યાય અને આદર સાથે વર્તે, તો શું તે અન્ય લોકોને પણ આવું કરવા માટે પ્રેરણા ન આપે?

હિન્દુત્વવાદી : (વિચારીને) હા. અમે વિશ્વને બતાવી શકીએ કે સાચી શક્તિ ન્યાય અને નૈતિકતામાં છે.

સોક્રેટિસ : તો પછી, મારા મિત્ર, શું તમે સમજી શકો છો કે ભારતમાં ન્યાય, સર્વસમાવેશકતા અને ઔચિત્યને પ્રોત્સાહન આપવાથી માત્ર મુસ્લિમોને જ નહીં પરંતુ વિદેશમાં વસતા હિન્દુઓને પણ કેટલો ફાયદો થાય?

હિન્દુત્વવાદી : (વિશ્વાસ સાથે) હા, સોક્રેટિસ. તમે મારી આંખો ખોલી છે. ભેદભાવ સૌને માટે નુકસાનકારક છે. ન્યાયી વ્યવહાર જ આપણને બધાને મજબૂત બનાવે છે.

સોક્રેટિસ : યાદ રાખો, બધા માટે ન્યાયી વર્તન કરીને, તમે તમારા પોતાના લોકોનું રક્ષણ કરી શકો છો. અને એક એવી દુનિયાનું નિર્માણ કરી શકો છો જ્યાં સૌ ન્યાયને આદર આપતા હોય.

હિન્દુત્વવાદી : આભાર, સોક્રેટિસ. હું હવે સમજી શકું છું કે સાચી તાકાત એકતા અને ન્યાયમાં છે, વિભાજન અને નફરતમાં નહીં. મારે કબૂલ કરવું જોઈએ કે તમારો આદર્શવાદ મારા વ્યવહારવાદ કરતાં વધુ શાણો છે.

બંને ખુશીથી વિદાય લે છે. હિંદુત્વવાદી પહેલાં કરતાં વધુ હળવાશ અનુભવે છે.

૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨ **- પ્રવીણ જ. પટેલ**
મોબાઇલઃ ૯૮૭૯૭૬૩૦૮૩, ઈ મેલઃ pravin1943@gmail.com

## મગનભાઈ પટેલને શ્રદ્ધાંજલિ




**હાં**સોટ તાલુકાના બાડોદરા ગામના સંસ્કાર બાગમાં વિવિધ રંગનાં સુગંધિત પુષ્પો ખીલ્યાં છે. કેટલાંય પુષ્પો કાયમને માટે ફોરમ ફેલાવી ગયાં છે. ગામને સુગંધિત કરી ગયાં છે. આવી એક વ્યકિત કે જેણે બડોદરા ગામને બહુ જ ચાહ્યું છે. ગામને પ્રગતિના પંથે લઈ ગયા છે. એ વ્યકિત તે શ્રી મગનભાઈ હરિભાઈ પટેલ. તેમનો જન્મ તા.૨૬-૩-૧૯૪૩ ના રોજ હાંસોટ તાલુકાના બાડોદરા ગામે સામાન્ય ખેડૂત પરિવારમાં થયો હતો.

શ્રી મગનભાઈ પટેલે પોતાના વ્યવસાયની શરૂઆત બાડોદરા ગામે ખેતીથી કરી. ત્યાર બાદ શિક્ષક અને પછી બેન્કમાં નોકરી કરી પરંતુ તેની સાથેસાથે તેમણે સામાજિક, પર્યાવરણલક્ષી અને ખાસ તો ભરૂચ જિલ્લાના દરેક તાલુકામાં અને ગામડાની ગ્રામપંચાયત અને શાળાઓમાં ગ્રામગ્રંથાલયો સરકારશ્રીની યોજના દ્વારા ઊભી કરી અને પુસ્તકપ્રેમીનું બિરુદ પ્રાપ્ત કર્યું હતું. શાંતિગ્રામ નિર્માણ તણછા, ભરૂચ જિલ્લા પુસ્તકાલયમાં મંત્રી તરીકેની પણ વર્ષો સુધી સેવાઓ આપી. આ ઉપરાંત, ગાંધીમેળો હોય કે સ્વ.નાનુભાઈ મજમુદાર સ્મૃતિ દિન હોય, સર્વોદય મંડળ, ખેડૂત સમાજ, સમાજકલ્યાણ, સ્વ.મોરારજી દેસાઈ લોકકેળવણીનો કોઈ પણ કાર્યક્રમ હોય તો તેઓ અવશ્ય હાજર રહી પોતાનું પ્રાસંગિક માર્ગદર્શન અને સૂચન કરતા. તેઓના સ્વભાવ પ્રમાણે કોઈ પણ કાર્યક્રમમાં સ્થળ પર ક્યાંય પણ કચરો કે કાગળ દેખાય તો તરત જ પોતાની જાતે ઉપાડી લઈને યોગ્ય સ્થળે મૂકેલી કચરાપેટીમાં નાખી દેતા. તેમજ લોકસેવક રવિશંકર મહારાજ જેઓનું સૂત્ર હતું કે ઘસાઈને ઊજળા થઈએ, બીજાને ખપમાં આવીએ તેનું તેઓ પાલન કરતા હતા. તેમણે તેમના ગામ બાડોદરા ખાતે વિશ્વ મંગલ આશ્રમની સ્થાપના કરી નર્મદા પરિક્રમા વાસીઓને રહેવા જમવાની વ્યવસ્થા કરી છે. તેમજ તેમના કામને આગળ ધપાવવા પરિવારના સાથીઓ તેમજ કિરણભાઈ પટેલ, નીતિનભાઈ વસાવા વગેરે જેવા યુવા કાર્યકરો તૈયાર કર્યા જેઓ મગનદાદાની પ્રવૃતિઓને આગળ ચલાવી શકાય તે માટેનું આયોજન કરી રહ્યા છે. મગનભાઈ પટેલ બાડોદરામાં ત્રીસ વર્ષ જેવા લાંબા સમય સુધી રહ્યા. તેમના ચેહરા પર કદાપિ ઉદાસિનતા કે નિરાશા જોવા મળી નથી. તેઓ અપમાનને પણ સહર્ષ સ્વીકારી લેતા. જીવનના અંત સુધી તેઓ હંમેશાં બીજાની ભલાઈ જ ઇચ્છતા. તેઓ ઉદાર સ્વભાવવાળા હતા. રસ્તાના એક એક પથ્થરની પણ એમને ચિંતા રહેતી. કુદરતી આફતોમાં અને ખેતીનાં નબળાં અને દુષ્કાળનાં વર્ષોમાં ભરણપોષણના પ્રશ્નની પણ એમને ચિંતા રહેતી. મગનભાઈ પટેલે પોતાનું જીવન ધૂપસળી સમાન વિતાવ્યું તેમજ હંમેશાં લોકહિતમાં રચ્યાપચ્યા રહી ભગવાનને અર્પણ કર્યું છે. આવા સર્જ્ઞનને સર્વોદય પરિવાર તરફથી હાર્દિક શ્રદ્ધાંજલિ આપીએ છીએ...

તણછા. મો.: ૮૩૪૭૨૭૯૫૨૦ **- સાયરા-વલી**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઈતિહાસનું મૂલ્યાંકન વર્તમાનથી કરવું અયોગ્ય છે

વહેતા પાણીમાં બીજાની વહારે જનારને સમાજ શૌર્ય શિરપાવ આપે છે. પરંતુ એ જ વ્યક્તિ નદીના પ્રવાહમાં તણાઈ જાય તો તેને મૂરખ ગણવામાં આવે છે. 'એન્ડ ઇઝ વેલ એવરીથીંગ ઇઝ વેલ'ની આપણી મનોવૃત્તિ ઇતિહાસને પણ વર્તમાનના અનુકૂલનની ફુટપટ્ટીથી માપતી રહી છે. અને આ જ તો અયોગ્ય છે. આ વાત સ્વતંત્રતા અને મહાત્મા ગાંધીના યોગદાન સંબંધે પણ તપાસવા જેવી છે.

છેલ્લાં ૮-૧૨ વર્ષમાં ગાંધી વર્સિસ ગોડસે, વીર સાવરકર, હરીલાલ, રીટર્ન ફ્રોમ સાઉથ આફ્રિકા અને હવે ફ્રિડમ ઓફ મિડ નાઇટ પ્રકારની ફિલ્મો દ્વારા દર્શકો વચ્ચે એવું પ્રતિપાદિત કરવાનો ભરપૂર રાજકીય પ્રયત્ન થઈ રહ્યો છે કે ''પાકિસ્તાન ગાંધીની વિચારસરણી અને જીદનું ફરજંદ છે. મોહનદાસની ભૂલોના પરિણામે આજે હિંદુ-મુસલમાન, એવું વૈમનસ્ય વિકસ્યું છે.''

ભારતના ઇતિહાસની પૃષ્ઠભૂમિથી મહાત્મા ગાંધી વિષયે ઊભા થતાં નેરેટિવ્સ (વ્યર્થ ખ્યાલ)ને તપાસીએ તો વર્ષ ૧૫૨૬માં પાણીપતના યુદ્ધમાં ઇબ્રાહીમ લોધીને હરાવી આજના ઉઝબેકીસ્તાનના તૈમુર રાજવંશના રાજા બાબરે મરાઠા, રાજપૂતો અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે મુઘલ વંશની સ્થાપના કરી. એટલું જ નહીં પણ વિજ્ઞાન, સમાજરચના, અર્થવ્યવસ્થા, સંશોધન વિચારના પુરાવા સમાન ૩૦૦૦થી વધુ હસ્ત લિખિત ગ્રંથો ઝૂંટવી લેવામાં આવ્યા, બાળી નાખવામાં આવ્યા. સાંસ્કૃતિક વિરાસતનાં દસ્તાવેજ જેવાં નાનાં મોટાં ૧૪૦૦૦ સ્મૃતિ મંદિરો ખંડિત કરવામાં આવ્યાં, તોડી પાડવામાં આવ્યાં.

વેદ, ઉપનિષદ અને રામાયણ મહાભારતની પરંપરા સાથે જીવતા હિંદુ સમાજ ઉપર આ પ્રથમ પ્રહાર હતો. જેના ઘાવ મોગલવંશની ૪૦૦ વર્ષની ગુલામીએ રૂઝાવા દીધા ન હતા. તે પછી વર્ષ ૧૭૫૭ થી ૧૯૪૭ સુધી અંગ્રેજોએ પોતાના આર્થિક લાભ ખાતર દેશમાં ભાગલા પાડો અને રાજ્ય કરોની નીતિ અપનાવતાં દેશ દારૂણ ગરીબી, નિરક્ષરતા અને વર્ગભેદના વમળમાં રહ્યાનું ઇતિહાસ કબૂલે છે. અહીં એ હકીકત તો બિલકુલ સ્પષ્ટ છે કે ગાંધીજીના અસ્તિત્વ પહેલાં જ હિંદુ અને મુસલમાન તેવી સમાજ- વ્યવસ્થામાં દેશ વૈચારિક રીતે વિભાજિત થઈ ગયેલો. અંગ્રેજ પત્રકાર લુઇ ફિશર પોતાની નોંધમાં લખે છે-

''હિંદના ભાગલાની બાબતમાં મુસલમાન નેતાઓને જ વધારે રસ હતો. ગાંધીએ જીન્હાને કહ્યું, આપણે બંને હિંદુસ્તાન માટે સ્વરાજ માગ્યો ત્યારે જીન્હાએ સ્પષ્ટ કહ્યું, અમે મોગલના વંશજ છીએ. અમારા માટે પાકિસ્તાન એ જ સ્વતંત્રતા છે.'' લુઇ ફિશરના પ્રશ્નના જવાબમાં ગાંધીજી કહે છે, ''ક્રિપ્સ યોજનાએ હિંદુ મુસલમાન વચ્ચે અળગાપણું વધાર્યું છે. પ્રત્યક્ષ વ્યવહારમાં પણ અંગ્રેજ હકુમતે બે કોમને વહેંચી નાખી છે. પરંતુ દરેક મુસલમાન જો પોતાના કુટુંબનો ઇતિહાસ તપાસતાં ભૂતકાળમાં પૂરો ઊંડો ઊતરશે તો તેને કોઈ હિંદુ પૂર્વજનું નામ મળ્યા વિના રહેશે નહીં. દરેક મુસલમાન ઇસ્લામમાં ગયેલો હિંદુ જ છે. આથી કોઈ જુદી પ્રજા કે જુદું રાષ્ટ્ર પેદા ન થઈ શકે. હિંદુસ્તાન એ સહિયારી સંસ્કૃતિ છે.'' ચંપારણ સત્યાગ્રહ સમયે પણ ગાંધીજીએ કહ્યું, ''મારે મન દેશના સીમાડાઓ અર્થહીન છે. મારા હિંદમાં ગરીબ માણસનું આર્થિક સ્વાવલંબન સ્વરાજ્ય છે.''

આવા સ્પષ્ટ અભિપ્રાય છતાં પણ દેશના સીમાડાઓ તૂટ્યા અને વિઘટન થયું ત્યારે બંને કોમની અસંખ્ય સ્ત્રીઓ-બાળકો અને યુવકો કપાયાં. કૉંગ્રેસ અને ગાંધી લગભગ લાચાર સ્થિતિમાં રહ્યા અને બ્રિટિશ પાર્લામેન્ટે માઉન્ટ બેટનના સહારે કરોડો નાગરિકોને રઝળાવ્યા.

ઇતિહાસ નોંધે છે કે બીજું વિશ્વયુદ્ધ અને છેક આંદામાન સુધી પહોંચી ગયેલ જાપાનનું લશ્કરી શાસન, સુભાષબાબુનું સ્થળાંતર અને જર્મનીથી ઊભી થયેલ નવી ગુલામ શાસન વ્યવસ્થા, ૨૬૮ રજવાડાઓની સ્વાયત્ત સત્તાની કપટનીતિ, મોગલ સામ્રાજ્ય તરફ વળવાની મુસ્લિમ લીગની રાજનીતિ, અત્યંત ગરીબ, રોગિષ્ઠ, અશિક્ષિત ભારતની પૃષ્ઠ ભૂમિ, બ્રિટન સરકારની અમાનવીય શોષણ નીતિ, બહુ મોટા ખેડૂત વર્ગમાં પ્રચલિત થઈ રહેલ અને અંગ્રેજો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવતી અફીણની ખેતી, કૉંગ્રેસના સદસ્યોની સત્તાલાલસા વગેરે પ્રશ્નો આપણી સામે હતા.

કેન્સરની બીમારી વચ્ચે ઉગ્ર બનતી અલગ પાકિસ્તાનની માગણી બે વખત નિષ્ફળ ગયેલ. ગોળમેજી પરિષદ જેવાં રાજકીય, આર્થિક સામાજિક સીમાવર્તી ભયસ્થાનોના વમળમાંથી બહાર નીકળી દેશને અરાજકતા છતાં પણ નોધારો છોડવા માટે બ્રિટિશ પાર્લામેન્ટ પણ ઠરાવ કરી ચૂકી હતી ત્યારે બ્રિટનના અખબાર મોર્નિંગ પોસ્ટે તંત્રીલેખમાં નોંધ્યું છે કે ''ભારતની સ્વતંત્રતાનું શ્વેત પત્ર ખરેખર તો ભાગીદારીનું કરારનામું નથી પણ ભાગી છૂટવાની સમજૂતી છે.''

વર્ધા આશ્રમમાં જૂન ૧૯૪૨માં ગાંધીજી સાથે એક સપ્તાહ રહેનાર લુઇ ફીશર દિલ્હીના વાઇસરોય લોર્ડ લીનલીથગોને ટાંકી નોંધે છે કે ગાંધી એ હિંદુસ્તાનની મોટામાં મોટી હસ્તી છે આમ છતાં તેમની પાસે અખંડભારતને છોડવા સિવાય કોઈ ઉપાય નથી રહેવાનો.

મો.: ૯૮૯૮૪૬૩૪૮૯ **- ડૉ. નાનકભાઈ ભટ્ટ**

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara on 16-03-2025 R.N.I. No. 1683/57

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- અંકની છૂટક કીમત દસ રૂપિયા. આ અંકનાં પાનાં ૨૪

# ઋણબદ્ધ

પપ્પાને ગુજરી ગયાને એક વર્ષ થવા આવ્યું હતું. એમના શ્રાદ્ધની બધી તૈયારી થઈ ગઈ હતી. સુનિલની પત્ની દિશાએ પૂરી શ્રદ્ધાથી પંડિતજીએ આપેલી દરેક સૂચનાનો અમલ કર્યો હતો. સુનિલને જોકે, આ બધાં વિધિ-વિધાનમાં જરાય રસ નહોતો પણ મા અને પત્નીની લાગણીને ખાતર કમને એમાં જોડાયો હતો. એક વખત તો એનાથી માને પુછાઈ ગયું હતું,

''મા, આપણા ઘરમાં નીલુનું શ્રાદ્ધ કેમ ક્યારેય નથી કર્યું?''

આ સવાલનો જવાબ આપવો એ મા માટે મોટી મૂંઝવણ હતી. જેમતેમ કરતાં ગોઠવીને એ બોલી, ''તારા પપ્પાને... એટલે કે, નીલુને ગયાને તો કેટલાં બધાં વર્ષો થઈ ગયાં. હવે...''

નાનો હતો ત્યારે સુનિલને ઘણું બધું નહોતું સમજાયું પણ હવે તો બધું સ્પષ્ટ હતું કે, પપ્પા માટે નીલુ વણજોઈતી હતી. આશ્રમમાંથી એના ગુજરી ગયાના સમાચાર આવ્યા ત્યારે મા ચોધાર આંસુએ રડેલી પણ પપ્પા બહુ ખુશ હતા. દીકરીના અવસાનનો શોક વ્યક્ત કરવા આવેલા એમના એક મિત્ર પાસે એ બોલી પડેલા, ''એક જ્યોતિષીએ મને કહેલું કે, આ વખતના હોલિકા દહનમાં તમારી બધી મુશ્કેલીઓ ભસ્મ થઈ જશે ને ખરેખર એવું જ થયું.'' પછી મા અને સુનિલ પર નજર પડતાં વાત ફેરવતાં બોલેલા, ''જો ને, મારા ઉઘરાણીના પૈસા આવી ગયા.''

સાવ નાનો હતો તોય સુનિલ સમજી શકતો હતો કે, પપ્પાને માનસિક વિકલાંગ દીકરી દીઠી ગમતી નહોતી. એમની ઑફિસમાંથી થોડા સાથીદારો મળવા આવેલા ને નીલુ પગ પછાડીને રડવા લાગી ને એના મોંમાંથી લાળ પડવા લાગી ત્યારે એમણે જોરથી ઘાંટો પાડીને માને કહેલું, ''આને બહાર કેમ રાખી છે? અંદર લઈ જા.''

માને ભલે એમનું દીકરી સાથેનું વર્તન ગમતું નહીં પણ એણે કદી પોતાની નારાજગી ન બતાવી. એનું તો જાણે આખું જીવન પપ્પાની મહેરબાની પર જ અવલંબિત હોય એમ એ બધી વાતમાં હા જી હા કર્યા કરતી. પપ્પા ભલે માનતા કે, નીલુને કશું ભાન નથી એટલે એનામાં કોઈ પ્રકારની લાગણી નથી પણ એને ગમતું થાય ત્યારે એ જે રીતે હાથ-પગ હલાવવા લાગતી કે, દુ:ખી થાય ત્યારે ઉં ઉં કરીને ગળામાંથી રડવા જેવો અવાજ કાઢતી એના પરથી સુનિલને પાક્કી ખાતરી હતી કે, એ બધું જ અનુભવી શકે છે.

નાનપણનો એક પ્રસંગ તો સુનિલ જિંદગીભર નહીં ભૂલી શકે. રક્ષાબંધનને દિવસે ફોઈ આવેલાં. એમણે પર્સમાંથી કેડબરી કાઢીને સુનિલના હાથમાં મૂકી. પપ્પાને જ નીલુ માટે લાગણી નહોતી તેથી આવનારાંઓ માટે પણ જાણે નીલુનું અસ્તિત્વ જ નહોતું. કેડબરી ખરીદતી વખતે ફોઈને નીલુ યાદ નહીં આવી હોય? સુનિલનું મન ખાટું થઈ ગયેલું. એટલામાં તો નીલુએ રિસાઈને રડવા માંડેલું. ફોઈ ભોંઠાં પડીને નીલુને મનાવવા લાગેલાં. ''સોરી, હું તને ભૂલી ગઈ, પણ ભાઈ કરતાંય મોટ્ટી કેડબરી તારે માટે લઈ આવીશ હોં!''

સુનિલની કેડબરીમાંથી કટકો કરીને ફોઈ એને ખવડાવવા ગયાં તો નીલુએ મોં ફેરવી લીધેલું. ગમે તેટલું સમજાવવા છતાં એણે તે દિવસે ચોકલેટ ન ખાધી તે ન જ ખાધી. તો પછી બધાંએ શી રીતે માની લીધું કે, એ કંઈ સમજતી નથી?

એક દિવસ અચાનક પપ્પાના દોસ્ત ડેવિડ અંકલે આવીને પૂછેલું, ''થઈ ગઈ બધી તૈયારી?'' માએ ફક્ત ડોકું હલાવીને રડતી આંખે હા પાડેલી. ગાડીમાં નીલુની બેગ મૂકીને મમ્મી, પપ્પા અને અંકલ નીલુને લઈને કશે ચાલ્યાં ગયેલાં. પાછાં આવ્યાં ત્યારે સાથે નીલુ નહોતી.

''નીલુ ક્યાં ગઈ?'' એવા સુનિલના સવાલના જવાબમાં મા દિવસો સુધી માત્ર રડતી જ રહી. પપ્પા ગુસ્સે થઈને કહેતા, ''એમ વેવલાં નહીં થવાનું. બી પ્રેક્ટીકલ. ત્યાં એના જેવાં છોકરાંઓ સાથે એને મજા પડશે.''

સુનિલ વિચારતો કે, આમ તો તમે કહો છો કે, એનામાં કંઈ સમજ નથી તો પછી મજા કેવી રીતે પડશે? ધીમે સાદે થતી મમ્મી-પપ્પાની વાતો પરથી સુનિલને સમજાયું હતું કે, નીલુને અનાથ બાળકી પુરવાર કરવામાં ડેવિડ અંકલે મદદ કરેલી અને ખોટું બોલીને એને મધર ટેરેસાના અનાથ આશ્રમમાં મૂકી આવેલાં - ફરી કદી એને ન મળવાની શરતે.

પછી તો સુનિલના દિશા સાથે લગ્ન થયાં. દિશા મમ્મી-પપ્પાની દીકરીની જેમ કાળજી રાખતી, પણ સુનિલને કદી એવો ઉમળકો જાગ્યો નહીં. પપ્પાને પાર્કીસંસ થયો ત્યારે દિશા કહેતી, થોડી વાર તો એમની પાસે બેસો! એમને સારું લાગશે, પણ સુનિલનું મન હંમેશાં બળવો પોકારતું- 'એમણે કોઈ દિવસ મારી અબોલ બેનને સારું લગાડ્યું? છતે મા-બાપે બિચારીએ અનાથ હોવાના સિક્કા સાથે જગતમાંથી વિદાય લીધી.' જોકે, દિશાને એણે કદી પણ આ બધી ખબર નહોતી પડવા દીધી.

એ જાણતો હતો કે, માનું હૃદય તો હંમેશાં નીલુ માટે ઝૂરતું રહેલું, છતાં મૂંગા પશુ જેવી દીકરીની મમતા કરતાં એણે પતિના ગમા-અણગમાને મહત્ત્વ આપ્યું એ માટે એ માને પણ માફ નહોતો કરી શકતો. તોય ભલે અનિચ્છાએ પણ આજે એ પિતૃતર્પણ કરી રહ્યો હતો. પૂજા વિધિ સમાપ્ત થઈ ગઈ હતી. પંડિતજી અંતમાં સંતાનની માતા-પિતા પ્રત્યેની ફરજ સમજાવી રહ્યા હતા. એમણે કહ્યું, ''મા-બાપ દેવતા સમાન ગણાય છે. એમના આપણી ઉપર એટલા ઉપકારો હોય છે જેમાંથી કેટલાય જન્મો સુધી આપણે ઋણમુક્ત થઈ નથી શકતા. હવે હું તમને સમજાવું કે, આપણાં જન્મદાતા પ્રત્યે આપણી શું શું ફરજ છે?''

આટલું કહીને એમણે સંતાનોની ફરજની યાદી રજૂ કરવા માંડી. સુનિલ નિર્વિકારપણે આંખો મીંચીને સાંભળતો હતો. એને થયું, શું કોઈ ધર્મગ્રંથમાં માતા-પિતાની ફરજો નહીં લખવામાં આવી હોય? શું દોષ હતો મારી બેનનો જેને બધાંએ મળીને હડસેલી દીધી? અચાનક એની બંધ આંખો સામે નીલુ આવીને ઊભી રહી ગઈ. એનો પોતાની જાત સાથે સંવાદ ચાલુ થયો.

''મને માફ કરજે મારી બેન, હું પણ ક્યાં તારે માટે કશું કરી શક્યો? ભગવાન તારા આત્માને શાંતિ બક્ષે.'' એની આંખોમાંથી ટપ ટપ આંસું વહેવા લાગ્યાં અને દિશા એની પીઠ પસવારી રહી.

(સુમતિ સક્સેના લાલની હિંદી વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦

Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org